૨૦૩ વર્ષ

દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 288 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માર્ગશીર્ષ સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 December 2024, Wednesday ■ REGD.No. MCS/058/2018-20

બુધવાર, ૪ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# આજે સસ્પેન્સનો અંત

## સાંજ સુધીમાં મુખ્ય પ્રધાનનું નામ જાહેર થઈ શકે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સરકારની સ્થાપનાની તૈયારીઓ ચાલી રહી છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજર રહેવાના હોવાથી આઝાદ મેદાનમાં શપથગ્રહણ સમારોહની તૈયારીઓ જોરશોરથી થઈ રહી છે. આ બધાની વચ્ચે હજી સુધી રાજ્યના આગામી મુખ્ય પ્રધાનના નામને લઈને સસ્પેન્સ અકબંધ છે. દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બનશે એવું માનવામાં આવી રહ્યું છે, પરંતુ આ સસ્પેન્સનો બુધવારે અંત આવશે. બુધવારે સાંજ સુધીમાં મુખ્ય પ્રધાનનું નામ જાહેર કરવામાં આવે એવી શક્યતા જોવાઈ રહી છે.

મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાન ભાજપના જ હશે એમાં હવે કોઈ શંકા નથી. ભાજપના વિધિમંડળ પક્ષના નેતા હજી સુધી નક્કી કરવામાં આવ્યા નથી. આ બધી બાબતોને કારણે વિપક્ષની થઈ રહેલી ટીકાથી કંટાળેલા ભાજપે મંગળવારે બે કેન્દ્રીય નિરીક્ષકોને મુંબઈ મોકલ્યા હતા. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી અને કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ મંગળવારે મુંબઈ આવી પહોંચ્યા હતા. આ બંને કેન્દ્રીય નિરીક્ષકોની હાજરીમાં બુધવારે ભાજપના વિધિમંડળ પક્ષની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાજપના બધા જ વિધાનસભ્યો હાજર રહેશે અને તેઓ પોતાના નેતાને ચૂંટી કાઢશે. આ સંપૂર્ણ પ્રક્રિયા પર કેન્દ્રીય નિરીક્ષકો નજર રાખશે અને ભાજપ વિધિમંડળ પક્ષની પસંદગી અંગે તેઓ કેન્દ્રીય નેતૃત્વને જાણકારી આપશે. આને પગલે કેન્દ્રીય નેતૃત્વ મહારાષ્ટ્રના આગામી મુખ્ય પ્રધાનની જાહેરાત કરશે. આ બધું સાંજ પહેલાં પૂરી થવાની અપેક્ષા છે અને તેથી જ સાંજ સુધીમાં આગામી મુખ્ય પ્રધાનનું નામ જાહેર થતાં ૧૦ દિવસથી ચાલી રહેલી રાજ્યના લોકોની ઈંતેજારીનો અંત આવશે. ■

## વિશ્વનું સૌથી મોટું એન્ટિ ડ્રગ્સ ઓપરેશન સફળ

### ૬૦ દેશોની ટુકડીએ ૧૪૦૦ ટન કેફી દ્રવ્ય સાથેની છ કોલંબિયન સબમરીન પકડી

કોલંબિયાઃ કોલંબિયાના વડપણ હેઠળની આંતરરાષ્ટ્રીય સત્તાધિકારીઓની ટુકડીએ કોલંબિયાથી ૧૪૦૦ ટન કોકેઈન તેમ જ અન્ય ડ્રગ્સ લઈને ઑસ્ટ્રેલિયા જઈ રહેલી છ કોલંબિયન સબમરીન પકડી હતી. અમેરિકા, બ્રાઝિલ, સ્પેન, નેધરલેન્ડ સહિત ૬૦ દેશની ટુકડીએ સાથે મળીને આ કામ કર્યું હતું. આ પકડાયેલા ડ્રગ્સની કિંમત લગભગ ૮૫ અબજ ડૉલર (સાત લાખ કરોડ રૂપિયા) હોવાનું કહેવાય છે.

એક અહેવાલ મુજબ પકડી પાડવામાં આવેલી સબમરીનમાંથી ૨૫૦ ટન કોકેઈન, ૧૨૮ ટન મારિજુઆના (જુઓ પાનું ૨) ▶▶

## નવી દિલ્હીમાં બાંગ્લાદેશના હાઈ કમિશનની સુરક્ષામાં વધારો

નવી દિલ્હીઃ અગરતલામાં બાંગ્લાદેશના કોન્સ્યુલેટ પર વિરોધીઓએ હુમલો કર્યાના એક દિવસ પછી દિલ્હી પોલીસે મંગળવારે દિલ્હીના ચાણક્યપુરીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની આસપાસ સુરક્ષા વધારી દીધી છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ‘‘સુરક્ષા વધારી દેવામાં આવી છે અને હાઈ કમિશનની આસપાસ વધારાના પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.’’ અમે એ પણ સુનિશ્ચિ કરી રહ્યા છીએ કે તેના પરિસરની આસપાસ કોઈ ભીડ એકઠી ન થાય. ■

## ચેન્નઈમાં ભેખડો ધસી પડવાથી પાંચ બાળક સહિત સાતનાં મોત

### અસરગ્રસ્ત પરિવારોને પાંચ લાખ રૂપિયાની સહાયની મુખ્ય પ્રધાન સ્ટાલિનની જાહેરાત

ચેન્નઈઃ ફેન્ગલ વાવાઝોડાને પગલે થયેલા ભારે વરસાદને કારણે થિરુવન્નામાલાઈ જિલ્લાના અન્નામાલાઈયાર હિલ વિસ્તારમાં ભેખડો ધસી પડવાની બનેલી ઘટનામાં પાંચ બાળક સહિત સાત જણનાં થયેલાં મૃત્યુ અંગે તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિને મંગળવારે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી અને મૃતકના પરિવારજનોને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

પહેલી ડિસેમ્બરે થયેલા ભારે વરસાદને પગલે ડુંગરની ટોચ પરથી ભેખડો ધસીને નિવાસી વિસ્તારની ઈમારત પર પડતાં ચાર વ્યક્તિના પરિવાર સહિત પડોશના ત્રણ બાળકો ઘરમાં ફસાઈ ગયા હતા અને કાદવ તેમ જ મોટા પથ્થરો હેઠળ દબાઈ ગયા હતા.

એનડીઆરએફ, પોલીસ અને અગ્નિશમન દળની ટીમે હાથ ધરેલી બચાવ કામગીરીને પગલે કાટમાળ હેઠળથી બીજી ડિસેમ્બરે તેમનાં મૃતદેહ શોધી કાઢવામાં આવ્યા હતા. ફેન્ગલ વાવાઝોડાંને પગલે થયેલાં ભારે (જુઓ પાનું ૨) ▶▶

## ગ્રાહકોની સુવિધા વધારવા માટે બૅંકિંગ કાયદા (સુધારા) બિલઃ નાણાપ્રધાન

નવી દિલ્હીઃ બૅંકિંગ કાયદા (સુધારા) બિલ, ૨૦૨૪ દ્વારા સૂચિત ફેરફારો, આ ક્ષેત્રમાં ગવર્નન્સને મજબૂત બનાવશે અને ગ્રાહકોની સુવિધામાં વધારો કરશે, એમ નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે ખરડો રજૂ કરતાં જણાવ્યું હતું. આ ખરડામાં બેંક ખાતાધારકને તેના ખાતામાં ચાર જેટલા નોમિની રાખવાની મંજૂરી આપવાનો પ્રસ્તાવ છે. લોકસભામાં ખરડો વિચારણા અને પસાર કરવા માટે રજૂ કરતાં એમણે કહ્યું કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪, બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૫૫, બૅંકિંગ કંપનીઓ (અંડરટેકિંગ્સનું એક્વિઝિશન એન્ડ ટ્રાન્સફર) અધિનિયમ, ૧૯૭૦, અને બૅંકિંગ કંપનીઓ (અંડરટેકિંગ્સનું એક્વિઝિશન એન્ડ ટ્રાન્સફર) એક્ટ, ૧૯૮૦માં ફેરફારો લાવવા માટે કુલ ૧૯ સુધારા પ્રસ્તાવિત છે.

આ બિલ દાવો ન કરેલા ડિવિડન્ડ, શેર અને વ્યાજ અથવા બોન્ડના રિડેમ્પશનને ઇન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડમાં ટ્રાન્સફર કરવાનો પણ પ્રયાસ કરશે, જે વ્યક્તિઓને ફંડમાંથી ટ્રાન્સફર અથવા રિફંડનો દાવો કરવાની મંજૂરી આપે છે, આમ રોકાણકારોનાં હિતોનું રક્ષણ થશે.

## યુપીની છ પાર્ટીના સાંસદો આજે સંભલની મુલાકાત લેશે

લખનઊઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ઉત્તર પ્રદેશના અન્ય પાંચ પક્ષના સાંસદો બુધવારે સંભલની મુલાકાત લેશે, એમ ઉત્તર પ્રદેશ કૉંગ્રેસના વડા અજય રાયે જણાવ્યું હતું.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ (ઉપદ્રવના તાકીદના કેસોમાં આદેશ જારી કરવાની સત્તા) હેઠળનાં નિયંત્રણો રવિવારે સમાપ્ત થવાના હતા અને હવે તેને ૩૧ ડિસેમ્બર સુધી (જુઓ પાનું ૨) ▶▶

## સેબીએ ટ્રાફિકસોલનો આઈપીઓ રદ કર્યો

### કંપનીને રોકાણકારોના પૈસા પરત કરવા આદેશ

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ સોમવારે ટ્રાફિકસોલ આઇટીએસ ટેક્નોલોજિસનો એસએમઇ આઇપીઓ રદ કરવાની જાહેરાત કરી છે. માર્કેટ રેગ્યુલેટર દ્વારા અગાઉ જ આ આઇપીઓની તપાસ પેન્ડિંગ હોવાથી તેને સ્થગિત કરી દેવામાં આવ્યો હતો.

સેબીએ કંપનીને રોકાણકારોને નાણાં પરત કરવા જણાવ્યું હતું. આ રીતે બજાર નિયામકે આ ત્રીજા એસએમઇ જાહેર ભરણાની બાબતે દરમિયાનગીરી કરીને એક્શન લીધી છે. તાજેતરમાં જ સેબીએ સીટુસી એડવાન્સ સિસ્ટમ્સનું લિસ્ટિંગ અટકાવ્યું હતું, જે આ વર્ષનો સૌથી મોટો એસએમઇ આઇપીઓ હતો અને કંપનીને રોકાણકારોના નાણાં પરત કરવાનો આદેશ આપ્યો હતો. સેબીના ૧૬ પાનાના આદેશમાં જણાવાયું છે કે, જે રોકાણકારોને પ્રારંભિક જાહેર (જુઓ પાનું ૨) ▶▶

## મલેશિયા, દક્ષિણ થાઈલેન્ડમાં પૂરે મચાવી તબાહી, ૩૦થી વધુ લોકોનાં મોત, હજારો લોકો વિસ્થાપિત

કોટા ભારુ (મલેશિયા) : મલેશિયા અને દક્ષિણ થાઇલેન્ડમાં ચોમાસામાં વરસાદને કારણે આવેલા ભારે પૂરમાં ૩૦થી વધુ લોકો માર્યા ગયાં અને હજારો લોકો વિસ્થાપિત થયા હતા. અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે, બંને દેશો ભારે વરસાદના કારણે આશ્રયસ્થાનો બનાવવાની અને લોકોના સ્થળાંતરની યોજનાઓ તૈયાર કરી રહ્યા છે.

મલેશિયાના વડા પ્રધાન અનવર ઇબ્રાહિમે જણાવ્યું હતું કે ગયા અઠવાડિયે દેશના પૂર્વ કિનારે પાંચ દિવસમાં વરસેલો ભારે વરસાદ છેલ્લા છ મહિનાના વરસાદ જેટલો છે. જેણે ઉત્તરપૂર્વીય રાજ્ય કેલંટન અને પડોશી ટેરેંગાનું વિનાશ વેર્યો હતો.

ભારે વરસાદના કારણે કેલંટન અને મલેશિયાના અન્ય ભાગોમાં રસ્તાઓ અને મકાનોને નુકસાન થયું છે. બચાવ કાર્યકરોએ તેમનાં ઘરોમાં ફસાયેલા પીડિતોને ફૂડ્સ પેકેટનું વિતરણ કરવા માટે બોટનો ઉપયોગ કર્યો હતો. અનવરે જણાવ્યું હતું કે પૂરથી નુકસાન પામેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના રિનોવેશન માટે સરકારને અંદાજિત ૧ બિલિયન રિંગિટ (૨૨૪ મિલિયન અમેરિકન ડૉલર)નો ખર્ચ થશે.

સપ્તાહના અંતે વરસાદ ઓછો થઇ ગયો હતો, પરંતુ હવામાન વિભાગે મંગળવાર પછી ભારે વરસાદની આગાહી કરી હતી. નેશનલ ડિઝાસ્ટર કમાન્ડ સેન્ટર અનુસાર, આઠ રાજ્યોમાં લગભગ ૯૧,૦૦૦ લોકો પૂરને કારણે તેમના ઘરમાંથી વિસ્થાપિત થયા હતા. તેઓને શાળાઓ, સમુદાય હોલ અને રાહત કેન્દ્રોમાં રાખવામાં આવ્યા છે.



**પૂરઃ** મલેશિયાના કોટા બાહરુની ભાગોળે આવેલા પડોશી ટમ્પેટાં પૂરના પાણીમાંથી પસાર થવા લોકોએ બૉટનો ઉપયોગ કર્યો હતો. (એજન્સી)

મલેશિયામાં ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયાં હતાં જ્યારે દક્ષિણ થાઈલેન્ડમાં મૃત્યુઆંક વધુ હતો. થાઈલેન્ડના ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મિટિગેશન વિભાગે મંગળવારે જણાવ્યું હતું કે ગત સપ્તાહમાં દેશના દક્ષિણ ભાગમાં આવેલા પૂરમાં ૨૫ લોકોનાં મોત થયાં છે. ૩૦૦૦૦૦થી વધુ ઘરો પ્રભાવિત થયા છે, જેમાં ઘણી શાળાઓ અને ૯૮ આરોગ્ય સુવિધાઓ બંધ કરવાની ફરજ પડી છે. આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે સોમવારે ૩૪,૩૫૪ સ્થળાંતર કરનારા ૪૯૧ સરકારી આશ્રયસ્થાનોમાં આશ્રય લઇ રહ્યા છે. ઘણા પ્રાંતોમાં પાણીના સ્તરમાં ઘટાડો થયો હોવા છતાં વિભાગે ગુરુવાર સુધીમાં વધુ ભારે વરસાદની ચેતવણી પણ આપી હતી. ■

## સીબીઆઇના પૂર્વ ડિરેક્ટર વિજય શંકરનું નિધન, એઈમ્સને સોંપવામાં આવ્યો પાર્થિવ દેહ

નવી દિલ્હીઃ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઇ)ના ભૂતપૂર્વ ડિરેક્ટર વિજય શંકરનું મંગળવારે નિધન થયું હતું.

ભારતીય પોલીસ સેવા (આઇપીએસ)ના નિવૃત્ત અધિકારી શંકર (૭૬) લાંબા સમયથી બીમાર હતા. શંકરના પરિવારજનોએ જણાવ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક સમયથી નોઈડાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ હતા. તેમણે જણાવ્યું કે તેમની અંતિમ ઈચ્છા મુજબ તેમના પાર્થિવ દેહને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એઇમ્સને)ને દાન કરવામાં આવશે.

ઉત્તર પ્રદેશ કેડરના ૧૯૬૯ બેચના આઇપીએસ અધિકારી શંકરે ૧૨ ડિસેમ્બર ૨૦૦૫ થી ૩૧ જુલાઈ ૨૦૦૮ સુધી સીબીઆઈના ડિરેક્ટર તરીકે સેવા આપી હતી. સીબીઆઇ ડિરેક્ટર તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન એજન્સીએ ચર્ચિત આરુષિ-હેમરાજ ડબલ મર્ડર કેસની તપાસ કરી હતી. જ્યારે તેઓ સીબીઆઈના એડિશનલ ડાયરેક્ટર હતા ત્યારે તેમની દેખરેખ હેઠળ ગેંગસ્ટર અબુ સાલેમ અને અભિનેત્રી મોનિકા બેદીનું પોર્ટુગલથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. તેમની દેખરેખમાં તેલગી કૌભાંડ (સ્ટેમ્પ પેપર કૌભાંડ)ની તપાસ કરાઇ હતી.

સીબીઆઈના ડાયરેક્ટર તરીકે નિયુક્ત થયા પહેલા શંકર નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ અને સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના વડા પણ હતા. તેમણે બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ)માં ઈન્સ્પેક્ટર જનરલ તરીકે પણ સેવા આપી હતી. ૧૯૯૦ના દાયકામાં જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિઓ ચરમસીમા પર હતી, ત્યારે શંકરને ત્યાં પોસ્ટ કરવામાં આવ્યા હતા. શ્રેષ્ઠ સેવા બદલ પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ મેડલ મેળવનાર શંકરે વિદેશ મંત્રાલય હેઠળ ઉત્તર પ્રદેશ પોલીસ અને મોસ્કોમાં પણ સેવા આપી હતી.

સીબીઆઈના ભૂતપૂર્વ ડિરેક્ટર અનિલ સિન્હાએ શંકરના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘તે દુઃખદ અને દુર્ભાગ્યપૂર્ણ છે. અમે એક અનુભવી હસ્તીને ગુમાવી દીધી છે. તે એક પ્રામાણિક અને હિંમતવાન અધિકારી હતા જેમને અમે તેમના તેજ દિમાગ અને સિદ્ધાંતવાદી વર્તન માટે જાણતા હતા. અમે તેમના દુઃખદ અવસાન પર ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ.’’ ■

## દિવ્યાંગોનું સશક્તિકરણ એ સમાજ અને સરકારની સામૂહિક જવાબદારી : રાષ્ટ્રપતિ મુર્મૂ

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મંગળવારે દિવ્યંગો માટે સહાનુભૂતિ, સર્વસમાવેશકતા અને સમાન તકોની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે તેમનું સશક્તિકરણ એ સમાજ અને સરકારની સામૂહિક જવાબદારી છે.





દિવ્યાંગજનના કલ્યાણ માટે કામ કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓ માટેના રાષ્ટ્રીય પુરસ્કાર સમારોહમાં બોલતા, મુર્મુએ દિવ્યાંગજન પ્રત્યે સામાજિક વલણમાં પરિવર્તન લાવવાની હાકલ કરી હતી.

મૂર્મુએ કહ્યું કે તેમને સહાનુભૂતિની જરૂર છે, દયાની નહીં. તેઓ કુદરતી સ્નેહને પાત્ર છે.

મુર્મૂએ લોકોને એવા સમાજને પ્રોત્સાહન આપવા વિનંતી કરી હતી કે જે દિવ્યાંગજનો સાથે ગૌરવ અને સમાનતાથી વર્તે.

રાષ્ટ્રપતિએ હાઇલાઇટ કર્યું હતું કે અલગ રીતે સક્ષમ બનવું એ કોઈ મર્યાદા નથી પરંતુ એક ‘‘વિશેષ સ્થિતિ‘‘ છે જે અનુરૂપ સમર્થનની માંગ કરે છે.

‘‘તેમની જરૂરિયાતો માટે વિશેષ તાલીમ, કાઉન્સેલિંગ અને સુવિધાઓ પૂરી પાડવામાં આવવી જોઈએ. જ્યારે સરકાર તેમના કલ્યાણને પ્રાથમિકતા આપી રહી છે, ત્યારે સમાજે પણ તેમના સમાવેશને પ્રાથમિકતા આપવા માટે આગળ વધવું જોઈએ‘‘ .

રાષ્ટ્રપતિએ વિવિધ ક્ષેત્રોમાં, ખાસ કરીને રમતગમતમાં દિવ્યાંગજનોની નોંધપાત્ર સિદ્ધિઓ તરફ ધ્યાન દોરતા જણાવ્યું હતું કે ‘‘૨૦૧૨ પેરાલિમ્પિક્સમાં, ભારતે માત્ર એક મેડલ મેળવ્યો હતો. જો કે, ૨૦૨૪માં, દિવ્યાંગજન માટે જાગૃતિ અને સમર્થનને પરિણામે આપણાં રમતવીરોએ ૨૯ મેડલ જીત્યા છે. આ પ્રગતિ તેમની સશક્તિકરણ પ્રત્યે અમારી વધતી જતી સંવેદનશીલતા અને પ્રતિબદ્ધતાને દર્શાવે છે‘‘. ■

## રાહુલ ગાંધીની તમિલનાડુના કૉંગ્રેસના કાર્યકરોને અપીલ, ચક્રવાત ફેંગલથી પ્રભાવિત વિસ્તારોમાં તંત્રની કરો મદદ

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે તમિલનાડુમાં ચક્રવાત ફેન્ગલને કારણે થયેલા નુકસાનને ‘‘વિનાશકારી’’ ગણાવ્યું હતું અને રાજ્યના કૉંગ્રેસના કાર્યકરોને જ્યાં પણ શક્ય હોય ત્યાં રાહત પ્રયાસોમાં વહીવટીતંત્રને મદદ કરવા વિનંતી કરી હતી. ચક્રવાત ફેંગલે તમિલનાડુના ૧૪ જિલ્લાઓમાં વિનાશ સર્જ્યો હતો. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘એક્સ’ પર લખ્યું હતું કે તમિલનાડુમાં ચક્રવાત ફેંગલના વિનાશકારી સમાચાર. દરમિયાન પોતાના સ્વજનોને ગુમાવનારા લોકો પ્રત્યે મારી દિલથી સંવેદના છે. મારી સંવેદના એ લોકો સાથે પણ છે જેમના ઘર અને સંપત્તિને નુકસાન થયું છે. કૉંગ્રેસના પૂર્વ પ્રમુખે કહ્યું હતું કે હું રાજ્યના તમામ કૉંગ્રેસના કાર્યકરોને આગ્રહ કરું છું કે તેઓ આગળ આવે અને જ્યાં પણ શક્ય હોય ત્યાં રાહત પ્રયાસોમાં વહીવટીતંત્રની મદદ કરે. શરૂઆતમાં ચક્રવાતના કારણે તંજાવુર, તિરુવરુર, નાગપટ્ટિનમ અને મયિલાદુથુરાઈ જિલ્લાઓમાં ભારે વરસાદ વરસ્યો હતો. ત્યારબાદ, ચેન્નઈ, તિરુવલ્લુર, કાંચીપુરમ, ચેંગલપટ્ટુ અને વિલ્લુપુરમ જેવા જિલ્લાઓમાં ભારે વરસાદ થયો હતો. પહેલી ડિસેમ્બરે તોફાન ટકરાયું ત્યારે વિલ્લુપુરમ, કલ્લાકુરિચી, કુડ્ડલોર અને તિરુવન્નામલાઈના રસ્તાઓ અને વીજળીના થાંભલાઓને વ્યાપક નુકસાન થયું હતું. પવનની ઝડપ ૯૦ કિમી પ્રતિ કલાકની હતી. તોફાનના કારણે ધર્મપુરી, કૃષ્ણાગિરી, રાનીપેટ, વેલ્લોર અને તિરુપથુરના અંતરિયાળ જિલ્લાઓમાં પણ ભારે નુકસાન થયું છે. આ આફતથી ૬૯ લાખ પરિવારો અને ૧.૫ કરોડ લોકોને પ્રતિકૂળ અસર થઈ હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાઈડનના નાલાયક પુત્રને માફી, કાગડા બધે કાળા

**આપણે** માનીએ છીએ કે ભારતમાં જ વંશવાદ છે અને ભારતના રાજકારણીઓને પોતાનાં સંતાનોના કોઈ અવગુણ દેખાતા નથી, પોતાનાં સંતાનોને આગળ કરવા ગમે તે હદે જઈ શકે છે પણ અમેરિકાના પ્રમુખ જો બાઈડને તેમના પુત્ર હન્ટર બાઈડનને માફી આપી એ જોયા પછી લાગે કે, કાગડા બધે જ કાળા છે. ભારત હોય કે અમેરિકા, નેતાઓ બધે સરખા જ છે. હન્ટર બાઈડન સામે ગેરકાયદેસર બંદૂક રાખવાનો અને કરચોરી અંગેનો કેસ હતો. બે-ચાર અઠવાડિયામાં તેના કેસનો ચુકાદો આવવાનો હતો પણ એ પહેલાં બાઈડને પોતાના પ્રેસિડેન્શિયલ પાવર એટલે કે પ્રમુખ તરીકેની ખાસ સત્તાનો ઉપયોગ કરીને હન્ટરના ગુના માફ કરી દીધા. અમેરિકાના પ્રમુખ તરીકે બાઇડન પાસે ત્રણ વ્યક્તિની સજા માફ કરવાની સત્તા હતી ને તેનો ઉપયોગ તેમણે દીકરાને માફ કરવા કરી લીધો.

હન્ટરે ઑક્ટોબર ૨૦૧૮માં બંદૂક ખરીદેલી માહિતી છુપાવી હતી. હન્ટરે પોતે ડ્રગ્સનો વ્યસની હતો એ માહિતી આપી નહોતી. જે બે કેસમાં હન્ટર બાઇડનને દોષિત ઠેરવવામાં આવ્યો છે, તેમાંથી એક કેસમાં તેના પર એક ફોર્મમાં ખોટી માહિતી આપવાનો અને કોલ્ટ કોબ્રા રિવોલ્વર ખરીદવાનો આરોપ હતો. તેની સામે ત્રીજો કેસ એ હતો કે જ્યારે તે ડ્રગ્સનું સેવન કરતો હતો ત્યારે તેની પાસે બંદૂક હતી.

અમેરિકાના કાયદા અનુસાર, ડ્રગ્સનો નશો કરનાર બંદૂક રાખી શકતો નથી. જૂન ૨૦૨૪માં હન્ટરને ગેરકાયદેસર બંદૂકના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો હતો. એ પછી ૨૧ ઓગસ્ટે માહિતી છુપાવીને બંદૂક ખરીદવા બદલ દોષી ઠેરવવામાં આવ્યો હતો. આ બંને કેસમાં હન્ટરને ડેલવેર કોર્ટમાં ચાર ડિસેમ્બરે સજા સંભળાવવાની હતી. આ કેસમાં તેને વધુમાં વધુ ૨૫ વર્ષની જેલની સજા થઈ શકે તેમ હતી. કાયદાના જાણકારોના મતે તેને ઓછામાં ઓછી મહિનાની સજા થવાની જ હતી પણ સજાના માત્ર બે દિવસ પહેલા, પિતા બાઈડને તેમના પુત્રને બચાવવા માટે તેમની રાષ્ટ્રપતિ સત્તાનો ઉપયોગ કરીને માફ કરી દીધો.

હન્ટર સામે કરચોરીનો કેસ પણ હતો. હન્ટરે ૨૦૧૬થી ૨૦૧૯ની વચ્ચે ઇરાદાપૂર્વક સમયસર ટેક્સ ચૂકવ્યો નહોતો અને ચાર વર્ષમાં ૧૪ લાખ ડૉલર (૧૧.૮૪ કરોડ)ની કરચોરી કરી હતી. આ કરચોરીની રકમનો ઉપયોગ હન્ટરે જલસા કરવા કર્યો હતો અને ડ્રગ્સ, સેક્સ વર્કર્સ પાછળ ડૉલરો ઉડાડ્યા હતા. આ કેસમાં ૧૬ ડિસેમ્બરે કેલિફોર્નિયાની કોર્ટમાં તેને સજા સંભળાવવાની હતી. હન્ટરને મહત્તમ ૧૫ વર્ષની જેલની સજા થાય તેમ હતી. આ સિવાય કરચોરી કરી હોય એટલી રકમનો દંડ પણ થાય તેમ હતો. આ કેસમાં સજાના ૧૪ દિવસ પહેલા બાઇડને માફ કરી દેતાં હન્ટર આ કેસમાં પણ બચી ગયો છે.

આઘાતજનક વાત એ છે કે, જૂનમાં હન્ટરને દોષિત ઠેરવવામાં આવ્યો તે પહેલાં બાઈડને કહ્યું હતું કે, મારો દીકરો દોષિત સાબિત થશે તો પોતાના પુત્રને ક્યારેય માફ કરશે નહીં. બાઇડને એવું પણ કહેલું કે, પોતે કદી પણ ન્યાયતંત્રના નિર્ણયોમાં દખલ નહીં કરે. હવે બાઇડેન જુદું જ વાજું વગાડી રહ્યા છે. બાઇડેનના કહેવા પ્રમાણે, પોતે ન્યાય વિભાગના નિર્ણયોમાં દખલ નહીં કરવાનું વચન પાળ્યું છે પણ મારા પુત્રને નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને ખોટી રીતે કાર્યવાહી કરવામાં આવી રહી હતી.

હન્ટરના કેસને જોનાર કોઈપણ સમજદાર વ્યક્તિને ખબર પડે કે તેને માત્ર એટલા માટે જ નિશાન બનાવવામાં આવ્યો કારણ કે તે મારો પુત્ર છે. બાઇડને તો પોતાના નાલાયક દીકરાનાં કરતૂતો માટે ન્યાયતંત્રને પણ ગાળો આપી દીધી છે. બાઇડનના કહેવા પ્રમાણે, તેમને કાયદો અને વ્યવસ્થામાં પૂરો વિશ્વાસ છે પરંતુ રાજકારણે ન્યાયતંત્રને કલંકિત કરી દીધું છે.

મજાની વાત એ છે કે, હન્ટરે પોતે એવું લખ્યું કે, મેં મારી ભૂલો સ્વીકારી છે અને તેની જવાબદારી લીધી છે. જેના કારણે મારા પરિવારને જાહેરમાં અપમાનિત અને શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. હું આ માફીને ક્યારેય હળવાશથી લઈશ નહીં.

બાઇડનના નિર્ણયે અમેરિકામાં લોકોમાં આક્રોશ પેદા કર્યો છે કેમ કે કોઈ પ્રમુખ પોતાના નાલાયક દીકરાને બચાવવા માટે બંધારણે આપેલી સત્તાનો દુરુપયોગ કરે એવું અમેરિકામાં પહેલી વાર બન્યું છે. બાઇડનના નિર્ણયની ડોનલ્ડ ટ્રમ્પ અને તેમની પાર્ટીએ તો ટીકા કરી જ છે પણ બાઇડનની પોતાની ડેમોક્રેટિક પાર્ટીના નેતા પણ ઝાટકણી કાઢી રહ્યા છે. ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓને પણ લાગી રહ્યું છે કે બાઇડને હદ કરી નાંખી છે. કોઈ પ્રમુખ પોતાના દીકરાને બચાવવા માટે વિશેષ સત્તાનો દુરુપયોગ કરે તેનાથી વધારે શરમજનક કંઈ ના કહેવાય. આ નિર્ણય દ્વારા બાઇડને પોતાના ધોળામાં ધૂળ નાખી છે.

અમેરિકનોમાં પણ આ મુદ્દે રોષ છે ને તેનું કારણ હન્ટર ટ્રમ્પનાં કરતૂતો છે. હન્ટર છાપેલું કાટલું છે ને છાસવારે તેના નામના ઘાગડિયા ચાલ્યા જ કરે છે. હન્ટરે બેશરમીથી પોતાના પુસ્તકમાં પોતાના ખરાબ ધંધાઓનો ઉલ્લેખ પણ કર્યો છે. વાસ્તવમાં તેના કારણે જ હન્ટર દોષિત ઠર્યો હતો. હન્ટરના વકીલ એટર્ની એબે લોવેલે ટ્રાયલ દરમિયાન જણાવ્યું હતું કે હન્ટરે માત્ર દારૂ પીધો હતો પણ કોકેઈનનું સેવન કર્યું ન હતું. વકીલે દાવો કરેલો કે, હન્ટરે ગન ખરીદ્યાના થોડા સમય પહેલાં અને પછીના મહિનાઓમાં ડ્રગ્સ લીધું હતું પરંતુ ગન ખરીદતી વખતે ડ્રગ્સની લત નહોતી તેથી તેણે કોઈ ખોટી માહિતી આપી ન હતી. ફરિયાદીઓએ હન્ટર બાઇડનના પુસ્તકોના અંશોનો ઉપયોગ કરીને આ દાવાને નકારી કાઢ્યો હતો. આ પુસ્તકમાં હન્ટરે દારૂ અને માદક દ્રવ્યોના વ્યસન અંગેના પોતાના અનુભવો વિશે લખ્યું છે. હન્ટરના ખરાબ ધંધા આટલેથી પતતા નથી. હન્ટર અય્યાશીઓમાં પૂરો છે. મોંઘીદાટ નાઈટ ક્લબોમાં જઈને છોકરીઓ સાથે સેક્સ સંબંધો બાંધવા સહિતના બધા ધંધા એ કરી ચૂક્યો છે. બાઇડનના પ્રમુખપદનો ઉપયોગ તેણે ભ્રષ્ટાચાર કરવા માટે કર્યો છે ને બીજા પણ ઘણા ગોરખધંધા તેના નામે છે તેથી અમેરિકનો તેના નામથી જ ભડકે છે.

જો કે બાઇડન પોતે પણ દૂધના ધોયેલા નથી. જો બાઇડન અને તેમના દીકરા હન્ટરે ભેગા મળીને કરેલા ગોરખધંધાઓનો ચોપડો ખોલો તો એ કોઈનાથી જરાય ઉતરતા સાબિત થાય તેમ નથી. બાઇડન સામે તેમની મહિલા કર્મચારીએ જાતિય સતામણીનો આરોપ મૂકેલો. બાઇડને પોતાની સત્તાનો દુરુપયોગ પુત્ર તથા પરિવારને ફાયદો કરાવવા માટે કર્યો છે એ જોતાં બાઇડન પણ અનૈતિકતામાં કોઈનાથી કમ નથી. આ કારણે બાઇડને પોતાના દીકરાની સજા માફ કરી દીધી તેમાં કોઈને બહુ મોટો આંચકો લાગ્યો નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, બુધવાર,
તા. ૪-૧૨-૨૦૨૪ વિનાયક ચતુર્થી,

- ભારતીય દિનાંક ૧૩, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ સુદ - ૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૭-૧૪ સુધી, પછી ઉત્તરાષાઢા.
- ચંદ્ર ધનુમાં રાત્રે ક. ૨૩-૧૯ સુધી, પછી મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ), મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૫૮ અમદાવાદ ક. ૦૭ મિ. ૦૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૨૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૯ (તા. ૫)
- ઓટઃ સવારે ક. ૦૭-૪૪, રાત્રે ક. ૧૯-૧૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - તૃતીયા. વિનાયક ચતુર્થી, વિષ્ટિ ક. ૨૫-૦૪થી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, શ્રી ગણેશ પૂજા, લાડુ આંબાની ખીરનો પ્રસાદ, માલ વેચવો, નિત્ય થતાં મિલકત લેવડ દેવડનાં કામકાજ, વિદ્યારંભ, ધાન્ય ઘરે લાવવું, વિશ્વદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, ભગવાનનું સૂર્યનારાયણ દેવતાનું પૂજન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મિત્રતા કરવી, મુંડન કરાવવું નહીં, નવા વસ્ત્રો, આભૂષણ, દસ્તાવેજ, દુકાન, નોકરી, વેપાર, ધાન્ય ભરવું, બી વાવવું, નવી તિજોરીની સ્થાપના.
- આચમનઃ બુધ-ગુરુ પ્રતિયુતિ ઉતાવળિયા, સૂર્ય-શનિ ચતુષ્કોણ મહત્ત્વકાંક્ષાઓને ધક્કો લાગે, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારના, ચંદ્ર-શુક્ર યુતિ કળાપ્રેમી
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ પ્રતિયુતિ, સૂર્ય-શનિ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર યુતિ (તા. ૫)
- ગોચરગ્રહોઃ સૂર્ય-વૃશ્ચિક મંગળ-કર્ક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર ■

# પ્રજામત

## 'મુંબઈ સમાચાર'ની વાર્તાનો સંગ્રહ કર્યો

'મુંબઈ સમાચાર' દૈનિક સમાચાર પત્રમાં રોજ વેર-વિખેર (કિરણભાઈ રાયવડેરા) વાર્તા છપાતી હતી. જેના દરેક અંકો (બે અંક સિવાયના) રોજ વાંચ્યા પછી ફાઈલમાં રાખતો હતો તથા ફરીથી વાંચી જતો હતો.

લેખક કિરણભાઈ રાયવડેરાના લખાણમાંથી મને જે સમાજ ઉપયોગી, મારા ઉપયોગી લખાણો જે ઉપદેશ રૂપક હતાં તેનું મનમાં રટણ કરતો હતો. મારી ઉંમર ૭૮ વર્ષ છે. મારી ધર્મપત્ની (ચંદન અરવિંદ શાહ) જે હેન્ડીકેપ છે. તે પણ દરરોજ નિયમિત આ વાર્તા વાંચતી હતી અને જીવનનો અર્થ સમજતી હતી.

લેખક તેમને આપ સર્વને આવી સમજભરી ઉપદેશકારક, સ્વાર્થી દુનિયાની ઓળખાણ આપતી આ ઉત્કૃષ્ટ વાર્તા માટે અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

આ અગાઉ મારા પરિવારે મોહમદ માંકડ કૃતિ ''એક પગ ઉમર બહાર'' (મને જે યાદ છે તે છતાં ભૂલ હોય તો સુધારશો) વાંચેલ અને મુખ્ય પાત્ર દીકરી ''હીરવા'' નામ હતું જે યાદી રૂપે મેં અમારી દીકરીને ''હીરવા'' નામ આપેલ જે આજે ૫૦ વર્ષની છે.

**-અરવિંદ કે. શાહ, બોરીવલી (પ.)**

## દેશમાં અનેક વિકાસ કાર્યો થયાં છે

દેશના કર્મઠ, અણથક અને નિર્ણાયક વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકાસ અને વિરાસતના નોંધપાત્ર મુદ્દે દેશમાં નોંધપાત્ર એવા અગણિત કાર્યો થઈ રહેલ છે જેમાં કોંગ્રેસના સ્વાર્થ મતોના નુકસાનકારક તુષ્ટિકરણો નામશેષ થયેલ છે અને દેશ/ સમાજ હિતના સબકા સાથ, સબકા વિકાસનાં કાર્યો થઈ રહ્યાં છે જે નોંધપાત્ર વિકાસ કાર્યો સાબિત થાય છે.

૧. દેશની ૫૯ ટકા કંપનીઓ (જેમાં ૧૦૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે) પોતાના વ્યવસાયોમાં સક્રિયપણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.)નો ઉપયોગ કરી રહ્યા છે. ૨. દેશની કન્ઝ્યુમર ફાઈનાન્સ, પ્રોવાઈડર હોમ ક્રેડિટ ઈન્ડિયાના બીજા વાર્ષિક સર્વેમાં જણાવ્યા પ્રમાણે ૪ માંથી ત્રણ ભારતીયોને આગામી એક વર્ષમાં આવક વધવાનો ભરોસો છે. ૩. દેશના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમ.એસ.એમ.ઈ.)માં મહિલાઓની ભાગીદારી છેલ્લાં પાંચ વર્ષમાં ૩૨ ટકા વધેલ છે. હાલ મહિલાઓની ભાગીદારી વિક્રમ એવી ૫૩ ટકા છે જે પુરુષો કરતાં વધારે છે (પુરુષોની ૪૭ ટકા) ૪. આપણો દેશ વિશ્વનો સૌથી મોટા રમકડાનો નિકાસ કરનાર દેશ બનેલ છે. ૫. હવેથી નાગરિકોએ પાસપોર્ટના ફોર્મ જાતે ભરવાને બદલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.)ના ઉપયોગ દ્વારા ભરાનાર છે. ૬. એશિયાના સૌથી વધુ અબજોપતિઓ ચીનના બીજિંગમાં નથી પણ આપણા દેશના મુંબઈમાં બનેલ છે. વિશ્વના સૌથી વધુ અબજોપતિઓનું મુંબઈ વિશ્વમાં ત્રીજું શહેર બન્યું છે. ૭. દેશનાં વાહનોના ટોલ બૂથ બંધ થશે અને ઉપગ્રહથી ટેક્સ વસૂલાશે. તમે રસ્તા પર જેટલી સફર કરશો એટલો ટેક્સ ખાતામાંથી કપાઈ જશે. ૮. ૫૦ કિ.મી.ની યાત્રા સુધી રેલવે ટ્રેનની જનરલ ટિકિટ એપથી બૂક કરી શકાશે. એપ દ્વારા સિઝન ટિકિટ અને પ્લેટફોર્મ ટિકિટ પણ મળી શકશે. ૯. રાજકોટમાં સ્માર્ટ ફોન નથી પણ સ્માર્ટ ફોન બનાવવાના મશીનો બનનાર છે. ૧૦. સોમનાથના ભવ્ય મંદિરના દરિયા કિનારે વધુ ત્રણ કિ.મી. લાંબો સાગર દર્શન પથ બનનાર છે.

**-પ્રવીણ રાઠોડ, અમદાવાદ**

## 'જગતના તાતને આપો સાથ'

ભારત એક કૃષિ પ્રધાન દેશ છે. ખેડૂતોને આપણા અન્નદાતા અથવા જગતના તાત કહીએ છીએ.

આજના ૨૧મી સદીના જમાનામાં નવી પેઢીઓનાં બાળકોને ખેતી કે ખેડૂતોના મહત્ત્વ વિશે ન પૂરતી માહિતી છે, ન પૂરંતુ જ્ઞાન આપવામાં આવી રહ્યું છે ખેતી માટે પર્યાવરણ પણ મુખ્ય ભાગ ભજવે છે, જે આજે વૈશ્વિક-આબોહવા પરિવર્તન ખેતી અને ખેડૂતો માટે મોટો સવાલ થઈને ઊભો છે. દિવસે-દિવસે ખેડૂતોની આવક ઓછી થતી જાય છે. ખેડૂતોની નવી પેઢી આ વ્યવસાય પ્રત્યે ઉદાશીનતા દાખવે છે, અને શહેર ભણી રોજગાર માટે દોટ મુકે છે.

ખેતી અને ખેડૂતો સલામત રહે, ખેડૂતોનાં સંતાનો ખેતી વ્યવસાય પ્રત્યે રુચિ દાખવે એ માટે ત્વરિત પગલાં લેવાં જોઈએ.

રસ્તાઓ પહોળા કરવા માટે, અમીરોના વીકએન્ડમાં રહેવા માટે મોટા ફાર્મ હાઉસ બનાવવા ખેડૂતો ખેતરો વેચવા માંડ્યા છે. ખેડૂતોને ખેતી માટે સારું વળતર મળે અને પ્રતિષ્ઠા મળે એ માટે સૌએ અને સરકારે જરૂરી પ્રયત્ન કરવા પડશે.

**રાજેશ બી. ઝવેરી, કાવેલ ક્રોસ લેન, મુંબઈ-૪૦૦૦૦૨.**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# દુનિયામાં ફેલાઇ ખતરનાક બીમારીઃ ૧૫નાં મોત

રવાન્ડા : કોરોના મહામારી હજી તો ખતમ નથી થઇ ત્યાં દ. આફ્રિકાના રવાન્ડામાં મારબર્ગ નામનો ખતરનાક વાયરસ ફેલાયો છે. આ વાયરસ ''બ્લિડિંગ આઇ'' વાયરસ નામે પણ ઓળખાય છે, કારણ કે આ વાયરસથીં સક્રમિત લોકોની આંખમાંથી લોહી નીકળવા માંડે છે. આ વાયરસને કારણે અત્યાર સુધીમાં ૧૫ લોકોના મોત થયા છે અને સેંકડો અન્ય લોકોને ચેપ લાગ્યો છે. છેલ્લા બે મહિનામાં આ વાયરસ ૧૭ દેશોમાં ફેલાઇ ગયો છે, જેમાં રવાંડા, બુરુન્ડી, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, કોંગો, ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, ગેબોન, કેન્યા, યુગાન્ડા, બોલિવિયા ઉપરાંત બ્રાઝિલ, કોલંબિયા, ક્યુબા, ડોમિનિકન રિપબ્લિક, એક્વાડોર, ગયાના, પનામા અને પેરુ જેવા દેશોનો સમાવેશ થાય છે

યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સી દ્વારા સંચાલિત ટ્રાવેલ હેલ્થ પ્રો દ્વારા આ દેશોમાં મુસાફરી કરતા લોકોને વધારાની તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. ટ્રાવેલ એડવાઈઝરીમાં મારબર્ગ ઉપરાંત ક્લેડ એક અને ઓરોપૌચે તાવ સામે પણ ચેતવણી આપવામાં આવી છે. આ બંને પણ ગંભીર ચેપી રોગ છે, જે ઉપરોક્ત દેશોમાં ફેલાયેલા છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) જણાવે છે કે મારબર્ગ વાયરસ ઇબોલા વાયરસ પરિવાર સાથે સંબંધિત છે. આ વાયરસ લોકોની રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડે છે અને આંતરિક રક્તસ્રાવની સ્થિતિનું કારણ બની શકે છે. આ એક ઝૂનોટિક વાયરસ છે, એટલે કે તે પ્રાણીમાંથી માનવીઓમાં ફેલાય છે. આ વાયરસ ચામાચીડિયામાંથી જ ફેલાય છે. તેના લોહી, પેશાબ અથવા લાળના સંપર્ક દ્વારા મનુષ્યોમાં ફેલાય છે. આ વાયરસ ખૂબ જ ખતરનાક છે અને તેનાથી ચેપ લાગવાથી ઘણા લોકો પોતાનો જીવ ગુમાવે છે.

આ રોગના લક્ષણોમાં ખૂબ તાવ, સ્નાયુમાં દુખાવો, પેટમાં દુખાવો, આંખોમાંથી રક્તસ્રાવ, ઓર્ગન ફેલ્યોર, ચક્કર, ઉલટી

પ્રકાશ સંવેદનશીલતા વગેરેનો સમાવેશ થાય છે. જો વાયરસનું સંક્રમણ વધુ વધે તો તેનાથી અચાનક વજન ઘટવું, નાક, આંખ, મોં કે યોનિમાંથી લોહી નીકળવું અને માનસિક મૂંઝવણ જેવી સમસ્યાઓ થઈ શકે છે. આ વાયરસ સૌપ્રથમ ૧૯૬૧માં જર્મનીના ફ્રેન્કફર્ટમાં જોવા મળ્યો હતો.મારબર્ગ વાયરસની કોઇ ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી. દર્દીના રોગના લક્ષણ પ્રમાણે તેને દવા આપવામાં આવે છે. આ વાયરસ માટે હજુ સુધી કોઈ રસી ઉપલબ્ધ નથી, પરંતુ રસી બનાવવાની પ્રક્રિયા પ્રારંભિક તબક્કામાં છે. તેથી જો કોઇ વ્યક્તિ આ વાયરસથી સંક્રમિત થાય છે, તો તેની સ્થિતિ ગંભીર બની શકે છે.

ચેપગ્રસ્ત લોકોના સંપર્ક દ્વારા આ વાયરસ ફેલાતો હોવાથઈ નિષ્ણાંતો અને ડોક્ટરો સંક્રમિત વ્યક્તિથી દૂર રહેવાની સલાહ આપે છે. આ ઉપરાંત સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્કનો ઉપયોગ અને વારંવાર હાથ ધોવાથી અને સાવચેતી રાખવાથી આ વાયરસથી બચી શકાય છે. ■

# કાશ્મીરમાં એક આતંકવાદી ઠાર મરાયો

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુ : જમ્મુ-કાશ્મીરમાં મંગળવારે ચાર ઘટનાઓ બની હતી જેમાં એક આતંકવાદીને ઠાર મારવામાં આવ્યો હતો અને એક ભૂતપૂર્વ વીડીજી સભ્યનો મૃતદેહ ભેદી સંજોગોમાં મળી આવ્યો હતો. ત્રીજી ઘટનામાં સૈનિકની બંદૂકમાંથી ભૂલથી ગોળી છૂટી જતાં તેનું મરણ થયું હતું, જ્યારે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના જવાને પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી હતી.

જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી હતી. સુરક્ષાદળોએ શ્રીનગરના હરવાનમાં અથડામણ દરમિયાન એક આતંકવાદીને ઠાર માર્યો હતો. હાલમાં આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. આખા વિસ્તારને સીલ કરી નખાયો છે.

મળતી જાણકારી પ્રમાણે ચોક્કસ ગુપ્તચર બાતમીના આધારે લશ્કર અને પોલીસે સંયુક્ત અભિયાન શરૂ કર્યું હતું. સુરક્ષા દળો શંકાસ્પદ સ્થાન તરફ આગળ વધ્યા કે આતંકવાદીઓએ ગોળીબાર કર્યો હતો. સુરક્ષાદળોએ જવાબી કાર્યવાહી કરી હતી. આવી રીતે થયેલી અથડામણમાં એક આતંકવાદી ઠાર મરાયો હતો.

આ વિસ્તારમાં કેટલા આતંકવાદી ફસાયા છે એની જાણકારી નથી. પોલીસે અથડામણના સ્થળ તરફ જતા બધા રસ્તાઓ સીલ કરી નાખ્યા છે. પોલીસના જણાવ્યા પ્રમાણે દાચીગામના જંગલમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં એક આતંકવાદી માર્યો ગયો.

દરમિયાન સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સના એક જવાને સર્વિસ રાઈફલથી પોતાને જ ગોળી મારી હતી. મૃતક જવાનની ઓળખાણ ૧૭૮ બટાલીયનના પરમબીર તરીકે થઈ છે. લશ્કરના અધિકારીએ કહ્યું હતું કે આ જવાન દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના જૈનાપોરામાં ફાર્મમાં તૈનાત હતો અને તેણે સર્વિસ રાઈફલથી પોતાને ગોળી મારી દીધી હતી. અધિકારીએ કહ્યું હતું કે કેસમાં તપાસ ચાલુ છે. અધિકારીઓએ કહ્યું કે આ બનાવની તપાસ કરીને એ શોધવાની કોશિશ ચાલે છે કે જવાને આવું પગલું કેમ ભર્યું.

કિશ્તવાડ જિલ્લાના છાતરુ વિસ્તારમાં એક જવાનનું ગોળી વાગવાથી મરણ થયું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે જવાનની સર્વિસ રાઈફલમાંથી ઓચિંતી ગોળી છૂટી અને તેને જ વાગતા તે ઘાયલ થયો હતો. તેને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને ત્યાં તેનું મૃત્યુ થયું હતું. મૃતક સૈનિકની ઓળખાણ સત ગણમ સિંહના પુત્ર બલકાર સિંહ (નિવાસી ન્યૂ દીવાન ગૃહ ચકરોહી,સુચેતગઢ, જમ્મુ) તરીકે થઈ છે. પોલીસે કેસ નોંધાવ્યો છે.બીજી બાજુ ઉધમપુર જિલ્લાનાં જંગલોમાં મંગળવારે ગ્રામ રક્ષા દળના સભ્યનો મૃતદેહ રહસ્યમય રીતે મળ્યો છે. ચપારનાં જંગલોમાં આ મૃતદેહ રાઈફલ (૩૦૩) સાથે મળી આવ્યો છે. તેની ઓળખાણ રોમલ ચંદના પુત્ર અશોક કુમાર (૪૫) (નિવાસી ચાપર ઉધમપુર) તરીકે થઈ છે. પોલીસની ટીમે તરત ત્યાં જઈને મૃતદેહને કબજામાં લીધો હતો અને તેને મેડિકલ-કાયદેસર ઔપચારિકતા પૂરી કરવા મોકલવામાં આવ્યો છે. પોલીસે કેસ નોંધાવીને તપાસ શરૂ કરી છે. ■

# બાંગ્લાદેશે ભારતીય રાજદૂતને પાઠવ્યા સમન્સ

## સુરક્ષાનું કારણ આગળ ધરી બાંગ્લાદેશે ત્રિપુરાની એલચી કચેરી બંધ કરી

ઢાકાઃ ભારતના ત્રિપુરામાં બાંગ્લાદેશની એલચી કચેરીમાં કરવામાં આવેલી કથિત ભાંગફોડને મામલે સખત વિરોધ નોંધાવ્યાના એક દિવસ બાદ ભારતીય રાજદૂત પ્રણય વર્માને બાંગ્લાદેશે મંગળવારે સમન્સ પાઠવ્યા હતા એમ જણાવતાં બાંગ્લાદેશના વિદેશ ખાતાએ જણાવ્યું હતું કે અમે જાણ કર્યા બાદ વર્મા હાજર થયા હતા અને અમે તેમને અમારી ચિંતા જણાવી હતી.

વિદેશી બાબતોના સલાહકાર મોહમ્મદ તૌહિદ હૂસૈને અગાઉ કહ્યું હતું કે અગરતલા ઘટના બાદ ભારતીય રાજદૂતને હાજર થવા અમે જણાવ્યું હતું.

બંને દેશ વચ્ચેના સંબંધો આડે કોઈ પણ મુદ્દો ન આવવો જોઈએ એમ જણાવી વર્માએ કહ્યું હતું કે બંને દેશ વચ્ચેના સંબંધ સતત સ્થિર અને રચનાત્મક રહે એમ ભારત ઈચ્છે છે. પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે બાંગ્લાદેશની રખેવાળ સરકાર સાથે અમે વાતચીત કરવા તૈયાર છીએ.

બાંગ્લાદેશમાં હિન્દુ પૂજારી ચિન્મય કૃષ્ણ દાસની કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં ભારતમાં અમુક જૂથના લોકોએ સોમવારે ત્રિપુરાના અગરતલામાં બાંગ્લાદેશની એલચી કચેરીમાં ભાંગફોડ કરી હોવાની ઘટનાને ભારતે ખેદજનક લેખાવી હતી.

વર્માએ કહ્યું હતું કે પરસ્પરના હિત, શાંતિ, સુરક્ષા સચવાય તે માટે ભારત બાંગ્લાદેશ સરકાર સાથે વાતચીત કરવા તૈયાર છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારના કાયદાકીય સલાહકાર આસિફ નઝરુલે આ ઘટનાને ભારત સરકારની નિષ્ફળતા લેખાવી હતી અને શેખ હસીનાની સરકારના પતન બાદ આવેલી નવી સરકારની નવેસરથી આકારણી કરવા ભારત સરકારને જણાવ્યું હતું. ત્રિપુરામાં બાંગ્લાદેશની એલચી કચેરીમાં કરવામાં આવેલી કથિત ભાંગફોડ બાદ બાંગ્લાદેશે સુરક્ષાનું કારણ આગળ ધરી આગામી સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી એલચી કચેરી અને તમામ સેવાઓ બંધ રાખવાની જાહેરાત કરી હતી.

બાંગ્લાદેશમાં હિન્દુ પૂજારી ચિન્મય કૃષ્ણ દાસની કરવામાં આવેલી ધરપકડના વિરોધમાં ભારતમાં અમુક જૂથના લોકોએ સોમવારે ત્રિપુરાના અગરતલામાં બાંગ્લાદેશની એલચી કચેરીમાં ભાંગફોડ કર્યાના એક દિવસ બાદ બાંગ્લાદેશે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### વિશ્વનું સૌથી મોટું

સહિત કુલ ૧૪૦૦ ટન કરતાં પણ વધુ ડ્રગ્સ મળી આવ્યું હતું. કોલંબિયાના ઈતિહાસમાં આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હોવાની આ સૌપ્રથમ ઘટના છે, એમ કોલંબિયાના પ્રમુખ ગસ્તાવો પેટ્રોએ કહ્યું હતું.

કોલંબિયાના નૌકાદળના વાઈસ એડમિરલ ઑર્લાન્ડો ઍન્રિક ગ્રિસેલ્સે કહ્યું હતું કે પહેલી ઑક્ટોબરથી ૧૪ નવેમ્બર દરમિયાન ઑપરેશન 'ઑરિઑન'ના નામે આ કાર્યવાહી કરવામાં આવી હતી પણ આ પકડાયેલા કેફી દ્રવ્યનું મૂલ્ય નક્કી કરતાં જ ૧૫ દિવસ લાગ્યા હતા. આ કાર્યવાહીને કારણે ડ્રગ્સનો વેપાર કરતા માફિયાઓને અંદાજે ૮.૪ અબજ ડૉલર કરતાં પણ વધુનું નુકસાન થયું હોવાનું તેમણે કહ્યું હતું. ઑસ્ટ્રેલિયામાં ડ્રગ્સનું વેચાણ ખૂબ જ ઊંચા ભાવે થતું હોવાને કારણે દાણચારો માટે આ રૂટ મારફતે ડ્રગ્સની દાણચોરી કરવી નફાકારક હોવાનું તેમણે કહ્યું હતું. આ કારણે જ આ રૂટ ડ્રગ્સની દાણચોરી માટે વધુ લોકપ્રિય બની રહ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ચેન્નઈમાં ભેખડો

વરસાદને કારણે પર્વતની ટોચ પરથી કાદવ અને ભેખડો ધસી પડવાને કારણે એક ઘર સંપૂર્ણપણે તેની નીચે દટાઈ ગયું હતું, એમ જિલ્લા કલેક્ટર ડી ભાસ્કર પાંડિયને કહ્યું હતું. અસરગ્રસ્ત પરિવારો પરત્વે તેમણે ઘેરા શોક અને સહાનુભુતિની લાગણી વ્યક્ત કરી હતી. અસરગ્રસ્ત પરિવારને મુખ્ય પ્રધાનના રાહત ભંડોળમાંથી પાંચ લાખ રૂપિયાની સહાયની તેમણે જાહેરાત કરી હતી.

આ ઘટનામાં રાજકુમાર (૩૨), તેની પત્ની મીના (૨૭), તેમનાં પુત્ર અને પુત્રી ઉપરાંત પડોશના ત્રણ બાળકો એમ કુલ સાત જણનાં મોત થયાં હતાં. પાંચે બાળકોની ઉંમર ૧૪ વર્ષ કરતાં ઓછી હતી. (એજન્સી) ■

### યુપીની છ પાર્ટીના

લંબાવવામાં આવ્યા છે. હરિહર મંદિર અગાઉ આ સ્થળ પર ઊભું હોવાના દાવાને પગલે કોર્ટના આદેશ પર મુઘલ યુગની મસ્જિદનું ૧૯ નવેમ્બરે સર્વેક્ષણ કરવામાં આવ્યું ત્યારથી સંભલ વિવાદમાં છે. ૨૪ નવેમ્બરના રોજ બીજા સર્વેક્ષણ દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. શાહી જામા મસ્જિદ પાસે એકઠા થયેલાં લોકોની સુરક્ષા કર્મચારીઓ સાથે અથડામણ થઈ હતી.હિંસામાં ચાર લોકોનાં મોત થયાં હતાં અને ઘણા લોકો ઘાયલ થયા હતા. રાયે જણાવ્યું હતું કે પ્રિયંકા ગાંધી વાડ્રા, પાર્ટીના મહાસચિવ અને યુપી પ્રભારી અવિનાશ પાંડે પણ પ્રતિનિધિમંડળ સાથે આવે તેવી શક્યતા છે. ■

### સેબીએ ટ્રાફિકસોલના

ઓફરમાં શેર ફાળવવામાં આવ્યા હોય તેમને ટ્રાફિકસોલને રોકાણકારો દ્વારા ચૂકવવામાં આવેલા નાણાં પરત કરવા માટે નિર્દેશિત કરવામાં આવે છે. માર્કેટ વોચડોગએ મુંબઇ શેરબજારને પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ આ મુદ્દા પર બેંકરો સાથે સંકલન કરીને રિફંડ પ્રક્રિયાની દેખરેખ રાખે અને રિફંડ પ્રક્રિયા એક સપ્તાહની અંદર પૂર્ણ થવી જોઈએ. નોંધવું રહ્યું કે, પાછલા મહિને નવેમ્બરમાં સીટુસી એડવાન્સ અગાઉ સેબીએ એક અલગ મૂદ્દાસર રોકાણકારોની ચોક્કસ ફરિયાદને આધારે ઓટોમોટિવ ડિજિટલ સોલ્યુશન્સ અને ડિસ્ટ્રીબ્યુશન સર્વિસ પ્રોવાઇડર રોઝમેર્ટા ડિજિટલ સર્વિસિસના આઇપીઓને અટકાવ્યો હતો. ■

# રાજ્યની ૪૦ હજાર પ્રિ-સ્કૂલો બંધઃ નવા નિયમોના વિરોધમાં સંચાલકોનાં ધરણાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા પ્રિ-સ્કૂલોની નોંધણી માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ આ નિયમો અત્યંત કડક હોવાથી પ્રિ-સ્કૂલ સંચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેના વિરોધમાં ૪૦ હજાર પ્રિ-સ્કૂલોના સંચાલકો હડતાળ પર ઊતર્યા હતા. ગુજરાત ઇન્ડિપેન્ડન્ટ પ્રિ-સ્કૂલ એસોસિયેશન દ્વારા રાજ્યના મુખ્ય પ્રધાન, શિક્ષણ પ્રધાન સહિતના અધિકારીઓને રજૂઆત કરીને આ નિયમોમાં ફેરફાર કરવાની માગ કરવામાં આવી હતી.

આ મુદ્દે ગુજરાતની તમામ પ્રિ-સ્કૂલના સંચાલકો અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે એકઠા થયા હતા. રિવરફ્રન્ટ ખાતે વડોદરા, રાજકોટ, સુરત અને મોરબી સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પ્રિ-સ્કૂલના સંચાલકો એકઠા થયા હતા, ત્યારબાદ અહીંથી ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન અને શિક્ષણ પ્રધાનને આવેદનપત્ર આપવા માટે ગાંધીનગર ખાતે પહોંચ્યા હતા. સરકાર દ્વારા ઘડવામાં આવેલા નવા નિયમોમાં મકાન માલિકી અંગેની શરતો અને ભાડાના કરાર અંગેના નિયમો ખૂબ કડક છે. જેના કારણે ઘણા પ્રિ-સ્કૂલ સંચાલકો નોંધણી કરાવી શકશે નહીં. નવા નિયમોમાં કેટલીક વિસંગતતાઓ છે જેના કારણે પ્રિ-સ્કૂલ સંચાલકોને મુશ્કેલી પડી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રિ-સ્કૂલને મામલે રાજ્ય સરકાર દ્વારા જે નિયમો ઘડવામાં આવ્યા છે તેમાં પ્રિ સ્કૂલ ચલાવવા માટે સંચાલક પાસે સ્થળ પરનું બીયુ પરમિશન અને ૧૫ વર્ષની રજિસ્ટર્ડ લીઝ એગ્રિમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યનાં વિવિધ શહેરોમાં ચાલતી પ્રિ-સ્કૂલ અંગે રાજ્ય સરકારે કડક નિયમોની અમલવારી શરૂ કરતા તેના વિરોધમાં પ્રિ-સ્કૂલનો સંચાલકો હડતાળ પર ઊતર્યા હતા. મહિલાઓએ પણ આ નિયમોના કારણે પ્રિ-સ્કૂલ બંધ થઈ જશે તો પોતાની રોજગારી છિનવાઈ જવાની ભીતિ વ્યકત કરી હતી. ■

# અંકલેશ્વર જીઆઈડીસીની ડેટોક્સ ઇન્ડિયા કંપનીમાં વિસ્ફોટ

## ચાર કામદારોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંકલેશ્વર જીઆઇડીસીમાં ફરી એકવાર ઔદ્યોગિક દુર્ઘટના બની હતી. અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં આવેલી ડેટોક્સ ઇન્ડિયા કંપનીમાં પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થતાં ચાર કામદારોનાં મોત નીપજ્યા હતાં. જ્યારે અન્ય કામદારો ઇજાગ્રસ્ત થયા હતા. ઇજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી ડેટોક્સ ઇન્ડિયા કંપનીમાં આજે બપોરના સમયે બ્લાસ્ટની ઘટના બનતા દોડધામ મચી જવા પામી હતી. પ્રચંડ ધડાકા સાથે બ્લાસ્ટ થતા નજીકમાં કામ કરી રહેલા ચાર કામદારોનાં મોત નીપજ્યાં હતાં. કંપનીના એમ.ઇ.પ્લાન્ટમાં સ્ટીમ પ્રેશર પાઇપ ફાટતા બ્લાસ્ટ થયો હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી ડેટોક્સ ઇન્ડિયા કંપની ઈન્ડસ્ટ્રિયલ વેસ્ટના નિકાલનું કામ કરે છે. બનાવની જાણ થતાની સાથે જ ફાયર ફાઇટરો ,સેફટી એન્ડ હેલ્થ વિભાગની ટીમ અને પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો. બ્લાસ્ટની માહિતી મળતાં જ લોકોનાં ટોળાં પણ કંપની બહાર એકઠાં થઈ ગયાં હતા. ■

# ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીની આગાહી

## બાવીસથી ૨૭ ડિસેમ્બર દરમિયાન શીત લહેરની અસર વર્તાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ફૂલ ગુલાબી ઠંડીનો માહોલ જામ્યો છે, હવામાન વિભાગ દ્વારા ગત નવેમ્બર માસમાં આ વર્ષે ઠંડીની શરૂઆત વિલંબ બાદ થઈ હતી, તે જ પ્રકારે ડિસેમ્બર માસમાં પણ નવેમ્બર મહિના જેવો જ માહોલ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. ૨૨થી ૨૭ ડિસેમ્બર દરમિયાન ગુજરાતમાં એક શીત લહેરની અસર વર્તાશે, એટલે કે ૨૭ ડિસેમ્બર બાદ ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીની શક્યતા છે, એટલે કે કહી શકાય કે વર્ષ ૨૦૨૫ની શરૂઆત ગુજરાતીઓ માટે હાડ થીજવતી ઠંડી લાવશે તથા ડિસેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં પણ ગુજરાતમાં શિયાળાની મજબૂત અસર વર્તાશે અને ઠંડીનું પ્રમાણ પણ વધુ રહેશે. આ ઉપરાંત ડિસેમ્બર મહિનાના પ્રથમ પખવાડિયામાં મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના વિવિધ ભાગોનું લઘુતમ તાપમાન ૧૫થી ૧૮ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે તથા ઉત્તર ગુજરાત અને કચ્છના ભાગોમાં ૧૨થી ૧૩ ડિગ્રી લઘુતમ તાપમાન રહેવાની શક્યતા છે.

તો બીજી તરફ ભારતીય હવામાન વિભાગની ડિસેમ્બર માસ માટેની આગાહી મુજબ રાજ્યના મોટા ભાગના જિલ્લાઓનું લઘુતમ તાપમાન સામાન્ય કે સામાન્યથી વધુ રહેવાની શક્યતા છે. એમાં પણ ખાસ કરીને મધ્ય ગુજરાતના ભાગોમાં લઘુતમ તાપમાન સામાન્યથી વધુ રહેવાની શક્યતાને કારણે રાત્રિ દરમિયાન ઠંડીનું જોર સામાન્ય રહેવાની શક્યતા છે. જ્યારે મહત્તમ તાપમાનમાં સૌરાષ્ટ્ર કચ્છના જિલ્લાઓનું મહત્તમ તાપમાન એટલે કે દિવસ દરમિયાનનું તાપમાન સામાન્ય કે સામાન્યથી વધુ રહેવાની શક્યતાને પગલે સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં દિવસ દરમિયાન પણ સામાન્ય ગરમીનો અનુભવ થઈ શકે, એટલે કહીં શકાય કે વર્ષ ૨૦૨૪ને ડિસેમ્બર માસમાં પણ નવેમ્બર માસની જેમ જ સામાન્ય ઠંડી રહેવાની શક્યતા છે. ■

# રાજકોટ બાદ સુરત જિલ્લા સહકારી બેંક પચીસ હજારથી વધુ ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે લોન આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ડિસ્ટ્રિક્ટ સહકારી બેંકે ખેડૂતો માટે આર્થિક સહાય જાહેર કરી હતી. જેમાં ખેડૂતોને ૧ એકર દીઠ ૧૦,૦૦૦ ચૂકવવાની જાહેરાત સુરત જિલ્લા સહકારી બેંક કરવામાં આવી હતી. જે ખેડૂત પાસે ૫ એકર જમીન હશે તો તેને ૫૦,૦૦૦ ચૂકવાશે. ત્રણ વર્ષ માટે આ લોન આપવામાં આવશે, આ લોન ઉપર પર કોઈ પણ પ્રકારે વ્યાજ લેવામાં આવશે નહીં. દક્ષિણ ગુજરાત માટે સુરત ડિસ્ટ્રિક્ટ સહકારી બેંકે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા હતા, જેનાથી એક વાત ચોક્કસ છે કે મોટાભાગના ખેડૂતોને આ સહાય મળી રહેશે.

ગુજરાતમાં ઉનાળાથી માંડીને ચોમાસા સુધી જે પ્રકારે વરસાદી વાતાવરણ માવઠાનું જોવા મળ્યું હતું, તેના કારણે ખેડૂતોની દશા ખૂબ જ ખરાબ થઈ ગઈ હતી. હવામાન વિભાગ દ્વારા સતત દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી હતી અને તે મુજબ જ દક્ષિણ ગુજરાતની અંદર વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ધરતીપુત્રોના તૈયાર પાકમાં વરસાદી પાણી ફરી વળતાં ભારે નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.

આ અંગે સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન બળવંત પટેલે જણાવ્યું કે, અમારી બેંક દ્વારા ખેડૂતોને રાહત આપવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ખેડૂતોને ત્રણ વર્ષ માટે ઝીરો ટકા વ્યાજે એકર દીઠ ૧૦,૦૦૦ રૂપિયા અને વધુમાં વધુ પાંચ એકર માટે ૫૦,૦૦૦ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. લોન લેનાર ખેડૂત ૩ હપ્તામાં રકમ ચૂકવી શકશે. અંદાજે બેંક સાથે જોડાયેલા ૨૫,૦૦૦ કરતાં પણ વધુ ખેડૂતોને આનો સીધો લાભ મળવાનો હતો. બેંક દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા સુધીની લોન આપવાનો અંદાજ રાખવામાં આવ્યો હતો. સહકારી માળખા દ્વારા ખેડૂતોને વધુમાં વધુ લાભ થાય તેને ધ્યાનમાં રાખીને આ પ્રકારના નિર્ણય લેવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં ખેડૂતોને આર્થિક રીતે આ સહાય ખૂબ જ મદદરૂપ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજકોટ સહકારી બેંક દ્વારા થોડા સમય પહેલા જ ખેડૂતો માટે ખૂબ મોટો નિર્ણય લેવાયો હતો. જેમાં ખેડૂતોને ઝીરો ટકા વ્યાજથી લોન આપવામાં આવી હતી, જેને કારણે તેમના આર્થિક નુકસાનમાંથી બહાર આવવાની તક મળી હતી. ■

# સી.આર.પાટીલની વિદાય નક્કીઃ ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ જાન્યુઆરીમાં મળે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય જનતા પાર્ટીમાં પ્રદેશ પ્રમુખની ત્રણ વર્ષની ટર્મ હોય છે. ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલની ત્રણ વર્ષ પૂરા થઈ અને એક વર્ષનું એક્સટેન્શન મળ્યું છે. પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ કેન્દ્રીય કૅબિનેટમાં સ્થાન મળતાની સાથે અગાઉ પણ તેઓ નિવેદન કરી ચૂક્યા છે કે, મોવડીમંડળને કહ્યું છે કે હવે નવા પ્રદેશ પ્રમુખને જવાબદારી સોંપે.

વાવ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી તેમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થતા પાટિલની પ્રદેશ પ્રમુખ તરીકેની કારકિર્દી યશસ્વી રહી છે, સંગઠન પર્વ અંતર્ગત મોટા સમાચાર બહાર આવ્યા હતા કે, જાન્યુઆરી મહિનામાં નવા પ્રદેશ પ્રમુખ મળશે. કેમ કે હાલ ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વનું હવે ત્રીજો તબક્કો એટલે કે પ્રથમ પ્રાથમિક સદ્સ્યતા અભિયાન ત્યારબાદ સક્રિય સદસ્યતા અભિયાન અને હવે બૂથ સમિતિ મંડળો અને જિલ્લા મંડળોની નિયુક્તિ થવાની છે. હાલ ત્રીજા તબક્કાની અંદર બૂથ સમિતિની નિમણૂકોની પ્રક્રિયા ચાલી રહી છે તેમાં પણ પ્રદેશ ભાજપના ૫૮૦ મંડળો જેની નિયુક્તિ માટેની પ્રક્રિયા ૧ ડિસેમ્બરથી માંડીને ૧૫ ડિસેમ્બર સુધી યોજવાની છે. ગુજરાતના પ્રત્યેક જિલ્લામાં ભાજપના નિયુક્તિ માટે જિલ્લાની નિયુક્તિ ૧૬ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી યોજવાની છે, એટલે કે ગુજરાતના તાલુકા પ્રમુખ જિલ્લા પ્રમુખની નિયુક્તિ બાદ પ્રદેશ ભાજપનું માળખું સુદૃઢ થઈ જશે! જેથી સીધા સંકેત એવા આવી રહ્યા છે કે, જાન્યુઆરી મહિનાની અંદર રાજ્યના તાલુકા જિલ્લા પ્રમુખની નિયુક્તિ બાદ પ્રદેશ ભાજપના પ્રમુખની નિયુક્તિ થઈ જશે. એટલે કે પ્રદેશ ભાજપને આગામી નવા પ્રદેશ પ્રમુખ જાન્યુઆરી મહિનાના પહેલા અથવા તો બીજા સપ્તાહમાં મળશે તેવી શક્યતા ભાજપના સૂત્રો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. ■

# પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાનો લાભ લેવામાં ગુજરાતીઓ અગ્રેસર

## ૨.૮૨ લાખ ઘરોમાં સોલાર પેનલનું ઈન્સ્ટોલેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજનાનો લાભ લેવામાં પણ ગુજરાતીઓ અગ્રેસર રહ્યા છે, મળતી વિગતો મુજબ પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના અમલમાં મુકાયાનાં નવ મહિનામાં જ ગુજરાતનાં ૧૧.૮૩ લાખ સહિત દેશનાં ૧.૪૫ કરોડ પરિવારોએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે જે પૈકી દેશમાં સૌથી વધુ ગુજરાતનાં ૨.૮૨ લાખ ઘરોમાં સોલાર પેનલનું ઇન્સ્ટોલેશન પણ થઈ ગયું છે. મતલબ કે, આ પરિવારો વીજળી પેદા કરતાં થઈ ગયાં છે અને પોતાની જરૂરિયાત પૂરી કર્યા બાદ વધતી વીજળી સરકારને વેચી આવક પણ રળી રહ્યાં છે. રૂફટોપ સૌરઊર્જાના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં ૪૩૩૭ મેગા વોટ સાથે દેશમાં પ્રથમ નંબરે છે. ત્યાર બાદ મહારાષ્ટ્ર, રાજસ્થાન, કેરાલા અને તમિળનાડુ આવે છે. આ યોજના અમલમાં મુકાયાનાં નવ મહિનામાં ૧.૪૫ કરોડના રજિસ્ટ્રેશન બાદ ૨૫.૮૨ લાખ લોકોએ અરજી કરી હતી. જેમાંથી ૬.૧૬ લાખ ઘરોમાં સોલાર પેનલ્સ સ્થાપિત થઇ ચૂકી છે.

પીએમ સૂર્યઘર યોજનામાં દેશમાં સૌથી વધુ રજિસ્ટ્રેશન ઉત્તર પ્રદેશના ૨૨.૨૩ લાખ પરિવારોએ કરાવ્યું છે. તે પછી આસામમાં ૧૭.૩૪ લાખ, મહારાષ્ટ્રમાં ૧૬.૦૧ લાખ, ઓડિશામાં ૧૨.૬૭ લાખ અને ગુજરાતમાં ૧૧.૮૩ લાખે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું છે. રજિસ્ટ્રેશન બાદ ગુજરાતના ૩.૧૦ લાખ પરિવારોએ વિધિવત્ રીતે અરજી પણ કરી દીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજના ૨૦૨૪નો પ્રારંભ કર્યો હતો. આ યોજના હેઠળ ભારતમાં ૧ કરોડ ઘરેલુ પરિવારને સબસિડી આપવામાં આવશે, જે દ્વારા તેઓ તેમના ઘરના છાપરામાં સોલાર પેનલ્સ સ્થાપિત કરી શકશે. યોજનાની સબસિડી સોલાર પેનલના ખર્ચના ૪૦ ટકા સુધી મળશે.આ યોજના દ્વારા ઘરગથ્થુ વીજળી ખર્ચમાં ઘટાડો થશે અને પ્રદૂષણમાં ઘટાડો કરવાના પ્રયાસો પણ થશે. ■

# ગુજરાતમાં શૅરબજારમાં રોકાણ કરતી મહિલાઓની સંખ્યામાં ૫૯ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શૅરબજારનો બિઝનેસ કરતાં પુરુષોની સરખામણીએ હવે મહિલાઓની સંખ્યા વધી રહી છે. નેશનલ સ્ટોક એક્સચેન્જના ડેટા પ્રમાણે રાજયમાં મહિલા રોકાણકારની સંખ્યા ૨૭.૪ ટકા વધીને ૨૫ લાખને પાર થઈ ગઈ છે. ૨૦૨૨ બાદ ગુજરાતમાં મહિલા રોકાણકારની સંખ્યામાં ૫૯ ટકાનો વધારો થયો છે. ખાસ કરીને આઈપીઓમાં લીસ્ટિંગ ગેઈન વ્યાપક ચર્ચાનો વિષય બન્યા બાદ મહિલા રોકાણકારોનો શૅરબજારમાં રસ વધ્યો છે. ૨૦૨૨ના અંતે ગુજરાતમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા ૫૯.૬ લાખ હતી તેમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૧૬.૧૮ લાખ હતી. જે ૨૦૨૪ના ઓકટોબર માસના આંકડા મુજબ રાજયમાં નોંધાયેલા કુલ રોકાણકારની સંખ્યા ૯૩.૬૫ લાખ થઈ છે અને તેમાં મહિલા રોકાણકારોની સંખ્યા ૨૫.૬૬ લાખ નોંધાઈ છે. મહિલાઓ આઈપીઓમાં તેમના બચતનાં નાણાં રોકે છે અને ધીમે ધીમે તે ઈકિવટી માર્કેટમાં પણ રોકાણ માટે આગળ આવે છે. દેશમાં ૨૦૨૨ના આંકડા મુજબ મહિલા રોકાણકારોની સંખ્યા જે ૨૨.૬ ટકા હતી તે ૨૦૨૪ના ઓકટો.ના આંકડા મુજબ ૨૩.૯ ટકા થઈ છે. મહારાષ્ટ્રમાં તે સંખ્યા ૨૭.૭ ટકા છે. જયારે દિલ્હીમાં ૨૯.૮ ટકા અને તામિલનાડુમાં ૨૭.૫ ટકા છે. આમ ગુજરાત દેશમાં ચોથા સ્થાને છે. બિહારમાં ૧૫.૪ ટકા, ઉતર પ્રદેશમાં ૧૮.૨ ટકા અને ઓડિસામાં ૧૯.૪ ટકા મહિલા રોકાણકાર છે. ■

# ચેક બાઉન્સ કેસમાં ફિલ્મ નિર્માતા રાજકુમાર સંતોષીને શરતી રાહત

## હાઈ કોર્ટનો સજા મોકૂફી પર વચગાળાનો હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બોલીવુડના જાણીતા ફિલ્મ નિર્માતા અને પ્રોડ્યુસર રાજકુમાર સંતોષીને ગુજરાત હાઈ કોર્ટે મોટી રાહત આપી છે. રાજકુમાર સંતોષીને ચેક રિટર્નના કેસમાં નીચલી કોર્ટે ફટકારેલી ૨ વર્ષની કેદની સજાને ગુજરાત હાઇ કોર્ટે વચગાળાની રાહતરૂપે મોકૂફ રાખી હતી. વધુમાં, જસ્ટિસ એમ.આર.મેંગડેએ રાજકુમાર સંતોષીના વોરંટ સામે પણ સ્ટે આપ્યો હતો અને વચગાળાના જામીન પણ આપ્યા હતા. હાઇ કોર્ટે રૂપિયા ૧૬.૫ લાખ એક સપ્તાહમાં હાઇ કોર્ટ રજિસ્ટ્રીમાં જમા કરાવવાની શરતે આ રાહત આપી હતી. આ પહેલા રાજકોટ સેશન્સ કોર્ટે રાજકુમાર સંતોષીની અરજી ફગવાવા સાથે વોરંટ જારી કરવા હુકમ કર્યો હતો. પોતાને થયેલી સજાના નિર્ણયને રાજકુમાર સંતોષીએ હાઈ કોર્ટમાં પડકાર્યો હતો, જેમાં તેમને હવે રાહત મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૫માં રાજકુમાર સંતોષીએ જામનગરના બિઝનેસમેન અશોક લાલ પાસેથી લોન તરીકે ૧.૧૦ કરોડ રૂપિયા લીધા હતા. તેમણે એક ફિલ્મનું નિર્માણ કરવા માટે આ રકમ લીધી હતી. રાજકુમારે આ રૂપિયા ચૂકવવા માટે અશોક લાલને ૧૦-૧૦ લાખ રૂપિયાના ૧૧ ચેક આપ્યા હતા, પરંતુ ડિસેમ્બર ૨૦૧૬માં આ ચેક બાઉન્સ થયા હતા. ચેક બાઉન્સ થયા પછી પણ અશોક લાલે રાજકુમાર સંતોષીનો કોન્ટેક્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રાજકુમાર તેમને મળ્યા ન હતા.

આ ઉપરાંત જામનગરની કોર્ટમાં કેસ થયા પછી તેઓ ૧૮ વખત સુનાવણીમાં પણ હાજર રહ્યા ન હતા.

રાજકુમાર સંતોષીના ચેક રિટર્ન થયા ત્યારે અશોક લાલે તેમને લિગલ નોટીસ મોકલી હતી પરંતુ રાજકુમારે તેનો જવાબ આપ્યો ન હતો. તેના કારણે અશોક લાલે વર્ષ ૨૦૧૭માં જામનગરની કોર્ટમાં તેમની સામે કેસ ફાઈલ કર્યો હતો. કોર્ટે સંતોષીને ચેક બાઉન્સના કેસમાં બે વર્ષની સાદી જેલની સજા ફટકારી હતી. ■

# કચ્છના બન્નીનાં ઘાસિયાં મેદાનોમાં આફ્રિકાથી ચિત્તા આવવાનું કાઉન્ટડાઉન શરૂઃ સંવર્ધન કેન્દ્ર આકાર પામી રહ્યું છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છમાં ૧૫૨ વર્ષ બાદ અને ગરવા ગુજરાતમાં ૮૪ વર્ષ બાદ ચિત્તાનું આગમન થવાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ચૂક્યું છે. મધ્ય પ્રદેશના કુનો પાર્ક બાદ બન્ની દેશના ઘાસીયાં મેદાનોમાં ચિત્તાના બ્રીડિંગ પ્રોજેક્ટ અંતર્ગત ડિસેમ્બર ૨૦૨૪ના અંત સુધી પ્રારંભિક તબક્કે આવનારા ૧૦ જેટલા ચિત્તાઓને આવકારવા માટે હાલ તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

આ પ્રોજેક્ટ અંગે વનપ્રધાન મૂળુભાઈ બેરાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૧૯૫૨માં ભારતમાં ચિત્તાને વિલુપ્ત પ્રાણી તરીકે જાહેર કરી દેવાયું હતું, ગુજરાતમાં છેલ્લા વિસાવદરમાં વર્ષ ૧૯૪૦માં અને કચ્છમાં ઈ.સ ૧૮૩૯ અને ઈ.સ ૧૮૭૨માં ચિત્તાની નોંધપાત્ર હાજરી નોંધવામાં આવી હતી. વિલુપ્ત થઇ ગયેલા આ પ્રાણીને ભારતમાં પુનઃસ્થાપિત કરવા માટે શરૂ થયેલા સંવર્ધન કાર્ય માટે ગુજરાત સરકાર દ્વારા પણ પહેલ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકારે કચ્છના બન્નીના ઘાસનાં મેદાનોમાં ચિત્તાના સંરક્ષણ સંવર્ધન માટેનો પ્રોજેક્ટ નેશનલ કોમ્પેન્સેટરી ફોરેસ્ટેશન ફંડ મેનેજમેન્ટ ઓથોરિટી (નેશનલ કેમ્પા) હેઠળ પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, નવી દિલ્હીને મોકલવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટને કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સમગ્ર પ્રોજેક્ટને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી દ્વારા મોનિટર કરવામાં આવશે.

૫૦૦ હેક્ટરના વિસ્તારમાં એક્લોઝર બનાવી તેમાં ચિત્તાને રાખવામાં આવશે. આ સંવર્ધન કેન્દ્રમાં ૮ ક્વોરેન્ટાઇન સેન્ટર બનાવવામાં આવશે અને ૮ સોફ્ટ રિલીઝ બોમા બનાવશે. ૫૦ દિવસ સુધી ચિત્તાને ક્વોરેન્ટાઇન રાખવામાં આવશે બાદમાં ત્યાં જ અંદર સોફ્ટ રિલીઝ કરશે. ૪ મીટરની ઊંચાઈવાળા એસ્ક્લોઝરમાં ચિત્તા પર વનવિભાગનો સ્ટાફ સતત નજર રાખશે. ચોકીદાર, ટ્રેકર અને પશુ તબીબ સહિતના સ્ટાફને અહીં રાઉન્ડ ધી ક્લોક મોનિટરિંગ માટે મૂકવામાં આવશે. રેડિયોકોલર ટેગ લગાવી વન્યજીવની હલચલ પર પળેપળની નજર રહેશે. સુવ્યવસ્થિત સંચાલન માટે ટૂંક સમયમાં એસીએફ, આરએફઓ, વનપાલ અને વનરક્ષક સહિતના સ્ટાફને મુલાકાત માટે કુનો મોકલવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન એન.શ્રીવાસ્તવે આ પ્રકલ્પ અંગે પ્રાથમિક માહિતી આપતાં જણાવ્યું હતું કે, દેશમાં ચિત્તાને પુનઃસ્થાપિત કરવા માટે વર્ષ ૨૦૨૨માં આફ્રિકાના નામિબિયાથી આઠ ચિત્તા લવાયા બાદ દક્ષિણ આફ્રિકાથી ૧૨ ચિત્તા લાવવામાં આવ્યા છે. કુનોની સરખામણીએ બન્નીનું ઘાસિયું મેદાન આફ્રિકાના વિશ્વપ્રખ્યાત સવાના ઘાસિયામેદાન જેવું હોતાં ચિત્તાને તે વધુ અનુકૂળ આવશે. હાલ અહીં મીઠા વૃક્ષોનું વાવેતર પણ કરી દેવામાં આવ્યા છે. એનટીસીએના ઉચ્ચ અધિકારી ગોવિંદ ભારદ્વાજે પણ તાજેતરમાં બન્નીની મુલાકાત લઇ સમીક્ષા કરી હતી. ચિત્તા માટે અહીં ચિંકારા બ્રીડિંગ સેન્ટર પણ બનાવાયું છે, તો તેમને ગરમી ન થાય તે માટે શેડની પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે તેમ સીસીએફ સંદીપ કુમારે જણાવ્યું હતું. બંધ પાંજરામાં તેનો ઉછેર હોતા સ્થાનિક ઢોર કે પશુપાલકોને કોઈ જાતનો ખતરો નહિ રહે તેમ તેમણે ઉમેર્યું હતું. બન્નીના 'ભગાડિયા' વિસ્તારમાં આ ચિત્તા બ્રીડિંગ સેન્ટરમાં પાંજરાની અંદર ઊછરશે. જેમાં પાણીના પોઇન્ટ, વનતળાવ, આર્ટિફિશિયલ શેડ, ચિત્તાને બેસી અને નિરીક્ષણ કરવા માટે માઉન્ટ એટલે ટેકરા સહિત સુવિધાઓ વિકસાવવામાં આવશે તેમ બન્ની ગ્રાસલેન્ડ ડિવિઝનના ડીસીએફ બી એમ પટેલે જણાવ્યું હતું. ■

# રાજયસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે ખ્યાતિકાંડનો મુદ્દો ઉઠાવ્યો

## સીબીઆઈ તપાસની માગ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર ગુજરાતમાં ખળભળાટ મચાવી દેનારા અમદાવાદના ખ્યાતિકાંડનો મુદ્દો સંસદમાં પણ ગૂંજયો હતો. ગુજરાત કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અને રાજયસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે રાજયસભામાં ઝીરો અવર્સ દરમિયાન અમદાવાદમાં ખ્યાતિકાંડનો મુદ્દો ઉઠાવ્યો હતો. શક્તિસિંહ ગોહિલે આ દરમિયાન સીબીઆઈ પાસે તપાસ કરાવવાની માંગ કરી હતી. શક્તિસિંહે આરોપ લગાવતા કહ્યું હતું કે, ગુજરાત ભાજપના એક નેતાએ રૂ. ૬,૦૦૦ કરોડનું પોન્ઝી "કૌભાંડ" ચલાવ્યું હતું અને સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ સીબીઆઈ તપાસની માગ કરી હતી.

તેમણે સંસદમાં જણાવ્યું હતું કે ગામમાં મફત મેડિકલ કેમ્પ યોજીને અને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) હેઠળ હોસ્પિટલને પૈસા આપવામાં આવ્યા હતા. તેમણે વધુમાં કહ્યુ હતું કે ૨૪ નવેમ્બરના રોજ આ પ્રખ્યાત હોસ્પિટલે મેડિકલ કેમ્પ દ્વારા ગરીબ લોકોને હાર્ટની તકલીફ હોવાનું કહીને ડરાવીને હોસ્પિટલમાં બોલાવ્યા અને જરૂર ન હોવા છતાં એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી, જેમાંથી બે દર્દીઓના મોત થયા હતા. અને ઘણા દર્દીઓને સમસ્યાના કારણે આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાંથી પૈસા એકઠા કરવાનું કામ એક ષડયંત્ર હેઠળ ચાલી રહ્યું હતું અને ગરીબોની જિંદગી સાથે રમત રમાઈ રહી હતી. રાજ્ય સરકાર દ્વારા રચાયેલી કમિટીએ પણ આ વાતને સમર્થન આપ્યું છે.

સમગ્ર વાત અધ્યક્ષને જણાવ્યા બાદ કૉંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજયમાં અન્ય સ્થળોએ પણ આવા ષડયંત્રો ચાલી રહ્યા છે, તેને રોકવા અને ગરીબ લોકોના જીવન સાથે રમત ન થાય તે માટે સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવે. ■

# આજે મુખ્ય પ્રધાન સહિતનાં પ્રધાનમંડળના દિલ્હીમાં ધામાઃ પાટીલના ભોજન સમારંભમાં હાજરી આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય જળશક્તિ પ્રધાન અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે ૨૩ નવેમ્બરના રોજ સુરત ખાતે પ્રદેશ પ્રમુખ તરીકેની જબદારીમાંથી મુક્ત કરવા સંદર્ભે નિવેદન આપ્યું હતું. વાવ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપની જીતને યાદ કરી પાટીલે કહ્યું હતું કે, મારી વિદાય વસમી નહીં પરંતુ ખુશી ભરી છે. આ બાબતે તેમણે પ્રમુખપદની જવાબદારીમાંથી મુક્ત કરી અન્યને આ જવાબદારી સોંપવા માટે બે વખત રજૂઆત કરી હતી. આ નિવેદન સાથે તેમણે પ્રદેશ પ્રમુખની જવાબદારીની જેને પણ તક મળશે તેને એડ્વાન્સમાં અભિનંદન પણ પાઠવ્યા હતા. તેમા પણ હવે ૪ ડિસેમ્બરે દિલ્હીમાં પાટીલ દ્વારા મહાભોજનનું આયોજન કરવામાં આવ્યું છે અને તેને ફેરવેલ પાર્ટી ગણવામાં આવી રહી છે.

આ નિવેદન બાદ હવે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત થવા જઈ રહ્યા હોવાની અટકળો ચાલી રહી છે. આ ચર્ચા વચ્ચે ભાજપના પ્રદેશ પ્રમુખ અને કેન્દ્રીય પ્રધાન સી.આર.પાટીલે દિલ્હીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહપ્રધાન અમિત શાહ ઉપરાંત ગુજરાતના તમામ ધારાસભ્યો અને સાંસદોને મહાભોજન માટે નિમંત્રણ આપ્યું છે. આ આમંત્રણને પાટીલના ફેરવેલની પાર્ટી તરીકે જોવાઇ રહી છે. અલબત્ત આ ફેરવેલ પાર્ટીની યજમાની પાટીલે લીધી છે. બુધવારે સાંજે દિલ્હીમાં પાટીલે પોતાના બંગલે જ એક પાર્ટીનું આયોજન કર્યું છે, જેમાં ફાઇવસ્ટાર કેટરર્સને કોન્ટ્રાક્ટ અપાયો છે. ■

# મધ્ય પ્રદેશના ઓમકારેશ્વરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વચ્ચે ક્રુઝ સર્વિસ શરૂ કરવામાં આવશે

અમદાવાદઃ કેન્દ્ર સરકારે દેશભરમાં પ્રવાસનને વેગ આપવા તેમજ સરળ તથા સુગમ પરિવહન માટે નદીઓને સાંકળતા વોટર વે બનાવવાની કામગીરી હાથ પર લીધી છે. એમાં વિશ્વની સૌથી ઉંચી સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીને પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર સાથે વોટર વેથી સાંકળી લેવા અને બન્ને વચ્ચે ૧૨૦ કિમીની ક્રૂઝ સેવા શરૂ કરવાની દિશામાં પ્રયાસો શરૂ થયા છે. આ માટે કેન્દ્ર સરકારે ૧.૧૬ કરોડની પ્રાથમિક ફાળવણી કરી છે રાજકોટના સાંસદ પરષોત્તમ રૂપાલાના પ્રશ્નના ઉત્તરમાં પોર્ટ, શિપિંગ અને વોટરવેઝ પ્રધાને વિગતો આપતાં જણાવ્યું હતું કે, ઇનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ સરદાર સરોવર નર્મદા નિગમ તથા મધ્ય પ્રદેશ સરકાર વચ્ચે ત્રિપક્ષીય કરાર કરી નર્મદા નદીમાં (નેશનલ વોટર વે ૭૩) ક્રૂઝ સેવા શરૂ કરવાની કામગીરી આરંભી છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ધારાવીના સર્વેક્ષણમાં સચોટતા માટે ડ્રોન, લાઈડરનોય ઉપયોગ

મુંબઈ: ભારતમાં કોઈપણ ઝૂંપડપટ્ટીના પુનર્વસન પ્રોજેક્ટ માટે પહેલી જ વાર, ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ એ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટીનું સર્વેક્ષણ અને દસ્તાવેજીકરણ કરવા માટે અદ્યતન ટેકનોલોજી અપનાવી છે.

ટેકનોલોજીની દૃષ્ટિએ આ આધુનિક અભિગમનો હેતુ આટલો વ્યાપ અને જટિલતા ધરાવતા પુનર્વિકાસ પ્રોજેક્ટમાં ચોકસાઈ, પારદર્શિતા અને કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવાનો છે.

પરંપરાગત રીતે, સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી પ્રોજેક્ટ માટેના સર્વેક્ષણો પરંપરાગત પદ્ધતિઓ જેમ કે કુલ સ્ટેશનના સર્વેક્ષણ અને ભૌતિક દસ્તાવેજો હાથોહાથ એકત્ર કરવા પર આધાર રાખતા હતા. પરંતુ ડ્રોન, લાઇટ ડિટેક્શન અને રેન્જિંગ (લાઇડર) ટેક્નોલોજી અને ડિજિટલ રીતે ડેટા એકત્રિત કરવા અને મૂલ્યાંકન કરવા માટે મોબાઇલ એપ્લિકેશન્સ જેવા આધુનિક સાધનો ઉપયોગમાં લેવાયા. એમ અધિકારીએ જણાવ્યું હતું.

લાઇડર એક સક્રિય રિમોટ સેન્સિંગ ટેક્નોલોજી છે, જે આ પ્રોજેક્ટમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જીઓસ્પેશિયલ ડેટાને ઝડપથી કેપ્ચર કરવાની ક્ષમતા માટે જાણીતું, લાઇડર, અંતર માપવા અને જમીન, ઇમારતો અને ઑબ્જેક્ટ્સની અત્યંત સચોટ થ્રીડી રજૂઆતો તૈયાર કરવા માટે લેસર લાઇટનો ઉપયોગ કરે છે. ધારાવીની સાંકડી અને ગીચ ગલીઓને નેવિગેટ (ની માપણી) માટે કરવામાં આવી રહ્યો છે.

આને, ડ્રોન ટેક્નોલોજી, જે-તે વિસ્તારની આકાશમાંથી તસવીરો લઈને પૂરક બનાવે છે, ઉપર (આકાશમાં)થી લીધેલાં માપ, મેપિંગ અને આયોજનમાં મદદ કરે છે. જમીન ઉપર, સર્વે ટીમો ડોર-ટુ-ડોર ડેટા સંગ્રહ માટે મોબાઇલ એપ્લિકેશનનો ઉપયોગ કરે છે.

# છ ડિસેમ્બરે શિવાજી પાર્કમાં પાલિકા ૮,૦૦૦ કર્મચારીઓને તહેનાત કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિન નિમિત્તે છઠ્ઠી ડિસેમ્બરના દાદરના શિવાજી પાર્કમાં ઊમટી પડનારા તેમના અનુયાયીઓ માટે તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરી આપવા માટે સુધરાઈ સજ્જ થઈ ગઈ છે. પીવાનાં પાણીથી લઈને ખાવા-પીવાની સગવડ સાથે વોચ ટાવર, સીસીટીવી કેમેરા, સફાઈ, આરોગ્ય સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.સુધરાઈના જણાવ્યા મુજબ દાદરમાં ચૈત્યભૂમિમાં લાખોની સંખ્યામાં અનુયાયી આવે એવી શક્યતા છે. કોઈ પ્રકારની ધક્કામુક્કી થાય નહીં અને શાંતિપૂર્વક લોકો ચૈત્યભૂમિ જઈ શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં અનુયાયીઓ માટે એક લાખ ચોરસ ફૂટ ક્ષેત્રફળના મંડપમાં તાત્પૂરતી રહેવાની સગવડ ઊભી કરવામાં આવી છે. વીઆઈપી કક્ષ, ત્રણ કંટ્રોલરૂમ, ૧૧ એમ્બ્યુલન્સ, આરોગ્ય સેવા, પીવાનાં પાણીની સગડવ, શૌચાલયો, સ્નાનગૃહ, બેસવાની વ્યવસ્થા, મોબાઈલ ચાર્જિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરી અપાશે. આ માટે સુધરાઈના લગભગ આઠ હજાર અધિકારી-કર્મચારીઓને ફરજ પર તહેનાત કરવામાં આવ્યા છે. અનુયાયીઓ માટે આ વખતે વોટરપ્રૂફ મંડપની વ્યવસ્થા કરવામાં આવી છે. એ સાથે જ શિવાજી પાર્કના મેદાનમાં ચાલવાના રસ્તા પર ધૂળ ઊડે નહીં તે માટે ધૂળ પ્રતિબંધક આવરણો નાખવામાં આવ્યા છે.

# કોસ્ટલ રોડની જમીન પર અર્બન ફોરેસ્ટ ઊભું કરવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈથી પશ્ચિમ ઉપનગર સુધીનો પ્રવાસનો સમય ઘટાડી નાખનારા મુંબઈ કોસ્ટલ રોડના બાંધકામ માટે મોટા પ્રમાણમાં દરિયામાં ભરણી કરીને જમીન ઊભી કરવામાં આવી છે. સંપાદન કરેલી ૮૫ હેક્ટર જમીન પર અર્બન ફોરેસ્ટ ઊભું કરવાની માગણી બ્રીચ કેન્ડી રેસિડન્ટ ફોરમે મુંબઈ મહાનગરપાલિકા સમક્ષ કરી છે. તાજેતરમાં તેમણે કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ચીફ એન્જિનિયરને પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં તેમણે ભીડ ટાળવા માટે ભુલાભાઈ દેસાઈ રોડ પરથી પ્રવેશ અટકાવવા, ધાર્મિક પ્રવાસ માટેની યોજનાને અટકાવવા તથા કોસ્ટલ રોડ પર મોડી રાતે થતા વાહનોની રેસ વગેરેને અટકાવવાની પણ માગણી કરી હતી. એટલું જ નહીં પણ કોસ્ટલ રોડ પર હૉર્ડિંગ્સ લગાડવા પ્રતિબંધ મૂકવાની માગણી પણ તેમણે કરી હતી.

બ્રીચ કેન્ડી રેસિડન્ટ ફોરમે તાજેતરમાં સુધરાઈ કમિશનર ભૂષણ ગગરાણીની મુલાકાત લીધી હતી અને તેમને સંપાદન કરેલી ૮૫ હેક્ટર જમીનમાંથી ટાટા ગાર્ડનથી મહાલક્ષ્મી સુધીની ૩૫ હેક્ટર જમીન પર અર્બન ફોરેસ્ટ ઊભું કરવાની માગણી કરી હતી. તેમ જ તેમણે કોસ્ટલ રોડ પ્રોજેક્ટના ચીફ એન્જિનિયર એમ. સ્વામીને પણ રહેવાસીઓની માગણીઓ બાબતે રજૂઆત કરી હતી, જેમાં મુખ્યત્વે વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને પહેલાથી ભીડભાડવાળા મુખ્ય રસ્તા પરથી પગપાળા જતા લોકોને અટકાવવા કોસ્ટલ રોડ બાજુથી ગ્રીન સ્પેસમાં જવા માટે એક્સેસ પોઈન્ટ ખોલી આપવાનો પ્રસ્તાવ રાખ્યો હતો. તેમ જ ૬૯ ટકા સ્થાનિક લોકોએ ટાટા ગાર્ડન પાસે કાર પાર્કિંગની માગણી કરી હતી.

# કોમેડિયન સુનીલ પાલ 'ગુમ': પત્નીએ ફરિયાદ નોંધાવી

મુંબઈ: જાણીતો કોમેડિયન સુનીલ પાલ એક શોમાં પટના ગયા પછી 'ગુમ' થઈ ગયો હોવાની ફરિયાદ તેની પત્નીએ સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ સુનીલ પાલની પત્ની સરિતા મંગળવારની સાંજે સાંતાક્રુઝ પોલીસ સ્ટેશનમાં પહોંચી હતી. બે દિવસથી સુનીલનો કોઈ સંપર્ક થતો ન હોવાનું તેણે કહ્યું હતું. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

કહેવાય છે કે સુનીલ એક શો માટે પટના ગયો હતો. છેલ્લે તેણે સંતાનોને મેસેજ મોકલાવ્યો હતો કે તે મંગળવારે પાછો આવી જશે. પછી તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ થઈ ગયો હતો.સરિતાનું કહેવું છે કે મંગળવારે તેને અમુક સગાંસંબંધીના કૉલ આવ્યા હતા. સગાંનું કહેવું હતું કે સુનીલ એક વૉઈસ મેસેજ મોકલાવીને રૂપિયા ટ્રાન્સફર કરવાની વિનંતી કરી રહ્યો છે. આ મેસેજ સુનીલના જ મોબાઈલ નંબર પરથી આવ્યા હતા. મેસેજ સાથે એક બારકોડ પણ મોકલવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. ૨૦૦૫માં ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચૅલેન્જથી જાણીતા થયેલા સુનીલ પાલે બૉમ્બે ટુ ગોવા, ફિર હેરાફેરી, હમતુમ, અપના સપના મની મની અને કિક જેવી ફિલ્મોમાં કામ કર્યું છે.

## નવમા પાનાનું ચાલુ

### શિંદે બીમાર

વિજય રૂપાણી મુંબઈ આવી પહોંચ્યા હતા અને એક સવાલના જવાબમાં તેમણે કહ્યું હતું કે મને લાગે છે કે રાજ્યમાં સૌથી મોટો પક્ષ ભાજપ ઠર્યો છે અને ભાજપનો મુખ્ય પ્રધાન હોય એમાં એકનાથ શિંદેને કોઈ વાંધો નહીં હોય. મારી હજી સુધી તેમની સાથે કોઈ ચર્ચા થઈ નથી, પરંતુ ભાજપનો જ મુખ્ય પ્રધાન હશે. બીજી તરફ ખાતાની વહેંચણી અંગે સોમવારે થનારી ચર્ચા એકનાથ શિંદે બીમાર હોવાથી થઈ શકી નહોતી તે બુધવારે અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં થઈ શકે છે. ખાનગી કાર્યક્રમ માટે સોમવારે દિલ્હી ગયેલા અજિત પવાર દિલ્હીમાં અમિત શાહને મળશે એવું કહેવાઈ રહ્યું હતું. બુધવારે સવારે તેઓ મુંબઈ પાછા ફરવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે અને ત્યારે આ ત્રણેય નેતાની બેઠકમાં પ્રધાનપદાંની ફાળવણીને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવશે.

### સીતારમણે સીએમની

નાણાપ્રધાન નિર્મલા સીતારમણ અને ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વિજય રૂપાણી પર પસંદગી ઉતારવામાં આવી હતી. ચૂંટણીનાં પરિણામના ૧૨ દિવસ બાદ બુધવારે સવારે મુખ્ય પ્રધાન માટેના નામની જાહેરાત થવાની છે ત્યારે નિર્મલા સીતારમણને આ પહેલાં પણ ચાર વાર આવી ભૂમિકા ભજવવાનો વારો આવ્યો હતો. છેલ્લાં ૭ વર્ષમાં તેઓ ચોથી વાર સીએમના પદ માટે નિરીક્ષક તરીકે નીમવામાં આવ્યાં છે.

આ પહેલાં સીતારમણને ૨૦૧૭માં હિમાલય પ્રદેશ, ૨૦૧૯માં હરિયાણા અને ૨૦૨૨માં મણિપુર માટે નિરીક્ષક તરીકે નીમવામાં આવ્યાં હતાં. ૨૦૧૭માં હિમાચલની ચૂંટણી બાદ જયરામ ઠાકુરની વિધિમંડળ પક્ષની બેઠકમાં નેતા પદે નિમણૂક કરવામાં આવી હતી. એ સમયે જે.પી. નડ્ડા અને પ્રેમ ધુમાળ મુખ્ય પ્રધાનપદ માટે મુખ્ય દાવેદાર હતા. જોકે જયરામનું મુખ્ય પ્રધાનપદ માટેનું નામ સરપ્રાઈઝ જ હતું. ૨૦૧૯માં નિર્મલા સીતારમણ હરિયાણામાં નિરીક્ષક તરીકે હતાં. અહીં પણ વિધિમંડળ પક્ષની બેઠકમાં જૂના મુખ્ય પ્રધાન મનોહર લાલ ખટ્ટરની મુખ્ય પ્રધાન તરીકે નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે ૨૦૨૨માં જૂના નામ એન. વીરેન સિંહ પર જ મહોર મારવામાં આવી હતી. હવે વારો આવ્યો છે મહારાષ્ટ્રનો. બુધવારે મુખ્ય પ્રધાનની નિમણૂક માટે સીતારમણ કઇ ફોર્મ્યુલા વાપરશે, તેની મંગળવારની રાત સુધી ચર્ચા ચાલી રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૨૦૧૪માં પહેલી વાર ભાજપે મહારાષ્ટ્રમાં પોતાનો મુખ્ય પ્રધાન બનાવ્યો હતો. એ સમયે મુખ્ય પ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસની નિમણૂક થઇ હતી. ફડણવીસે ૨૦૧૪થી ૨૦૧૯નો સમયગાળો પૂરો કર્યો હતો. ત્યાર બાદ ૨૦૧૯માં ફડણવીસ બીજી વાર મુખ્ય પ્રધાન બન્યા હતા. જોકે વિશ્વાસનો મત તેઓ જીતી શક્યા નહોતા. હવે મહારાષ્ટ્રમાં ત્રીજી વાર ભાજપનો મુખ્ય પ્રધાન બનવાનો છે, એ એકદમ જ નિશ્ચિત છે.

### સ્ટ્રાઈક રેટમાં

આવે છે, જ્યારે શિંદે સેના ત્રીજા નંબરે. વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિને બહુમતી મળ્યા બાદ રાજ્યમાં મહાયુતિની સરકાર સ્થપાવાની છે એ નિશ્ચિત છે. સત્તાસ્થાપના માટે મહાયુતિના નેતાઓમાં છેલ્લા દસેક દિવસથી મોટી હિલચાલ ચાલી રહી છે. મહાયુતિની બહુમતી પ્રાપ્ત થયા પછી પણ સરકાર સ્થાપવામાં આટલો સમય કેમ થઇ રહ્યો હોવાનું કહીને મહાયુતિ વિરોધ પક્ષની ટીકાનો સામનો કરી રહી છે. મુખ્ય પ્રધાન કોણ હશે એ વાત કરતાં ગૃહપ્રધાનપદ કોને મળશે એ અંગે પણ મોટી ચર્ચા ચાલી રહી છે. એકનાથ શિંદેને આ પદ જોઇએ છે, જ્યારે ભાજપ તેને છોડવા નથી માગતો. એ જ પાર્શ્વભૂમિ પર બે દિવસ પહેલાં રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવારની દિલ્હીમાં અમિત શાહ સાથે બેઠક થઇ હતી.

#### શિંદે-સેનાને વધુ બેઠકો ફાળવાઈ એટલો તેઓ વધુ બેઠકો જીત્યા

અમારી અજિત પવાર સાથે બેઠક થઇ હતી, જેમાં અમે હિસાબ માંડ્યો હતો. હવે શિવસેના (શિંદે) પક્ષને વધુ બેઠકો મળી એટલે જ તેઓ વધુ બેઠકો પરથી ચૂંટાઈ આવ્યા. આ જ આધારે અમને (એનસીપી)ને બેઠકો મળી હતી અને એ જ આધારે અમારા ઉમેદવારો ચૂંટાઈ આવ્યા હતા. જોકે સ્ટ્રાઈક રેટ પર નજર કરીએ તો ભાજપ ભલે પહેલા નંબરે હોય, પણ અમારો પક્ષ તો બીજા નંબરે જ આવે છે.

### ૧૦૦૦૦ લાડકી બહેનો

કલાકારો અને લેખકોને પણ આખા રાજ્યમાંથી બોલાવવામાં આવ્યા છે. શપથગ્રહણ કાર્યક્રમમાં મહાયુતિનો મહારાષ્ટ્રની સાંસ્કૃતિક વિવિધતા જોવા મળશે, એમ ભાજપના એક નેતાએ જણાવ્યું હતું. અત્યારના તબક્કે દેવેન્દ્ર ફડણવીસનું નામ મુખ્ય પ્રધાનપદ માટે મોખરે માનવામાં આવી રહ્યું છે. ભાજપે બે નિરીક્ષકો નિર્મલા સીતારમણ અને વિજય રૂપાણીને મહારાષ્ટ્રમાં મોકલ્યા છે અને તેમની હાજરીમાં બુધવારે થનારી બેઠકમાં મુખ્ય પ્રધાનનું નામ અંતિમ કરવામાં આવશે.

#### ૧૦૦૦૦ લાડકી બહેન અને ૫૦૦૦ ખેડૂતો હાજરી આપશે

રાજ્યના નવા મુખ્ય પ્રધાનના શપથ ગ્રહણ કાર્યક્રમને ભવ્ય સ્વરૂપ આપવા માટે ભાજપ પૂરી તાકાત લગાવી રહી છે, ત્યારે ભાજપના એક નેતાએ મંગળવારે એવી માહિતી આપી હતી કે આખા રાજ્યમાંથી પાંચથી દસ હજાર લાડકી બહેનો અને બેથી અઢી હજાર ખેડૂતો પણ આ શપથવિધિમાં સામેલ થશે. મુંબઈની હાઉસિંગ સોસાયટીઓએ અમને સારી મદદ કરી હતી અને આવી પાંચ હજાર સોસાયટીઓના ચેરમેન, સેક્રેટરી પણ આવવાના છે. વારકરી પંથના લોકો પણ આવવાના છે. ડબ્બાવાળાઓ પણ આવવાના છે. ૪૦-૫૦ હજાર કાર્યકર્તાઓ પણ આ સ્થળે જોવા મળશે. આ ઉપરાંત ૨,૦૦૦ વીઆઈપી, વીવીઆઈપીની વ્યવસ્થા કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં જ્યાં એલઈડી સ્ક્રીન છે ત્યાં બધે જ શપથવિધિ જીવંત પ્રસારિત કરવામાં આવશે.

### ખેતવાડીમાં બબાલ

માટે જણાવ્યું હોવા અંગેની ફરિયાદ લઇને વિમલ મંગલ પ્રભાત લોઢા પાસે ગઇ હતી. લોઢાએ આ સમયે એવો જવાબ આપ્યો હતો કે અમારા અંદરોઅંદર ઝઘડા કરાવાય છે. મહિલાએ આ અંગે રોષ ઠાલવતાં કહ્યું હતું કે અમે તેમને ચૂંટ્યા અને તેઓ હવે એમ કહે છે કે તેઓ અમને ઓળખતા નથી. તમને ઓળખ જોઇએ છે કે શું? તમે મલબાર હિલના વિધાનસભ્ય છો તો શું તમને પણ ઓળખાણ જોઇએ છે? આ વિસ્તારનો દરેક નાગરિક તમારો જ છેને? તો પછી ઓળખ શેની, એવો સવાલ મહિલાએ કર્યો હતો. જોકે મંગલ પ્રભાત લોઢાના આવા જવાબથી અચરજ પામેલી મહિલાએ બાદમાં મનસેને ફરિયાદ કરી હતી. ગિરગાંવના સ્થાનિક મનસે પદાધિકારીએ આ વિષયને માથે લીધો હતો. પદાધિકારીએ કહ્યું હતું કે ગિરગાંવથી ખેતવાડીની અમુક મહિલાઓ આવી ફરિયાદ લઇને આવી હતી. ખેતવાડી ખાતેના એક મારવાડી વેપારીએ મરાઠી મહિલાઓને મરાઠીમાં શા માટે બોલે છે એવું પૂછ્યું હતું. હવે મહારાષ્ટ્રમાં ભાજપની સરકાર છે એટલે મારવાડીમાં જ બોલવું એવી ધમકી આપી હતી. દરમિયાન વેપારીને મનસેના કાર્યકર્તાઓએ આ અંગે પૂછતાં તેમણે એ વાતને માન્ય કરી હતી. જોકે બાદમાં મનસેના કાર્યકર્તાઓએ બાદમાં મારવાડી વેપારીને સબક શીખવાડ્યો હોવાની વાત જાણવા મળી હતી. ત્યાર બાદ મારવાડી વેપારીએ આ માટે થઇને માફી પણ માગી હતી અને હવે પછી આવું નહીં થાય એવું કહ્યું હતું.

#### લોઢાએ પણ કરવી પડી સ્પષ્ટતા: મુંબઈ સૌપ્રથમ તો મરાઠી માણસની

ગિરગાંવમાં મરાઠા ભાષા નહીં પણ મારવાડી ભાષા બોલો, એવી જબરદસ્તી જો કોઇ કરતું હોય તો એ ભૂલભરેલું છે. ભાજપનું નામ લઇને આવું બિલકુલ ચલાવી નહીં લેવામાં આવે, એવી સ્પષ્ટતા કરીને મંગલ પ્રભાત લોઢાએ કહ્યું હતું કે મુંબઈ સૌપ્રથમ મરાઠી માણસની છે, એટલે જો કોઇ ભાષાના નામે દ્વેષ ફેલાવતો હોય તો તેની સામે કડક કાર્યવાહી કરો.

### 'ફેંગલે' વાવાઝોડાં

૨૪ ડિગ્રી જેટલું ઊંચુ નોંધાયું હતું. મુંબઈ સહિત રાજ્યમાં અચાનક વાતાવરણમાં થયેલા ફેરફાર માટે હવામાન વિભાગના નિષ્ણાતો 'ફેંગલ' વાવાઝોડાને જવાબદાર ગણાવી રહ્યા છે, જે અઠવાડિયાના અંતમાં તમિલનાડુમાં આ વાવાઝોડાનો લેન્ડફોલ થયો હતો. આ વાવાઝોડું મુંબઈ અને મહારાષ્ટ્રમાં ભેજ ખેંચી લાવ્યો છે ને સાથે જ પવનોની પેટર્ન પણ ઉત્તર દિશાના ઠંડા અને સૂકામાંથી દક્ષિણ-પૂર્વના ભેજવાળા થઈ ગયા છે. જોકે 'ફેંગલ'નું જોર ઓસરવાની સાથે જ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. મુંબઈમાં મંગળવાર, ત્રણ ડિસેમ્બરના સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૨૪.૦ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતા ચાર ડિગ્રી વધારે હતું. જ્યારે કોલાબામાં લઘુતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી હતું, જે સામાન્ય કરતા બે ડિગ્રી વધારે હતું. સાંતાક્રુઝમાં બે ડિસેમ્બરના લઘુતમ તાપમાન ૨૦.૦૬ ડિગ્રી નોંધાયું હતું અને ૨૪ કલાકની અંદર તે ઝડપથી વધીને ૨૪ ડિગ્રીએ પહોંચી ગયું હતું. હવામાનના નિષ્ણાતોના કહેવા મુજબ 'ફેંગલ' વાવાઝોડું તમિલનાડુમાં લેન્ડફોલ થયું હતું , જેણે મુંબઈ અને મહારાષ્ટ્રમાં પુષ્કળ માત્રામાં ભેજ ધકેલ્યો છે. તેમ જ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ઉત્તર તરફથી જે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા હતા, તેની દિશા પણ બદલાઈને હવે દક્ષિણ-પૂર્વ થઈ ગઈ છે. તેથી મંગળવારે આખો દિવસ મુંબઈમાં ભેજવાનું અને વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. વાવાઝોડું આગળ વધી ગયું અને કર્ણાટકના કિનારે અરબી સમુદ્રમાં ડિપ્રેશનમાં ફેરવાઈ ગયું છે અને તેની અસર અઠવાડિયાના અંત સુધી રહેવાની છે. તેથી આઠ ડિસેમ્બર સુધી તાપમાન ઊંચુ જ રહેવાનું છે અને ત્યારબાદ તેમાં ઘટાડો થશે. આ દરમિયાન વાવાઝોડાની અસર હેઠળ દક્ષિણ મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં પાંચ ડિસેમ્બર સુધી હળવા વરસાદના ઝાપટાંની શક્યતા છે. મંગળવારે રાજ્યના હિલ સ્ટેશન મહાબળેશ્વરમાં પણ લઘુતમ તાપમાનનો પારો ૧૭.૪ ડિગ્રીએ પહોંચી ગયો હતો. તો અહમદનગર અને નાશિક જેવા શહેરોમાં હજી બે દિવસ પહેલા લઘુતમ તાપમાનનો પારો આઠને નવ ડિગ્રી હતો તે અનુક્રમે ૨૨.૪ ડિગ્રી અને ૧૭.૬ ડિગ્રીએ પહોંચી ગયો હતો.

#### હવામાં પ્રદૂષણનું પ્રમાણ વધ્યું

મુંબઈમાં બે-ત્રણ દિવસથી હવાની ગુણવત્તાને પણ અસર થઈ છે. આખો દિવસ વાદળિયું વાતાવરણ રહ્યું હતું અને દિવસ દરમિયાન વિઝિબિલિટી પણ ઓછી રહી હતી. મંગળવારે મુંબઈનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૩૧ રહ્યો હતો. તો બોરીવલીમાં ૨૧૧, મલાડમાં ૧૮૨ ચેમ્બુરમાં ૧૪૫, ઘાટકોપરમાં ૧૭૨, એક્યુઆઈ નોંધાયો હતો.

### દિલ્હીમાંના સુપરપાવરને

ખરાબ હોવાથી ગયા શુક્રવારે સતારા જિલ્લામાં તેમના ગામ ડેરેગામ જવાના તેમના નિર્ણયે એવી અટકળોને વેગ આપ્યો કે નવી મહાયુતિ સરકાર જે રીતે આકાર લઈ રહી છે તેનાથી તેઓ નાખુશ છે. જો કે, તેમના સહાયકોએ જણાવ્યું હતું કે ગયા મહિને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન થયેલી દોડધામને કારણે તેમની તબિયત સારી નથી.

## પારસી મરણ

હોમી સોરાબજી માદન તે ડોલી હોમી માદનના ખાવીંદ. તે મરહુમો મેહરામાય એરવદ સોરાબજી હોરમસજી માદનના દીકરા. તે પરવીન ને સોરાબના પપા. તે ફરઝાના ને એરવદ કઇરસના સસરા. તે મરહુમો તેહમી, દીનુ ને એરવદ નોશીરના ભાઇ. તે ફારા, એરવદ રીશાદના મમાવાજી. (ઉં. વ. ૯૪) રે. ઠે. ૬૩૧ મેહરવિલા, ત્રીજે માળે, મનચેરજી જોશી રોડ, પારસી અગિયારી સામે, દાદર (ઇ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૫-૧૨-૨૪ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપર ઓલબલેસ બંગલીમાં ડુંગરવાડી.

રુસ્તમ સોરાબ ઇરાની તે અરનના ધની. તે મરહુમ શીરીન, મરહુમ સોરાબ ઇરાનીના દીકરા. તે મેરવીન, રુપીના ને જેસમીનના પપા. તે હુફરીશ ને મરહુમ બીનાઇફરના સસરા. તે ઝીનોબીયા, મરહુમો ગુસ્તાદ ને મેહરનોશના ભાઇ. તે રકશંદાના બપાવા. (ઉં. વ. ૯૦) રે. ઠે. શીરીજી હાઉસ, બીજે માળે, ૭૫ મીનત રોડ, મુંબઇ, જી.પી.ઓ. મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા: તા.૫-૧૨-૨૪ના બપોરે ૩.૪૦ વાગે માનેકજી શેઠ અગિયારીમાં છેજી.

ફરીદા ફરોખ ગોતલા તે મરહુમ ફરોખના ધનાની. તે મરહુમ ફ્રેની ધનજીશા માસ્તરના દીકરી. તે માહારુખ ને અદીલના માતાજી. તે કમલરુખના સાસુજી. તે તરોનીશ, ઝકશ ને ઝીયુઝના બપઇજી. તે સીલ્લુના બહેન. (ઉં. વ. ૮૯) રે. ઠે. ૧૨૦૨, વીલીનગ હાઇતડ, તુલસી વાડી, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૫-૧૨-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે સેઠના અગિયારી તારદેવ.

## હિન્દુ મરણ

**કપોળ**

મોટા ખુટવડાવાળા સ્વ. ભુપતરાય મોહનલાલ મોદીના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૮૯) તા. ૩૦-૧૧-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે કિશોર, બકુલ, અ. સૌ. બીનાના માતુશ્રી. સૌ. રક્ષા અને મહેશના સાસુ. અનુજ, ધર્મીલ, પાર્થ અને સૌ. કૃતિના દાદી. પિયરપક્ષે મોટા ખુટવડાવાળા ગીરધરલાલ પ્રભુદાસ પારેખની દીકરી. ચંદ્રકાંત, સ્વ. વસંતભાઇ, સતીશભાઇ, સ્વ. પ્રભાબેન, સ્વ. તારાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લુહાણા**

ગામ સાવરકુંડલા હાલ મુંબઇ નિવાસી રામ મશરાની (ઉં. વ.૫૭) તા. ૨-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નંદલાલભાઇ તથા સ્વ. જયાબેનના પુત્ર. માલીનીબેનના પતિ. ઊર્જા, જસના પિતાશ્રી. ગૌરવના સસરા. તે બીનાબેન, પારુબેન, સ્વ. રાજેશભાઇ, શ્યામભાઇના ભાઇ. સ્વ. લહેરચંદ નાગદા તથા કુંજલતાબેનના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ મલાડ સ્વ.જયાબેન બાલકૃષ્ણ દેવરાજ ચિતલીયાના સુપુત્ર ભુપેન્દ્ર ચિતલીયા (ઉં.વ. ૬૮) તા. ૦૩-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. ફાલ્ગુનીના પતિ. રવિન્દ્રભાઈ તથા કલ્પનાબેન રાજુભાઈ શેઠના ભાઈ. નેહા જીમેશ શાહ અને માનસી હસીત બથિયાના પિતા. આર્યવીર, કિયાંશના નાના. શ્વશુરપક્ષે જસવંતરાય પ્રભુદાસ ગાંધીના જમાઈ. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

અશ્વિન સંપટ (ઉં. વ. ૭૧) તે સ્વ. રમેશ અને સ્વ. ચંદ્રિકાના પુત્ર. તે આરતી (પલ્લવી)ના પતિ. અ. સૌ. સ્નેહા નિલેશ શાહના પિતા. પ્રિશાના નાના. તે સ્વ. હંસરાજ ગોરધનદાસ વેદના જમાઇ. તે જયેશ, માલિની યોગેશ શ્રોફના ભાઇ રવિવાર, તા. ૧-૧૨-૨૪ના મસ્કત મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટીયા**

ગં. સ્વ. મીના આસર (ઉં. વ. ૬૯) તે સ્વ. ધીરેશ માધવદાસ આસરના પત્ની. સ્વ. ગોવિંદદાસ રામૈયાના પુત્રી. માધવદાસ આસુભાઇ આસરના પુત્રવધૂ. તે ભાનુમતી ભૂપેન્દ્ર ભાટિયા, ઉષા નટવરલાલ ઉદેશી, પૂર્ણિમા ચંદ્રસિંહ જેસરાણીના ભાભી તા. ૨-૧૨-૨૪ વૈજાપુર ખાતે શ્રીજીનાચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કોટડી મહાદેવપુરીના સ્વ. રાધાબેન રણછોડદાસ કોટકના પુત્ર સ્વ. શશીકાંતભાઇ (ઉં. વ. ૯૦) રામશરણ પામેલ છે. તે મધુકાન્તાબેનના પતિ. જયેશ, દેવેન, મીરાના પિતા. સ્વ. દેવકાબેન દયાળજી ભલ્લા (ગામ અંજાર)ના જમાઇ. સ્વ. શાંતાબેન, સ્વ. વેલાંબેન, સ્વ. પાર્વતીબેન, સ્વ. રૂક્ષ્મણીબેન, સ્વ. તારાબેન, સ્વ. હીરજીભાઇ, સ્વ. કિશોરભાઇના ભાઇ. પ્રીતિ, ઉષા, ધર્મેશ રૂપારેલના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સથરાવાળા સ્વ. હીરાલક્ષ્મી તથા વસંતરાય ભાઈચંદ્ર મથુરીયાના પુત્ર જસવંતભાઈ (જશુભાઈ) હાલ ન્યુજર્સી (અમેરીકા) (ઉં. વ. ૭૩) તા.૧૯/૧૧/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે નયનાબેનના પતિ. અમીષા ઈમરાન હાફીઝ, બિજલ પૂરવ પારેખ તથા નિરવના પિતાશ્રી. સ્વ.હર્ષદરાય, સ્વ.ચંદ્રકાંતભાઈ, સ્વ.નવીનભાઈ, ગં.સ્વ.રેણુકા (વીણા), ગજેશચંદ્ર મહેતા, ઈલા અભયકુમાર, વર્ષા દિલીપકુમારના ભાઈ. મહુવાવાળા સ્વ.વિમળાબેન, સ્વ. જયંતિલાલ વૃજલાલ સંઘવીના જમાઈ.

**હાલાઇ લોહાણા**

મૂળગામ રાજકોટવાળા હાલ મલાડના સ્વ.બેચરલાલ કલ્યાણજીભાઈ રાચ્છના ધર્મપત્ની ગં. સ્વ. સુશીલાબેન રાચ્છ (ઉં. વ. ૮૫) ૨/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે રાજુભાઈ, રમાબેન, સ્વ.ચંદુભાઈ તથા સ્વ.દિનકરભાઇના માતુશ્રી. ધનલક્ષ્મીબેન, સ્વ.મહેન્દ્રકુમાર ઠાકરશી કોટેચાના સાસુ. પિયરપક્ષે કરાચીવાળા હાલ રાજકોટ સ્વ.શાંતાબેન ભવાનજી મુલજી અઢિયાના દીકરી. પ્રાર્થનાસભા ૫/૧૨/૨૪ના ૫ થી ૬. તારાબાગ ચાલ, રૂમ નં ૩, દેરાસરવાળી ગલ્લી, મામલતદાર વાડી નં ૩, મલાડ વેસ્ટ.

**કપોળ**

ભાવનગર નિવાસી હાલ બોરીવલી સ્વ.ધીરુભાઈ રામજીભાઈ કોઠારીના ધર્મપત્ની હર્ષા કોઠારી (ઉં. વ. ૬૮) ૩/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે આનંદના માતુશ્રી. હસુભાઈ, વિનુભાઈ, પુષ્પાબેન, રમીલાબેન, રસીલાબેનના ભાભી. સ્વ.મોતીલાલ રણછોડદાસ મડીયાના દીકરી. સ્વ. કિરીટભાઈ, અરુણાબેન, હિનાબેન, પ્રફુલ્લાબેન, સ્વ.નીરુબેન, ઇલાબેનના બહેન. પ્રાર્થનાસભા ૫/૧૨/૨૪ના ગુરુવાર ૪ થી ૬. એલિકા હોલ, લોખંડવાલા રોડ, એલિકાનગર, લોખંડવાલા ટાઉનશીપ, કાંદિવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

થાનીયાણા નિવાસી હાલ દહિસરના સ્વ.સુશીલાબેન નાનાલાલ રામજીભાઈ પારપાણીના પૌત્ર તથા સ્વ.જ્યોતિબેન તથા કિરીટભાઈ પારપાણીના પુત્ર પલાશ પારપાણી (ઉં. વ.૩૦) ૨/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે રાજુભાઈ, રમેશભાઈ, સ્વ.મહેશભાઈ, સ્વ. પૂનમબેનના ભત્રીજા. હિમીલ, વિનીત, રીતિ ઉમંગ વ્યાસના ભાઈ. મોસાળપક્ષે સ્વ.મંજુલાબેન જયંતીલાલ મથુરાદાસ દાવડાના દોહિત્ર. પ્રાર્થનાસભા ૫/૧૨/૨૪ના ૧૦.૩૦ થી ૧૨. વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

ગુંદરણા નિવાસી હાલ રાજકોટ જયંતીલાલ ચકુભાઇ મૂંજ્યાસરાના ધર્મપત્ની પ્રેમિલાબેન (ઉં. વ. ૭૫) તે ૩૦/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હિતેશ, કલ્પેશ, ઈલા દેવેનભાઈ સાંગાણી, બીના અમિતભાઇ ધોળકિયા, પ્રજ્ઞા મનોજભાઈ ધાબડિયાના માતુશ્રી. ઈશ્વરભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ.પ્રવીણભાઈ, સ્વ. શારદાબેન મનસુખલાલ ગાંધી, ગં. સ્વ. ભાનુબેન ભુપતરાય કઢી. ગં.સ્વ.મંગળાબેન ચંદુલાલ વસાણી, પ્રિતી હસમુખરાય ધાબળિયાના ભાભી. ઉપલેટાવાળા સ્વ.નંદલાલ ગીરધરલાલ સાંગાણીના દીકરી.

**હાલાઇ લોહાણા**

મૂળગામ નવાદેવળીયા નિવાસી હાલ મલાડ સ્વ.દેવકુંવરબેન શાંતિલાલ જેરામ કક્કડના પુત્ર અશ્વિનભાઇ કક્કડ (ઉં. વ. ૬૯) ૨/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે અનસૂયાબેનના પતિ. સ્વ.કાશીબેન મગનભાઈ બુધાભાઈ પટેલના જમાઈ. નિમીષા કેતનભાઈ દત્તાણી તથા યશના પપ્પા. સ્વ. વિનોદભાઈ, સ્વ.કિરીટભાઈ, સ્વ.રમાબેન લક્ષ્મીદાસ ખખ્ખર, સ્વ.કુસુમબેન દિનેશભાઇ પોપટ, ગં.સ્વ.મધુબેન કમલેશ મહેતા, ભગવતી નિલેશ પોંઢાના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાવરાઇ ભાટિયા**

રવિ પ્રતાપસિંહ પાલેજા (ઉં. વ. ૪૯) ૨/૧૨/૨૪ સોમવારના શ્રીજીશરણ પામેલ છે. તે મૂળગામ મોટી અરલ નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ.પ્રતાપસિંહ મુલજી પાલેજા તથા ગં.સ્વ.મીનાબેનના પુત્ર. શીતલના પતિ. દેવિક તથા જીયાના પિતા. આશા શૈલેન આશરના ભાઈ, સુરેખા રમેશભાઈ રામચંદ્ર સાવંતના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલીના ભાનુમતી છોટાલાલ શેઠ (ઉં. વ. ૮૪) તે ૩૦/૧૧/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ.દયાકુંવર છોટાલાલ શેઠના સુપુત્રી. સ્વ.વિજયાબેન નટવરલાલ માલવિયા, સ્વ.કાંતિલાલ, સ્વ.નવનીતભાઈ, સ્વ.હસમુખભાઈના બહેન. સ્વ.કુસુમબેન તથા સ્વ.વસુબેનના નણંદ. દિપક કાંતિલાલ શેઠ, અમિતા સંજીવ ધ્રુવના ફઈ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળગામ ભાણવડ હાલ મુંબઈ નિવાસી અ.સૌ આરતી તથા અમિત લક્ષ્મીદાસ મશરૂના સુપુત્ર ધ્રુવ (ઉં. વ.૨૩) સ્વ. હંસાબેન તથા સ્વ.લક્ષ્મીદાસ મશરૂના પૌત્ર. અ.સૌ.રેખાબેન તથા આશિષ લક્ષ્મીદાસ મશરૂના ભત્રીજા. સ્વ.ભારતીબેન તથા સ્વ.નરેન્દ્રભાઈ દવેના દોહિત્ર તા.૦૨/૧૨/૨૪ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ કડવા પાટીદાર**

સ્વ.વાલજીભાઈ જેઠાભાઈ સાંખલા (ઉં. વ. ૯૦) ગામ ઘડુલી. હાલે થાણા સ્વ.મંગળાબેનના પતિ. ભવનજીભાઈ, શાંતિલાલભાઈ, સ્વ.દિનેશભાઈ તથા જયાબેનના પિતાશ્રી. સ્વ. જીવરાજભાઈના નાનાભાઈ. હંસરાજભાઈના કાકા. સ્વ.ગંગાબેન, ખેતાભાઇ, કાંતાબેનના મોટાભાઈ,. દમયંતીબેન, કમળાબેન, કંચનબેન,ગં.સ્વ. હંસાબેનના સસરા તા. ૨-૧૨-૨૪ સોમવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા. તા.૪-૧૨- ૨૪ને બુધવારે ૪.૦૦ થી ૫.૩૦ , શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વાડી,લેવીનો કપૂર કમ્પાઉન્ડ, કેસલ મીલ, એલબીએસ રોડ, થાણા (વે).

**કચ્છી રાજગોર**

મસ્કા પિયવાવાડીના નવિનલાલ (ઉં. વ. ૬૫) તા.૨-૧૨-૨૦૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ.મીઠાબાઈ જેઠાલાલ નારણજી મોતાના સુપુત્ર. ચંદ્રિકાબેનના પતિ. શાન્તિલાલ, મનીષાબેન, કાંતાબેન, દર્શનભાઈના પિતા. સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. બાબુલાલ, હિરબાઈ, હાંસબાઈ, ગં.સ્વ. મણીભાઈ, સ્વ. રમીલાબેન, મંજુલાબેન, લક્ષ્મીબેન, નીતાબેનના ભાઈ. ગં.સ્વ. કસ્તુરબેન લાલજી પ્રેમજી પેથાણી ગુંદિયાણીના જમાઈ પ્રાર્થનાસભા તા.૪-૧૨-૨૦૨૪ના ૫.૩૦ થી ૭.૦૦. લોઢા ફિઓએઆ બેન્કવેટ હોલ, ૭મે માળે, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ગોરેગામ ઈસ્ટ.

## જૈન મરણ

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ બોરીવલી ચંદનબેન કાંતિલાલ ત્રિભોવનદાસ પારેખનાં સુપુત્ર ભાઇ ભરત (ટીકી) (ઉં. વ. ૬૯) તે રશ્મિના પતિ. તે રોનક નિશ, ખુશ્બુ અક્ષયના પિતાશ્રી. સ્વ. ભૂપેન્દ્રભાઇ-ઉષા, સ્વ. જગદીશભાઇ-રેખા, ધીરેન્દ્રભાઇ-સરોજ, પંકજ-રીનાનાં ભાઇ. તે કંચનબેન જયંતિલાલ શાહના જમાઇ મંગળવાર, તા.૩-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૫-૧૨-૨૪ ૯થી ૧૦.૩૦. ઠે. એમ્બ્રોસીયા બિલ્ડિંગ, પોડિયમ-૩, દેવીપાડા મેટ્રો સ્ટેશન સામે, વેસ્ટર્ન એકસપ્રેસ હાઇવે, બોરીવલી (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર હાલે ઐરોલીના માતુશ્રી રૂક્ષ્મણી હંસરાજ દેઢીયા (ઉં. વ. ૯૧) તા. ૩૦-૧૧-૨૪ના અવસાન પામેલ છે. પાંચીબેન કુરપાર ધરમશીના પુત્રવધૂ. સ્વ. હંસરાજના ધર્મપત્ની. સ્વ. રમેશ, રસીક, લતા, માધુરી, કીર્તીના માતુશ્રી. દેશલપરના કુંવરબાઇ મુરજી ગાલાના પુત્રી. રમણીક, લક્ષ્મીચંદ, ભુજપુરના ઝવેરબેન પ્રેમજીના બેન. ત્વચાદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણ : કીર્તી દેઢીયા, ૪૦૧, નવ અરીહંત, પ્લોટ-સી, ૧૨, સેક્ટર નં. ૯, ઐરોલી-૪૦૦૭૦૮.

બિદડા (હાલાઈ ફરીયો)ના દિપક કલ્યાણજી સાવલા (ઉં. વ. ૫૫) તા.૨-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. ચંચલબેન કલ્યાણજીના પુત્ર. બીનાના પતિ. નિમિત્તના પિતા. રાજીવ, રાહુલ, બિદડાના બિંદુ હિતેષ ફુરીયાના ભાઈ. લીંબડીના નિર્મળાબેન હર્ષદભાઈ શેઠના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કલ્યાણજી સાવલા, ૧૪૩/બી-૧૧, જ્યોતિ, ગારોડીયા સ્કુલ ગેટ સામે, ગારોડીયા નગર, ઘાટકોપર, મુંબઈ-૭૭.

લાખાપુરના વસુમતી ભવાનજી અરજણ મારૂ (ઉં. વ. ૭૮) તા.૩-૧૨-૨૪ના અવસાન પામેલ છે. દેવકાબેન અરજણ ગોસરના પુત્રવધૂ. ભવાનજીના પત્ની રીટા, હિરેન, રાજુ, લીસાના માતુશ્રી. ગુંદાલા રતનબેન નરશી હધુ સત્રાના પુત્રી. દામજી, લાખાપુર લક્ષ્મીબેન નાગજી, ગુંદાલા મણીબેન કરમશીના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. રાજુ ભવાનજી મારૂ, પાર્ક પ્લાઝો, પ્લોટ નં.૧૬૦, ૯ મે માળે, રૂમ નં.૯૦૧, સરભાલચંદ્ર રોડ, હિંદુ કોલોની, દાદર (ઈ).

નરેડીના રજનીકાંત વેલજી નાગડા (ઉં. વ. ૭૩), તા. ૨/૧૨/૨૪ના અવસાન પામેલ છે. મા. સુંદરબેન વેલજીના સુપુત્ર. લીલાવતીના જીવનસાથી. અંકિત, હેતલના પિતા. ટોકરશી, દેવપુરના હીરબાઇ હેમચંદ, ગઢસીસાના કિરણ રતનશી, ભોજાયના જવેર ભાઇલાલ, નાના રતડીયાના કંચન રમેશના ભાઇ. કેસરબેન મોહનલાલના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. લીલાવંતી નાગડા, ૬૦૧, માનવ મંદિર, સર્વોદય હાઇટ્સની સામે, જૈન મંદિર નગર, મુલુંડ (વે.).

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે

(૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



# આરબીઆઇ સામે મોટી મૂંઝવણ: કાતર ક્યાં ફેરવવી!

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

એકતરફ જ્યાં ખાસ કરીને ધિરાણ લેનારાઓ અને અર્થશાસ્ત્રીઓ વ્યાજદરના ઘટાડાની જાહેરાત માટે કાગડોળે રાહ જોઇ રહ્યાં છે, ત્યાં બીજી તરફ વિવિધ આર્થિક સમીકરણોએ રિઝર્વ બેન્કના અધિકારીઓને મોટી મૂંઝવણમાં મૂકી દીધાં છે. નોંધવું રહ્યું કે એમપીસીની બેઠક આજથી શરૂ થઇ રહી છે.

અમે પાછલા સાત ક્વાર્ટરમાં સૌથી ધીમી જીડીપી વૃદ્ધિ પ્રિન્ટ જોઈ છે. ભારતની બીજા ક્વાર્ટરની વાસ્તવિક જીડીપી વૃદ્ધિ પાછલા સાત ત્રિમાસિકમાં સૌથી ધીમી પડીને ૫.૪ ટકાના સ્તરે પહોંચી છે. હવે આ અંગે આરબીઆઇની મોનેટરી પોલિસી કમિટી (એમપીસી)એ આજથી શરૂ થનાર બેઠકમાં છઠી ડિસેમ્બર સુધીમાં નિર્ણય લેવાનો રહેશે.

હવે જોવાનું રહે છે કે કેન્દ્રિય બેન્ક ફુગાવાના સંચાલનને વધુ મહત્ત્વ આપે છે કે આર્થિક વૃદ્ધિને ટેકો આપવા તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે. નિષ્ણાતો સૂચવે છે કે આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસ ફેબ્રુઆરીમાં વ્યાજદરમાં ઘટાડો કરતા પહેલા કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ઘટાડો કરી શકે છે.

સાત ક્વાર્ટરના સૌથી નબળા જીડીપીના આંકડાએ, આર્થિક વિકાસની ધીમી પડેલી ગતિ, ઊંચી સપાટીએ પહોંચેલા ફુગાવા અને વિનિમય દર પર વધી રહેલા દબાણ વચ્ચે અટવાયેલી ભારતીય રિઝર્વ બેંકનું ગણિત ખોરવી નાખ્યું છે.

અર્થ નિષ્ણાતો કહે છે કે, ફુગાવાની વર્તમાન ગતિશીલતા ટૂંકા ગાળામાં વ્યાજદરમાં ઘટાડા માટે અનુકૂળ નથી અને આરબીઆઇ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે તેના વિકાસના અંદાજને વધુ વાસ્તવિક બનાવે તેવી શક્યતા છે. આજથી શરૂ થનાર નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં આરબીઆઇના અર્થશાસ્ત્રીઓએ ફુગાવા સાથે સમાધાન કર્યા વિના પોતાનું ધ્યાન ફુગાવાને મેનેજ કરવા તરફથી આર્થિક વૃદ્ધિના સંચાલન તરફ ખસેડવાની ફરજ પડી શકે છે. આ તર્ક કે ગણતરીને આધારે જ નિષ્ણાતો એવું અનુમાન બાંધી રહ્યા છે કે ગવર્નર શક્તિકાંત દાસ ફેબ્રુઆરીમાં વ્યાજ દરમાં કાપ મૂકતા પહેલા આ સપ્તાહે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ઘટાડો કરી શકે છે.

જીડીપીનો ડેટા આઘાતજનક રહ્યો છે, પરંતુ કેટલાક નિષ્ણાતો માને છે કે વર્ષના ઉત્તરાર્ધમાં તેમાં સુધારો જોવા મળશે પરંતુ સુધારા પછી પણ આઇસીઆઇસીઆઇ બેન્કના અર્થશાસ્ત્રીએ બીજા અર્ધવાર્ષિક ગાળા માટે જીડીપી ૬.૫ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૫ની આર્થિક વૃદ્ધિ ૬.૩ ટકાની આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કરવા સાથે એવી ટકોર કરી છે કે, આ સારા આંકડા છે, પરંતુ અપેક્ષા કરતા ઘણા નીચા છે, નોંધવું રહ્યું કે, આરબીઆઇએ વર્ષની શરૂઆતમાં સાત ટકાથી ઉપરની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નિષ્ણાતો માને છે કે, બેંકોને ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગોને ધિરાણ પૂરું પાડવા સક્ષમ બનાવવા માટે સીઆરઆર કટ વધુ મહત્ત્વપૂર્ણ પગલું હશે. તેઓ કહે છે કે આરબીઆઈ ડિસેમ્બરની નીતિમાં દરમાં ઘટાડો નહીં કરે; તેઓ કદાચ આગામી બે કે ત્રણ પખવાડિયામાં ૨૫ બેસિસ પોઇન્ટના બે હપ્તામાં સીઆરઆરમાં કુલ પચાસ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરશે.

વાજબી રીતે કહીએ તો, જુલાઇ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં મળેલા સંકેતોને આધારે જીડીપીના બીજા ત્રિમાસિક સમયગાળાના આંકડામાં મંદીની અપેક્ષા ભાગ્યે જ કોઇને હતી અને મોટાભાગના લોકો મંદી માટે તૈયાર હતા. જોકે ૫.૪ ટકા એક એવો આંકડો છે કે, જેને માટે લગભગ કોઇની માનસિક તૈયારી નહોતી. સર્વસંમતિના અંદાજ કરતાં તે ઓછામાં ઓછું ૧૦૦, ૧૧૦ બેસિસ પોઇન્ટ નીચી સપાટીએ છે.

આ મંદીનું એક મુખ્ય કારણ પ્રથમ ત્રિમાસિક ગાળામાં સરકારી ખર્ચનો ઘટાડો કે ધીમી ગતિ રહી હતી, પરંતુ બીજા ત્રિમાસિક સમયગાળામાં પણ સરકારી ખર્ચ ધીમો જ રહ્યો હોવાથી માગને ફટકો પડ્યો છે. જોકે બીજા અર્ધવાર્ષિક ગાળામાં તેમાં સુધારો થશે.

આરબીઆઇએ અત્યાર સુધી ફુગાવાના સંચાલન પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કર્યું છે પરંતુ હવે ફુગાવા સાથે સમાધાન કર્યા વિના વૃદ્ધિનું સંચાલન કરવા માટે ધ્યાન આપવું પડશે, પરંતુ કમનસીબે, ફુગાવો શાંત થવાની રાહ જોવી પડશે. ગવર્નરે ફુગાવાને અંકુશમાં લેવાની ચિંતા સાથે ધીરજ રાખવી પડશે એવા સંકેતો આપ્યા છે.

એક થિઅરી એવી છે કે અપેક્ષિત ફુગાવો આપોઆપ જ નીચે આવી શકે છે, કારણ કે જીડીપી હવે આપણે અગાઉ જે વિચાર્યું હતું તેના કરતા ઘણી નીચી સપાટીએ છે અને તેના કારણે આરબીઆઈના ફુગાવાના અંદાજમાં ઘટાડો થઈ શકે છે. નાણાં નીતિ સામાન્ય રીતે અપેક્ષિત ફુગાવા પર આધારિત હોય છે અને વર્તમાન ફુગાવા પર હોય એ જરૂરી નથી. તેથી, વર્તમાન ફુગાવો ચાર ટકા પર ના હોવા છતાં, વાસ્તવિક ડેટા મૉડેલિંગના આધારે અપેક્ષિત ફુગાવાને ચાર ટકા સુધી નીચે લાવી શકાય છે. તેથી, તે સૌથી મહત્ત્વપૂર્ણ બાબતોમાંની એક છે જે કરી શકાય છે.

બીજી વાત એ છે કે, રેપો રેટમાં ઘટાડો એ જ જરૂરી નથી. આરબીઆઈ પાસે સીઆરઆર ચાર ટકાના પ્રી-કોવિડ સ્તરો કરતા વધારે છે. તે ૪.૫ ટકા પર છે. આમ વધારાનો અડધો ટકો ઘટાડવાનો અવકાશ છે. સરવાળે એવું લાગે છે કે, આરબીઆઈ ડિસેમ્બર પોલિસીમાં દરોમાં ઘટાડો નહીં કરે, તે કદાચ ૨૫ બેસિસ પોઈન્ટના બે હપ્તામાં સીઆરઆરમાં પચાસ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરશે. ■

## કોર્પોરેટ જગત આર્થિક વિકાસદર માટે શું માને છે?

ભારતીય કોર્પોરેટ જગતને વિશ્વાસ છે કે નાણાકીય વર્ષના બીજા ભાગમાં વૃદ્ધિદર ઝડપી બનશે. નાણાકીય વર્ષ ૨૦૨૫ના બીજા ક્વાર્ટર માટે જીડીપીના આંકડા ચોમાસાની અસ્પષ્ટતા તેમજ શહેરી વિસ્તારોમાં અપેક્ષિત કરતાં ધીમી વપરાશ વૃદ્ધિ દર્શાવે છે. રિટેલ અને માઈનિંગ અને ઓટોમોબાઈલ સહિત તમામ ઉદ્યોગોમાં તેની અસર જોવા મળી છે. શહેરી માંગ ઓછી છે પરંતુ ગ્રામીણ માગમાં સુધારો જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા મૂડી ખર્ચમાં અપેક્ષિત વૃદ્ધિ, તહેવારોની મોસમ દરમિયાન માગમાં વધારો અને ગ્રામીણ બજારોમાં સ્થિર માગ આગામી સમયમાં અપેક્ષિત છે. મહિનાઓ પછીના ક્વાર્ટર અને નાણાકીય વર્ષ ૨૦૨૫માં વધુ સારા આંકડા જોવા મળે તેવી શક્યતા છે. કેટલીક કંપનીઓના સીઈઓએ ધીમા વલણ અંગે ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જો કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક રહેશે, પરંતુ તે ચીનની જેમ બે આંકડામાં વૃદ્ધિ કરી શકશે નહીં. ભારતનો વિકાસદર ૦.૬ ટકાથી સાત ટકાની આસપાસ રહેવાની શક્યતા છે અને આ વધુ ટકાઉ અને વાસ્તવિક અપેક્ષા છે. આપણે આ સ્વીકારવાની જરૂર છે અને તે મુજબ વિસ્તરણનું આયોજન કરવું જોઈએ.

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

# કેમ વધી રહ્યા છે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હિંસક હુમલા?

### ત્યાં વસતા ભારતીયોના રક્ષણ માટે ભારત પાસે વિરોધ નોંધાવ્યા સિવાય બીજા કોઈ વિકલ્પ નથી...



રાજનીતિમાં તમે તમારા મિત્ર કે દુશ્મન તરીકે કોઈને પસંદ કરી શકો, પરંતુ તમારા પડોશીનું ચયન તમે કરી શકતા નથી. દક્ષિણ એશિયાના બે પડોશી દેશ ભારત અને બાંગ્લાદેશ એક વાર નિકટના મિત્ર હતા, પરંતુ હવે તેમના સંબંધમાં ખટાશ અને તંગદિલી જોવા મળે છે.

બાંગ્લાદેશની હિન્દુ લઘુમતી પર ત્યાંના સ્થાનિક દ્વારા એક પછી એક હુમલાઓ થઈ રહ્યા છે. બાંગ્લાદેશે 'ઈન્ટરનેશનલ' સોસાયટી ફોર કૃષ્ણા કોનશિયસનેસ (ઈસ્કોન)' ના મુખ્ય વડા સહિત ત્રણ સાધુની ધરપકડ કરી છે. સાધુ ચિન્મય કુમાર દાસ બ્રહ્મચારીને પ્રસાદ આપીને પાછા ફરી રહેલા 'ઈસ્કોન'ના બે સાધુ અદી પુરુષ શ્યામ દાસ અને રંગનાથ દાસની ધરપકડ કરી હતી. એ બન્ને ચિત્તાગોન્ગના રહેવાસી છે.

બાંગ્લાદેશનાં પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાની સરકારનું ઓગસ્ટમાં પતન થયા બાદ હિન્દુઓ સામેની હિંસા વધી ગઈ છે. આટલું અધૂરું હોય એમ ચિન્મય કુમાર દાસના વકીલની હત્યા કરવામાં આવી છે. ભીડમાંથી વકીલની હત્યા કોણે કરી એ બાંગ્લાદેશની પોલીસ નક્કી કરી શકતી નથી.

ઓગસ્ટમાં ત્યાંના વિદ્યાર્થીઓ સહિત લોકોએ બળવો કરતાં શેખ હસીનાની સત્તા ઊથલી ગઈ હતી. હસીના ભારત નાસી આવ્યાં અને પછી ત્યાં રચાયેલી ૮૪ વર્ષના નોબલ પારિતોષિક વિજેતા મુહમ્મદ યુનુસની વચગાળાની સરકારનો ભારત પ્રત્યેનો રવૈયો જ બદલાઈ ગયો છે. 'ઈસ્કોન'ના સાધુ પર અંગ્રેજ શાસન વખતનો દેશદ્રોહનો ગુનો લગાડવામાં આવ્યો છે. ચાર મહિનાના યુનુસના શાસનના દરેક દિવસ પસાર થવાની સાથે ત્યાં કટ્ટરપંથી અને ઉદામવાદી તત્ત્વોની જોહુકમી અને તાકાત વધતી જાય છે. વચગાળાની સત્તાની કમાન કટ્ટર ઈસ્લામવાદીઓ સંભાળી રહ્યા હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. પાકિસ્તાનમાંથી મુક્ત કરવાની ૧૯૭૧ની લડાઈના વારસાને ખતમ કરી દેનાર ઉદામવાદીઓની કઠપૂતળી વચગાળાની સરકાર બની છે. આને લીધે બાંગ્લાદેશમાં રહેતી હિન્દુ લઘુમતીની હાલત કફોડી થઈ ગઈ છે. હિન્દુઓ શેખ હસીનાના ટેકેદારો હોવાથી એમને આડેધડ લક્ષ્ય બનાવામાં આવે છે. બાંગ્લાદેશની વસતિ ૧૭ કરોડની છે અને આમાં દસ ટકા એટલે કે ૧.૭ કરોડ જેટલા હિન્દુ છે.

બાંગ્લાદેશ 'હિન્દુ બુદ્ધિસ્ટ ક્રિશ્ચયન્સ યુનિટી કાઉન્સિલ' ના જણાવ્યા પ્રમાણે ચારથી ૨૦ ઓગસ્ટ વચ્ચે લઘુમતી પર ૨,૦૧૦ વાર હુમલા થયા હતા. ૨૨ ઓગસ્ટથી ૧૨ ઓક્ટોબર સુધી વધુ હિંસાના ૫૭ બનાવ બન્યા હતા. હિંસાના પ્રથમ તબક્કામાં ૧,૭૦૫ કુટુંબો અને ૫૦,૦૦૦ લોકો પ્રભાવિત થયાં હતાં. તદ્દુપરાંત ૬૮ ધાર્મિકસ્થળ અને એમાં ખાસ કરીને હિન્દુ મંદિરો પર હુમલા થયા- તોડફોડ સાથે આગ ચાંપવાની ઘટના પણ બની..

બાંગ્લાદેશમાં આ વર્ષની દુર્ગાપૂજા ભયના ઓછાયામાં પાર પડાઈ હતી. લાઉડસ્પીકરના ઉપયોગ પર બંદી મૂકવામાં આવી હતી. હિન્દુઓ પરના આવા અવારનવાર થતાં હુમલા અને જુલમને લીધે હિન્દુઓની હિજરત વર્ષોથી ચાલુ છે. આઝાદી મળી ત્યારે બાંગ્લાદેશમાં હિન્દુઓની વસતિ ૨૩ ટકા હતી, પરંતુ ૨૦૨૨ સુધીમાં તે દસ ટકાથી નીચે ઊતરી ગઈ. પાકિસ્તાન લશ્કરે ૧૯૭૧માં હિન્દુઓ પર એક પ્રકારનું આક્રમણ કર્યું ત્યારે જે નિરાશ્રિતો ભારતમાં આવ્યા તેમાંના મોટા ભાગના સ્વતંત્ર બાંગ્લાદેશમાં પાછા જ ફર્યા નહીં.

બાંગ્લાદેશમાં 'ઈસ્કોન'ના સાધુ ચિન્મયની આગેવાની હેઠળ હિન્દુઓએ ઢાકા અને ચિત્તાગોન્ગમાં મોટા વિરોધ પ્રદર્શન કર્યા હતા. ભારતે હવે તેની સરહદો સીલ કરી દીધી છે અને બાંગ્લાદેશના હિન્દુઓ ત્રિપુરા, આસામ અને બંગાળમાં ન આવે એ માટે અંકુશ મુક્યા છે.

બાંગ્લાદેશનું બંધારણ ભારત જેવું છે. ત્યાંના બંધારણની પ્રસ્તાવનામાં રાષ્ટ્રવાદ, લોકશાહી, સમાજવાદ અને ધર્મનિરપેક્ષતા જેવા શબ્દોનો સમાવેશ થયો છે. લશ્કરી સરમુખત્યાર ઝિયાઉર રહેમાને ૧૯૭૭માં બંધારણમાંથી ધર્મનિરપેક્ષતા' શબ્દ કાઢી નાખ્યો હતો અને ઈશદિ એક કલમ ઉમેરી,જે ઈસ્લામને દેશનો ધર્મ બનાવતી હતી અને કહેતી હતી કે બીજા ધર્મો શાંતિ અને એકતાથી પાળી શકાય. જોકે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટે આ સુધારા રદ કરી નાખ્યા હતા. વચગાળાની સરકારની ફરજ બંધારણમાં દીધેલા અધિકારો આપવા અને મૂલ્યોનું જતન કરવાનું છે.

બીજી તરફ, ચીન અને પાકિસ્તાન ભારતને ઘેરવાની કોઈ તક જતી કરતા નથી. બાંગ્લાદેશનું જમાતે ઈસ્લામી સંગઠન' પાકિસ્તાનના ઈશારે નાચે છે. આ બે દુશ્મન દેશ નેપાળ, ભુતાન, માલદીવ, મ્યાનમારને ભારતની વિરુદ્ધમાં ઉશ્કેરીને ભારતની મુસીબત વધારે છે. હસીનાને ઉથલાવામાં અમેરિકા, ચીન અને પાકિસ્તાને નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

હાલના સંજોગોમાં ભારત કોઈ લશ્કરી પગલાં લેવાની સ્થિતિમાં નથી. જો આમ કરાય તો બાંગ્લાદેશના આંતરિક બાબતમાં દખલગીરીનો સીધો કેસ બને છે. ભારતના વિદેશ ખાતાએ બાંગ્લાદેશના હિન્દુઓ પરના હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી છે. હસીનાને બીજો કોઈ દેશ આશરો આપવા તૈયાર નથી. હસીના ભારતમાં છે એને લીધે પણ બાંગ્લાદેશીઓનો ભારત પરનો ક્રોધ-આક્રોશ વધતો જાય છે. અમેરિકાની ચૂંટણી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા હુમલા પર આક્રોશ વ્યક્ત કરીને ભારતીયોના મત મેળવ્યા હતા. હવે ટ્રમ્પ જાન્યુઆરીમાં સત્તા પર આવે ત્યારે ભારત એની મદદથી બાંગ્લાદેશ પર દબાણ લાવવાનો પ્રયાસ કરી શકે. જોકે ટ્રમ્પ એક અકળ અને અવિશ્વસનીય વડા છે. ચૂંટણીમાં વિજય મેળવ્યા બાદ ટ્રમ્પે ડૉલરને રીપ્લેસ કરવાની વાત કરનારા ભારત સહિતના બ્રિક્સના દેશો પર ૧૦૦ ટકા ટેરીફ નાખવાની ધમકી આપી છે. ટ્રમ્પની 'અમેરિકા ફર્સ્ટ'ની પોલિસીને લીધે અમેરિકાના અનેક દેશો સાથેના સંબંધો તંગ બનશે. પ્રવર્તમાન સંજોગામાં ભારતે 'ધીરજના ફળ મીઠા' એવો જ અભિગમ અપનાવવો જોઈએ. ■

## હસીનાની હકાલપટ્ટીથી ભારતને મોટું નુકસાન

બાંગ્લાદેશની વચગાળાની સરકાર ભારત સાથે કરાયેલા અનેક મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) રદ કરવાની તૈયારીમાં છે. વચગાળાની સરકાર હસીનાનું પ્રત્યાર્પણની માગણી પણ કરી રહી છે. હંગામી વિદેશપ્રધાન તૌહીદ હુસૈન કહે છે કે એમઓયુ બંધનકારી કરાર નથી. એમાં સુધારો કરી શકાય કે એને રદ કરી શકાય. હસીનાએ જૂન ૨૦૨૪માં ભારત સાથે દસ એમઓયુ કર્યા હતા. આમાં સાત નવા અને બીજા ત્રણને રીન્યુ કરેલા. બાંગ્લાદેશને આપવાની લાઈન ઑફ ક્રેડિટ પર ભારત હવે વિચાર કરી રહી છે. ભારતે ૨૦૧૦, ૨૦૧૬ અને ૨૦૧૭માં ત્રણ એલઓસીના માધ્યમથી ૭.૩૬ અબજ ડૉલર આપવાનું વચન આપ્યું છે. આમાંથી અત્યાર સુધી ૧.૮૦ અબજ ડૉલર જ આપવામાં આવ્યા છે.

બાંગ્લાદેશ સાથે ભારત ૪,૦૯૬ કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે. આ બન્ને દેશ વચ્ચે રેલ સેવા પણ છે. દક્ષિણ એશિયામાં ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર બાંગ્લાદેશ છે. ૨૦૨૧-૨૨મા આ વેપાર ૧૮ અબજ ડૉલર હતો. જોકે કોરોના અને રશિયા-યુક્રેન યુદ્ધને લીધે આમાં ઘટાડો થયો હતો. બાંગ્લાદેશ ભારતમાંથી ૨૦૦૦ મેગાવોટ વીજળી આયાત કરે છે. ભારત ૩૪ ટકા કપાસ બાંગ્લાદેશમાંથી આયાત કરે છે. હસીનાના યુગના સમાપ્ત થવાથી વેપાર સંબંધોમાં મોટી ખટાશ અને ઓટ આવશે. ■

સાયબર સાવધાની
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# રિંગ વાગે અને ફોનમાં પોતાનો જ ચહેરો દેખાય તો? અવગણના કરો

જરૂરિયાત એ આવિષ્કારની જનની છે. કબૂલ, કબૂલ, કબૂલ, પરંતુ અનેક વિજ્ઞાનીઓની રાત-દિવસની કાળી મજૂરી, ઉજાગરા અને સિદ્ધિ બાદ એ શોધનો સકારાત્મક સાથોસાથ નકારાત્મક ઉપયોગ શરૂ થાય છે. ક્યારેક તો નકારાત્મક, વિધ્વંશક દુરુપયોગ અસાધારણ પ્રમાણમાં વધી જાય છે. આને લીધે ઘણા વિજ્ઞાનીઓએ પોતાની શોધ બદલ જાહેરમાં પસ્તાવાના ભાવ પણ વ્યક્ત કર્યા છે.

ઇન્ટરનેટનો જ દાખલો લો. એનો ઓછો દુરુપયોગ થાય છે? મોબાઇલ ફોન તો આ મામલામાં અગ્રેસર છે. માનવી એકમેક સાથે પ્રેમ, લાગણી, વેદના, ખુશી અને સફળતા તરત જ વ્યક્ત કરી શકે, ગમે ત્યારે સંપર્કમાં રહી શકે અને સંવાદ સાધી શકે. ખરેખર, મુઠ્ઠીમાં સમાઇ જાય એવી જાદુઇ ડાબલી છે મોબાઇલ ફોન. બટ, પણ, પરંતુ, કિંતુ થઇ શું રહ્યું છે?

આપણે હાથમાં સતત ટિક, ટિક, ટિક કરતો બૉમ્બ કે ઝેરીલો સાપ પકડ્યો હોય એવો ફફડાટ અનુભવીએ છીએ. આના માટે જવાબદાર છે સાયબર ફ્રોડસ્ટર અને ઓનલાઇન ચિટર. આમાં એક ફ્રોડ ટેક્નિકની ખબર પડે અને સત્તાવાળા કંઇક નવું વિચારે ત્યાં નવી પદ્ધતિથી લૂંટફાટ શરૂ થઇ જાય છે. ગુનેગારો કાયમ બે-પાંચ નહીં, બાર ડગલાં આગળ જ રહે છે.

છેતરપિંડીની નીતનવી પદ્ધતિથી આપણે સતત આશ્ચર્યચકિત થતા જ રહીએ છીએ. તાજેતરમાં વળી કંઇ અલગ જ જોખમી ગતકડું પ્રગટ થયું છે.




કોઇ વ્યક્તિ વાંચતી હોય, ટીવી જોતી હોય કે કુટુંબીજનો સાથે ગપસપ (જે હવે બહુ દુર્લભ બનતું જાય છે) કરતી હોય, ત્યાં અચાનક એના મોબાઇલ ફોન રણકી ઊઠે. એ ફોન ઉપાડીને હાથમાં લે તો ઇન્સ્ટ્રુમેન્ટના સ્ક્રીનને જોતો રહે. કારણ? એમાં એને પોતે જ દેખાય. જાણે અરીસામાં ન જોતો હોય.

તરત કોઇને સમજાય નહીં કે આ શું થઇ રહ્યું છે? ફોન ઉપાડવો કે નહીં? મોટાભાગના ફોન ઉપાડી લે. હલ્લો, હલ્લો કરે. કોણ બોલે છે, શું કામ છે જેવા સવાલો કરે પણ કોઇ પ્રત્યુતર ન મળે, અંતે કંટાળીને એ ફોન કટ કરીને બાજુમાં મૂકી દે. પણ આ ફોન ઉપાડ્યો અને વાત કરી એમાં બહુ મોટી ને ભયંકર ભૂલ થઇ ગઇ.


ફોન ઉપાડનારને થાય કે કદાચ કેમેરો બગડી ગયો હશે અને સેલ્ફી મોડ પર જતો રહ્યો હશે પણ હકીકતમાં એવું જરાય નહોતું. એ સજજને જેવું ફોન રિસિવ કરવાનું બટન દબાવ્યું એ સાથે કોઇક તમારા ફોટો લેવા માંડ્યું હતું ને વીડિયો ઉતારવા લેવા લાગ્યું હતું. આ સાથે તમારો અવાજ પણ રેકોર્ડ થઇ ગયો હતો. ટેક્નિકલ ભાષામાં કહીએ તો કોઇક અજાણ્યા એ તમારો ફેસ આઇડી (ચહેરા થકી ઓળખ) મેળવી લીધી. તમારો અવાજ પણ એની પાસે છે. આ બધાનો ઉપયોગ કરીને એ ત્યાર બાદ તમારા ફોનમાં રહેલી બધી સામગ્રી, માહિતી, વિગતો, ફોટા અને વીડિયોનો મન ફાવે તેવો ઉપયોગ કરી શકે.

સાદી ભાષામાં કહી શકાય કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને તમારા મિત્રને ફોન કરી શકે. કોઇ મદદ માગી શકે, રોકડ માગી શકે. ગંદી મજાક કરી શકે કે અશ્લીલ માગણી કરી શકે. એમાંય વીડિયો ફોન કરનારા તરીકે તમે જ દેખાવ અને અવાજ પણ તમારો જ હોય એટલે દોસ્તો-સંબંધીઓ કોક અજાણ્યાની જાળમાં સપડાઇ ન જાય તો જ નવાઇ.

ઓ બાપરે! તો આવો ફોન આવે તો શું કરવું? એક, ફોનને મોઢા સામે ન ધરવો. બેલ વાગવા દેવી એ બંધ ન થાય ત્યાં સુધી અને યાદ રહે કે બહુ ઓછા ઇનકમિંગ ફોન ખરેખર કામના કે ઉપયોગી હોય છે. એટલે આવો એકાદ વિચિત્ર ફોન ન ઉપાડવાથી કયાંય આભ તૂટી પડવાનું નથી, ઊલ્ટું 'આ બૈલ મુઝે માર'નું બિન-જરૂરી આમંત્રણ અપાતું અટકી જશે. ■



# તૃપ્ત અતૃપ્ત



પ્રકરણ ૧૩

■ એચ. એન. ગોલીબાર

> તારી દેવીમાને ન ગમે તો મારે કેટલા ટકા? મને તો ગમે છે ને! તું મારી પત્ની છે, કાંઈ દેવીમાની પત્ની નથી. મને જે ગમશે એ જ હું કરીશ

જીમીએ બધી જ વાતોને ટાળી દીધી હતી. કજલી બાબતમાં એણે એ યુવતી કોઈ અજાણી હતી અને પોતે એના ફોટા પાડીને એને છોડી દીધી હતી, એવું કંપનીના માલિકોને કહીને એમને ચૂપ કરી દીધા હતા. છેવટે તો કજલી એની પત્ની જ હતીને! પોતાની પત્નીને કોઈ ખરાબ નજરે જુએ કે એની બાબતમાં કોઈ કાંઈ પૂછે કે એને ઓળખે એ કયા પતિને પસંદ હોઈ શકે છે?

જીમીનું પણ એવું જ હતું. એને પણ એની પત્ની કજલીને કોઈ ઓળખે એ બિલકુલ પસંદ નહોતું. હા, એના ફોટા જોઈને એ સંતોષ માને એમાં એને સહેજે વાંધો નહોતો, પણ જ્યાં જીમીને એ વાતની ખુશી હતી કે એના બનાવેલાં ચિત્રો લોકોએ ખૂબ જ પસંદ કર્યાં છે ત્યાં એને એક વાતનું દુ:ખ પણ હતું કે એણે પોતે પોતાની પત્નીને શા માટે બદનામ કરી?

પરંતુ જ્યારે રોજ ટપાલ મારફતે જીમી પાસે એ ચિત્રોના બિલના પૈસા આવવા લાગ્યા ત્યારે એના મનમાંથી કજલીની બદનામીનો વિચાર ભૂંસાઈ ગયો. એને હવે થતું હતું કે, એણે પોતે જે કર્યું છે એ બરાબર કર્યું છે. પોતે પૈસા મેળવવા માટે જે મહેનત કરી છે એ ખોટી નથી. પોતે અત્યારે સાચા જ રસ્તે ચાલી રહ્યો છે અને હવે પછી પણ આ જ રસ્તે ચાલવું જોઈએ. પોતાની પાસે અઢળક પૈસો કમાવા માટે આ જ એક સહેલામાં સહેલો રસ્તો છે અને એ કાંઈ ખોટો પણ નથી. જ્યાં સુધી કજલીનો સાથ છે - એની ભરપૂર જુવાની અને ખૂબસૂરતીનો સાથ છે, ત્યાં સુધી પોતે એના ઉઘાડા ફોટા પાડીને સારો એવો પૈસો ભેગો કરી શકે એમ છે. જ્યારે કજલી જ હવે પોતે પણ આવા ફોટા પડાવવા માટે તૈયાર રહેતી હોય તો પછી પોતે શા માટે પીછેહઠ કરવી જોઈએ!

અને પછી એક રાતે; હા, એ રાત ચાંદની હતી. બહાર મસ્ત મીઠો પવન ફૂંકાઈ રહ્યો હતો. ટમટમ કરતા ઝગમગતા તારા ચાંદની રાતને ઑર ખૂબસૂરત બનાવી રહ્યા હતા. મસ્ત પવનની મીઠી ઊંઘ લેતા જીમીને એ રાતે સપનામાં કજલી દેખાઈ. બન્ને એકબીજાના હાથમાં હાથ પરોવી નદીને કિનારે બેઠાં હતાં. બન્ને દૂર-દૂર કોઈ ઊંડા વિચારોમાં ખોવાયેલાં હોય એમ લાગતું હતું. જીમી કજલીની કોમળ આંગળીઓને પોતાના હાથમાં રમાડી રહ્યો હતો. કજલી પણ ક્યારેક-ક્યારેક પોતાની ભૂરી આંખો વડે જીમીને જોઈ લેતી હતી. અચાનક જીમીએ કજલીના હાથને પોતાની છાતી સરસા મૂકીને કહ્યું:

'કજલી!'

'હું...' ઊંડા વિચારોમાં ખોવાયેલી કજલીએ જીમીની આંખો સાથે આંખો મિલાવીને હુંકારો કર્યો.

'તેં તારાં ચિત્રો જોયાં?'

'હા, જોયાંને! કેલેન્ડરોનાં એ ચિત્રોમાં હું ખૂબ જ સારી દેખાઉં છું નહીં?' કજલી બોલી, પણ એના ચહેરા પર જાણે કોઈ ખુશી દેખાતી નહોતી. એની વાતમાં ખુશી દેખાતી હતી, પણ અંદરથી જાણે એનું દિલ બળી રહ્યું હોય એમ લાગતું હતું. ચિત્રો છપાવીને જીમીનું મન ખુશીથી જેટલા ઉછાળા મારતું હતું, એટલું જ કજલીનું મન દુ:ખની સાથે અંદરથી કોતરાતું હતું. પણ એ પોતે જાણે જીમીને ખુશ જોવા માગતી હોય એમ પોતાના ચહેરા પર દુ:ખ વર્તાવા દેવા નહોતી માગતી.

જીમી જાણે કજલીના અંદરનું દુ:ખ ન જાણી શક્યો હોય એ રીતે બોલ્યો: 'આખી દુનિયા તારાં એ ચિત્રોનાં વખાણ કરી રહી છે. લોકો મને તારા વિશે પૂછપરછ કરે છે કે એ ખૂબસૂરત યુવતી કોણ છે? સાચું કજલી! હું જેટલાં તારાં વખાણ સાંભળું છું, મને એવું જ લાગે છે જાણે કોઈ મારાં જ વખાણ કરી રહ્યું હોય. તને ખબર છે કજલી! તારી ખૂબસૂરતીનાં વખાણ સાંભળીને હું એટલો ઊછળી પડું છું કે ન પૂછ વાત.'

કજલી પર જાણે જીમીની ખુશાલીભરી વાતોની કોઈ અસર થઈ ન હોય એમ એ ચૂપચાપ બેઠી રહી. ઘણી વાર સુધી એ જ ગંભીર હાલતમાં બેઠી રહી. પછી ધીરે રહીને પોતાના વાળ સરખા કરતાં બોલી:

'જીમી! હું તમારી પત્ની છુંને?'

'હા, હા, એમાં વળી પૂછવાનું જ શું હોય!' જીમી કજલીની એકદમ નજીક આવી જતાં બોલ્યો.

'તો પછી મારાં આવાં ઉઘાડાં ચિત્રો છપાવીને બધા જુએ એમાં તમારા દિલને કંઈ દુ:ખ ન થયું?'

'તેં આ જ સવાલ પહેલાં પણ કર્યો હતો કજલી!' જીમીએ નારાજ થઈ ગયેલી કજલીના રેશમ જેવા વાળમાં આંગળીઓ ફેરવતાં કહ્યું: 'પરંતુ મેં તને પહેલાં પણ કહ્યું હતું કે આ એક કળા છે અને કળા માટે શરીર ઉઘાડું કરવું એમાં કંઈ જ અજૂગતું નથી. કળાની પાછળ તો લોકો ગાંડાતૂર હોય છે. કળા પાછળ તો લોકો પાણીની જેમ પૈસા વેરે છે. આજે તો ફિલ્મોમાં પણ કળા માટે હીરોઇનો પોતાનું શરીર ઉઘાડું કરવામાં સહેજ પણ સંકોચાતી નથી. જ્યારે આ તો ફક્ત એક ચિત્રની વાત છે. તું નકામી એમાં ખોટું માને છે. મને તો એમાં કંઈ જ ખોટું નથી દેખાતું.'

'તમને ખોટું નથી દેખાતું પણ મારી દેવીમાને એ નથી ગમતું.' કહેતાં કજલી એકદમ ઉદાસ થઈ ગઈ. એની આંખોમાં ઉદાસી અને નારાજગી સાફ વર્તાતી હતી.

'તારી દેવીમાને ન ગમે તો મારે કેટલા ટકા? મને તો ગમે છે ને! તું મારી પત્ની છે, કાંઈ દેવીમાની પત્ની નથી. મને જે ગમશે એ જ હું કરીશ, પછી ભલે તને પણ ન ગમે.' જીમીને થયું કે પોતે કજલીને આવું સંભળાવી દે. પણ પછી પોતે કજલીને નારાજ કરવા પણ નહોતો માગતો. કજલી નારાજ થઈ જઈને પોતાને છોડીને જતી રહે તો પોતાના હાથમાં આવેલી બાજી છીનવાઈ જાય એમ હતી. એટલે એ કજલી સાથે સમજાવટથી જ કામ લેવા માગતો હતો.

નારાજ થયેલી કજલીને ખુશ કરવા માટે જીમી તરત જ ઊભો થઈ ગયો અને બાજુની ઝાડીમાં એક સુંદર ફૂલ તોડી લાવીને એણે કજલીના ઘેરા વાળમાં ભરાવી દીધું. સુંદર સોનેરી વાળમાં એ ફૂલ ખીલી ઊઠ્યું, સાથે સાથે કજલીનો ચહેરો પણ ખીલી ઊઠ્યો. કજલી જીમીનો આ પ્રેમ જોઈને એકદમ ખુશખુશાલ થઈ ગઈ. એણે પોતાના મનમાં રહેલી ઉદાસી અને ગંભીરતાને ખંખેરી નાખી અને પોતાના ગુલાબી હોઠ પર આછું હાસ્ય વેરતાં તરત જ જીમીની છાતીમાં પોતાનું મોઢું છુપાવી દીધું.

અને જીમીની આંખ ખૂલી ગઈ. આંખ ખૂલતાં જ જીમીએ પોતાની પડખે કજલીને શોધવા માટે હાથથી ફાંફા મારી જોયા, પણ આ તો સપનું હતું. પોતાને દેખાયેલી કજલી કાંઈ હકીકતમાં પણ થોડી દેખાવાની હતી? એ તરત જ પથારીમાંથી ઊભો થવા માટે સફાળો બેઠો થઈ ગયો.

પણ બેઠાં થતાં જ જાણે એના માથે પહાડ તૂટી પડ્યો. એણે તો કલ્પનાય નહોતી કરી કે આવું બનશે. પોતે તો કજલીને માથે સપનામાં ફૂલ ભરાવ્યું હતું! તો પછી આ ફૂલ અત્યારે અહીં પોતાની પથારી પર કેવી રીતે આવી પડ્યું? જો પોતે જોયેલું સપનું હકીકત હોય તો પછી બેઠાં હતાં એ નદી પણ મોજૂદ હોવી જોઈએને! તો પછી આ કઈ રીતે બન્યું? પોતાની પથારી પર ફક્ત ફૂલ જ કેમ પડ્યું હતું!

જીમી એ ફૂલને ડોળા કાઢી કાઢીને જોઈ રહ્યો હતો. શું સપનાની વાતો હકીકતમાં ફેરવાઈ શકે છે? ના....ના....ના, આવું બની જ ન શકે. જરૂર આમાં કંઈક ભેદ હોવો જોઈએ. એની તપાસ કરવી જોઈએ.

પણ ના, પોતાને એની તપાસ કરવાની શું જરૂર? પોતાને આમાં ઊંડા ઊતરવાની શું જરૂર? પોતે આવા તો અનેક ચમત્કારો જોઈ ચૂક્યો હતો. એમાં બહુ કંઈ નવાઈ નહોતી, પણ આજે એને ઘણા સમય પછી કજલી યાદ આવી ગઈ હતી. કજલી....હા, એની પત્ની કજલી, એના સપનામાં આવીને એને બેચેન બનાવી ગઈ હતી. એનો ખૂબસૂરત ચહેરો - એનો ગુલાબી હોઠ - રેશમ જેવા વાળ એને યાદ આવી ગયા હતા. એ હવે કોઈ પણ હિસાબે એને મળવા માગતો હતો.

કજલી પણ પોતાને ખૂબ જ યાદ કરી રહી હશે, પોતે એને એક મહિનાનું કહીને બે મહિના કાઢી નાખ્યા હતા. કજલી તો પોતાની વાટ જોઈને જ બેઠી હશે. એ પોતાની પર ખૂબ રોષે ભરાશે. પહેલાં તો એ પોતાની સાથે વાત પણ નહીં કરે. પોતે પણ પહેલાં એને ખૂબ સતાવશે અને પછી પોતે એને સમજાવી-ફોસલાવી લેશે. કજલીને ફોસલાવવી એ જીમીના ડાબા હાથનો ખેલ હતો. કજલી એટલી તો ભોળી છે કે જીમીને આવેલો જોઈને એ ખુશખુશાલ થઈ જશે.

અને એટલે જ હવે જીમીએ તાત્કાલિક કજલી પાસે જવાનું નક્કી કરી લીધું હતું. પોતે આજની રાતની ગાડીમાં જ અંબા જવા માટે રવાના થઈ જશે.

આખો દિવસ જીમીએ કજલીની યાદમાં બેચેની સાથે વિતાવ્યો અને એ રાતની ગાડીમાં કજલીનાં કળાત્મક ચિત્રોવાળાં કેલેન્ડરો લઈને અંબા ગામ તરફ જવા માટે રવાના થઈ ગયો.

રાતે હાલક-ડોલક થતી ગાડીમાં સૂતો-સૂતો એ કજલીના જ વિચારો કરી રહ્યો હતો. કજલીના ખૂબસૂરત શરીર અને એના શરીરની માદક સુગંધની કલ્પના કરી રહ્યો હતો. જે લોકોએ એના કેલેન્ડરમાંનાં કળાત્મક ચિત્રો જોઈને એનાં વખાણ કર્યાં હતાં, એ સારી રીતે જાણતો હતો કે એ વખાણ ખરેખર તો કજલીનાં જ થયાં હતાં. એના ખૂબસૂરત શરીરનાં થયાં હતાં - પોતાની કળાનાં નહીં.

વિચારતો-વિચારતો જીમી ક્યારે સૂઈ ગયો એનું જ એને ભાન ન રહ્યું. છેવટે જીમી બીજા દિવસે અંબા પહોંચી ગયો. એણે ત્યાં એ જ ગેસ્ટ હાઉસમાં પહેલાં જે કમરો લીધો હતો એ જ ભાડે લઈ લીધો. પોતાનો બધો સામાન વ્યવસ્થિત મૂકીને એ પોતે નાહી-ધોઈને તૈયાર થઈ ગયો, અને પોતે સીધો કજલીને મળવા માટે કાલીદેવીના મંદિરે પહોંચી ગયો.

મંદિરમાં પહોંચતાં જ જીમી કાલીદેવીની મૂર્તિ પાસે આવીને ઊભો રહી ગયો. એ ચૂપચાપ મૂંગો-મૂંગો ઊભો એ મૂર્તિની સામે જોઈ રહ્યો. એને એવું લાગ્યું જાણે પોતાને જોઈને મૂર્તિમાં કંઈ હલન-ચલન થઈ હોય. એની નજર તરત જ કાલીદેવીના પગ પર પડી. ત્યાં કોઈ જંગલી જાનવરના બચ્ચાનું કપાયેલું માથું લોહીથી તરબતર હાલતમાં પડ્યું હતું. લોહીની ધાર છેક પગથિયા સુધી આવી ગઈ હતી.

જીમીના મનમાં અગાઉની પેલી ઘટના યાદ આવી ગઈ. કજલીએ પણ અહીં આ જ જગ્યાએ પોતાના સેંથામાં લોહી ભર્યું હતું. લોહી જોઈને જીમીના મનમાં ઘૃણા ફેલાઈ ગઈ. ત્યાંથી તરત જ પાછા વળી જવાનું નક્કી કર્યું. કારણ કે કજલી તો અત્યારે અહીં હતી નહીં. એટલે અહીં રોકાવાથી પણ કંઈ ફાયદો નહોતો. એણે તરત જ પાછા વળવા માટે પોતાનાં પગલાં ઉપાડ્યાં. ત્યાં જ કોઈના જોરજોરથી હસવાનો અવાજ આવ્યો. પહેલાંની જેમ જ એ હસવાના અવાજના જોરદાર પડઘા પડ્યા હતા. એ અવાજ એટલો ભયાનક અને ડરામણો હતો કે જીમીના આગળ વધતા પગ ત્યાં જ ચોંટી ગયા. એણે પાછળ ફરીને જોયું તો કાલીદેવી પોતાના મોઢામાં લાલ-લાલ જીભ ફેરવતી, એની સામે ડોળા કાઢતી જોઈ રહી હતી.

જીમી તરત જ પાછો પડ્યો અને ગભરાઈને એક થાંભલાની આડ સાથે ઊભો રહી ગયો. થાંભલાના ટેકે ઊભો-ઊભો એ જોરજોરથી હાંફી રહ્યો હતો, એ નહોતો બોલવા માગતો છતાં એના મોઢામાંથી શબ્દો સરી પડ્યા: 'હું... હું... કજલીને મળવા માટે આવ્યો હતો.'

'હું જાણું છુ.' કાલીમાના અવાજનો જોરદાર પડઘો પડ્યો: 'પરંતુ તું યાદ રાખ, મારી દાસી તને આ રીતે નહીં મળે.'

'તો પછી કઈ રીતે મળશે?' જીમીએ હિંમત કરીને પૂછી નાખ્યું.

'તું હંમેશને માટે એનો બની જા. તારા મનમાં રમતા કપટને તું દૂર કરી નાખ. એ તને સાચા દિલથી પ્રેમ કરે છે. છતાં તું એની તરફ કપટ રાખે છે એ સારું નથી. તને ખબર નથી એ આઠસો વરસથી તારી વાટ જુએ છે!' કાલીમાનો ભયાનક અવાજ સંભળાયો.

'આઠસો વરસથી...?' જીમીના મોઢામાંથી આશ્ચર્યભર્યા શબ્દો સરી પડ્યા.

'હા, આઠસો વરસથી.' કાલીમાએ બિલકુલ બેફિકરાઈથી જવાબ આપ્યો: 'કઈ રીતે એ તું નહીં સમજી શકે. એણે આખી દુનિયામાં ફક્ત તને જ પસંદ કર્યો છે. ફક્ત તને જ એણે સાચા દિલથી એનો પતિ માન્યો છે. તને ખૂબ જ પ્રેમ કરે છે, પણ એ છતાં તું એની સાથે કપટ રાખે છે. એક સાચી ઓરતના દિલને આ રીતે ન તોડ. હવે તું અહીંથી જા, એ તને નદીકિનારે બેઠેલી મળશે.'

જીમી બાઘાની જેમ કાલીમાની વાતો સાંભળતો રહ્યો. એ હજી કંઈ બોલે એ પહેલાં તો કાલીમા ત્યાંથી સરકી ગઈ. જીમી જડની જેમ ત્યાં જ ચોંટી રહ્યો.

જીમી થોડો સળવળ્યો. એણે ત્યાંથી ચાલવા માટે પગ ઉપાડ્યા. ચાલતા-ચાલતા એ વિચારી રહ્યો હતો. એને ધીરેધીરે અનેક શંકાઓ થવા લાગી હતી. ધીરે ધીરે એનો વહેમ હવે વિશ્વાસમાં ફેરવાતો જતો હતો. એને હવે લાગતું હતું કે, પોતે કોઈ જાળમાં ફસાઈ ચૂક્યો છે. પોતે કોઈ ગંદી રમતમાં ફસાઈ ચૂક્યો છે. પોતે આ મેલી રમતમાંથી જલદી નીકળી જવું જોઈએ.

પણ ત્યાં જ...

કજલીની વાત એને યાદ આવી ગઈ. કજલી! હા, રૂપાળી-ગોરી અને કામણગારી કજલી. પોતાના ઘરમાં પૈસાનો વરસાદ વરસાવનારી પોતાની પત્ની કજલી. એને કઈ રીતે પોતે છોડી શકે? એ તો પોતાના કાબૂમાં જ હતી. એ પોતે કહેતો હતો એવા ઉઘાડા ફોટા પડાવવા માટે એ તૈયાર હતી. તો પછી પોતે એને છોડવાની મૂર્ખાઈ કઈ રીતે કરી શકે?

બસ, આ વાત યાદ આવતાં જ એનું મન ફરી ગયું. ઘડીક વાર પહેલાંની જાળમાંથી છૂટવાના એના વિચારો ફરી ગયા. એણે મનમાં નક્કી કરી લીધું કે, એ પોતે કજલીને આ બાબતમાં કંઈ જ નહીં કહે, બસ, પોતાની જ્યાં સુધી મરજી હશે ત્યાં સુધી એના ખૂબસૂરત શરીરનો ઉપયોગ કરીને પૈસો અને પ્રેમ બંને મેળવીને પછી પોતે રફુચક્કર થઈ જશે અને પછી પોતે ક્યારેય પાછો નહીં ફરે. (ક્રમશઃ)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ERGOPHOBIA | ડોક્ટરનો ભય |
| ACROPHOBIA | કામનો ભય |
| AQUAPHOBIA | ઊંચાઈનો ડર |
| ENOCHLOPHOBIA | પાણીનો ભય |
| LATROPHOBIA | ભીડનો ડર |

### ઓળખાણ પડી?

'દક્ષિણ ચિત્ર મ્યુઝિયમ' દેશના કયા શહેરમાં આવેલું છે એ જણાવો. ૧૦ એકરમાં પથરાયેલું આ મ્યુઝિયમ ૧૯૯૬માં તૈયાર કરવામાં આવ્યું હતું.



અ) ચેન્નઈ બ) કોચી ક) બેંગ્લુરુ ડ) મદુરાઈ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ્વા | ભા | ૨ વિ | ૩ ક | ■ | ૪ સ | ર્જ | ૫ ક | ૬ તા | ■ |
| નુ | ■ | ૭ કા | મ | ૮ કા | જ | ■ | ૯ ન | ર | ૧૦ મ |
| ૧૧ ભ | ૧૨ ડા | સ | ■ | ૧૩ વ્યા | ન | ■ | ક | ■ | ફ |
| ૧૪ વ | ળ | ■ | ■ | ત્મ | ■ | ૧૫ ઉ | ■ | ૧૬ અ | લ |
| ■ | ■ | ૧૭ ચ | ર | ક | ■ | ૧૮ પ | ૧૯ ગ | ભ | ર |
| ૨૦ વિ | ૨૧ શે | ષ | ■ | ■ | ૨૨ પ | રિ | મા | ણ | ■ |
| ૨૩ ગ | ર | ક | ૨૪ બા | રી | ■ | ૨૫ ત | ર | ■ | ૨૬ અ |
| ત | ■ | ■ | ળ | ■ | ૨૭ વા | ન | ■ | ૨૮ વ | ઢ |
| વા | ■ | ૨૯ મા | ■ | ૩૦ સા | ર | ■ | ૩૧ મા | ■ | ળ |
| ૩૨ ર | જા | ઇ | ■ | ૩૩ ગ | તા | નુ | ગ | તિ | ક |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ૮ | ૯ | | ■ | ૧૦ | | | ■ | ■ | ૧૧ |
| ■ | ૧૨ | | ■ | ■ | | ■ | ૧૩ | ૧૪ | |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | | | ■ | ૧૮ | |
| | ■ | ૧૯ | | | | ■ | ૨૦ | | |
| ૨૧ | | | ■ | | ■ | ૨૨ | | | ■ |
| | ■ | ૨૩ | ૨૪ | ■ | ૨૫ | | | ■ | ૨૬ |
| ■ | ૨૭ | ■ | | ■ | | ■ | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | | | | | ■ | ૩૧ | | |

**આડી ચાવી**

૧. કોતરકામ (૫)
૪. સપનાંની દુનિયા (૪)
૬. ખોડ, કમી, (૨)
૭. બકરો (૨)
૮. ખબર પડેલું, જાણેલું (૩)
૧૦. હવા, વાયુ (૩)
૧૨. નુકસાન (૨)
૧૩. માચીસ (૩)
૧૫. ગધેડો (૨)
૧૬. દુર્ઘટના (૪)
૧૮. પરવર દિગાર (૨)
૧૯. સૌભાગ્યાવસ્થા (૪)
૨૦. એકધારું (૩)
૨૧. તમા, દરકાર, ગરજ (૩)
૨૨. કારણ, હેતુ (૩)
૨૩. પર્વત (૨)
૨૫. પૂજા કરાવનાર (૩)
૨૮. રંગમંચ પરથી પ્રસ્તુતીકરણ (૩)
૩૦. પંચાતિયો (૬)
૩૧. વિક્રેતા (અં.) (૩)

**ઊભી ચાવી**

૧. કામ વગરના (૩)
૨. સલાહ શિક્ષા, બોધ (૪) (જો.છૂ.),
૩. વિષયી, વિષયાસક્ત (૨)
૪. પોતાનું માણસ (૩)
૫. હાથીનો અંકુશ (૨)
૭. જન્મ, નીચે ઉતરવું તે (૫)
૯. લોઢાનું કામ કરનાર (૩)
૧૧. સંબંધ, નાતો, દરકાર (૪)
૧૪. જાદુ, આવડત, કાર્ય (૪)
૧૫. કડાકૂટ, પંચાત, તજવીજ (૪)
૧૬. --- પણું એટલે અસ્તિત્વ (૨)
૧૭. સંબંધ, વિધવા કે ત્યક્તાનાં બીજાં લગ્ન થવાં તે (૩)
૧૯. ઢોર જેવું (૩)
૨૦. શાકબજાર (૫)
૨૨. સીધું--- એટલે એકદમ સીધું (૨)
૨૪. ગૌરવશાળી (૩)
૨૫. ભવાઇ કરનાર કલાકાર (૩)
૨૬. કપિ (૩)
૨૭. મોટો પાટલો (૨)
૨૯. અસ્થિર, એક ચોઘડિયું (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'લેબોરેટરીમાં પ્રાણવાયુ તૈયાર કરવાની રીત શીખી આવ્યા' વાક્યમાં પ્રાણવાયુ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) અમોનિયા બ) હાઈડ્રોજન ક) નાઈટ્રોજન ડ) ઓક્સિજન

### ગુજરાત મોરી મોરી રે

'વ્યક્તિને અનુકૂળ હોય એવો ઉપાય બતાવવો' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ફરમાવ્યું દરદીને તેવું ભાવ્યું વૈદે

### માતૃભાષાની મહેક

હવામાં કોઈ સાધનથી થરથરાટ પેદા થઈ મોજાં ઉત્પન્ન થાય અને તે મોજાં કાનના પડદા સુધી પહોંચી પડદાને ધ્રુજાવે ત્યારે જે જ્ઞાન થાય તેને અવાજ કહે છે. આપણે જે કાંઈ બોલીએ છીએ તેનો અથવા બંદૂક કે તોપ ફૂટવાનો જે અવાજ થાય છે તેનો અવાજ વાતાવરણમાં એક સેકંડમાં ૧૦૯૦ ફૂટના વેગથી, પાણીમાં ૪૭૦૮ ફૂટના વેગથી અને ઘન પદાર્થમાં ૧૬૮૦૦ ફૂટના વેગથી જાય છે.

### ઈર્શાદ

સ્વયં પતનની કેડી ઉપર અહમ્ લઈ ઊભેલો છે,
આ માણસ તો કાદવકીચડ કરતાં પણ બહુ મેલો છે.
-- મુકેશ જોશી

### સુડોકુ-૭૦૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩ | | | | | | ૧ | ૮ |
| ૨ | | | | | | | | ૬ |
| ૬ | | | ૫ | | ૨ | | | ૯ |
| | | ૮ | ૬ | ૨ | ૯ | ૪ | | |
| | ૬ | | ૩ | | ૧ | | ૮ | |
| | | ૩ | ૪ | ૮ | ૫ | ૧ | | |
| ૩ | | | ૧ | | ૮ | | | ૭ |
| ૮ | | | | | | | | ૪ |
| ૫ | ૪ | | | | | | ૩ | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૪૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૯ | ૨ | ૪ | ૫ |
| ૬ | ૨ | ૯ | ૪ | ૫ | ૮ | ૩ | ૭ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૭ | ૨ | ૬ | ૮ | ૯ |
| ૯ | ૮ | ૧ | ૨ | ૬ | ૩ | ૭ | ૫ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૧ | ૯ | ૭ | ૮ | ૩ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ |
| ૮ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ | ૪ | ૨ | ૭ |
| ૪ | ૯ | ૩ | ૭ | ૨ | ૬ | ૫ | ૧ | ૮ |
| ૨ | ૫ | ૭ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ | ૩ |

### માઈન્ડ ગેમ

હોટેલનું બિલ ચૂકવતી વખતે ૫૦૦ રૂપિયાની નવ, ૨૦૦ રૂપિયાની સાત, ૧૦૦ રૂપિયાની ત્રણ, ૨૦ની ત્રણ અને ૧૦ની એક નોટ આપી તો બિલ કેટલું હતું?

અ) ૫૨૭૦ બ) ૫૯૩૦
ક) ૬૨૭૦ ડ) ૬૫૮૦

### ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ADOPT | દત્તક લેવું |
| BARGAIN | ભાવતાલ કરવો |
| CONFESS | કબૂલ કરવું |
| DECORATE | સજાવટ કરવી |
| ESTIMATE | અનુમાન કરવું |

ઓળખાણ પડી?
આગાખાન પેલેસ

ગુજરાત મોરી મોરી રે
છતે કાને બહેરા ને છતી આંખે આંધળા

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
સજ્જ

માઈન્ડ ગેમ
૧૮૦૦

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુરેખા દેસાઈ (૩) ડૉ. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતિ ભારતી કટકિયા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) સુભાષ મોમાયા (૯) ભારતી બુચ (૧૦) ધિરેન્દ્ર ઉદ્દેશી (૧૧) ગીતા ઉદ્દેશી (૧૨) પ્રતિમા પામાણી (૧૩) વિભા મહેશ્વરી (૧૪) ખુશરૂ કાપડીયા (૧૫) હર્ષા મહેતા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) મીનળ કાપડિયા (૧૯) નૂતન વિપિન (૨૦) મહેન્દ્ર લોઢવિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) કલ્પના આશર (૨૬) વિના સંપટ (૨૭) દેવેન્દ્ર સંપટ (૨૮) જગદીશ ઠક્કર (૨૯) અંજુ ટોલિયા (૩૦) શિલ્પા શ્રોફ (૩૧) મનીષા શેઠ (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) દિલીપ પરીખ (૩૫) નિતિન બજારિયા (૩૬) અરવિંદ કામદાર (૩૭) અશોક સંઘવી (૩૮) પુષ્પા ખોના (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) શિલ્પા શ્રોફ (૪૬) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૭) પ્રવીણ વોરા (૪૮) નંદકિશોર સંજાણવાળા (૪૯) દિલીપ પરીખ (૫૦) રસિક જુઠાણી (ટોરન્ટો - કેનેડા) (૫૧) કિશોર બી. સંઘરાજકા (૫૨) જયવંત પદમશી ચિખલ.

મગજ મંથન_ વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# -એટલે જ માતા દીકરીને જન્મ આપતા અચકાય છે!

## મહિલાઓની સુરક્ષા હજુ સુધી ફક્ત ‘બેટી બચાવો’ના નારા સુધી સીમિત રહેવા પામી છે...કેમ ?



વર્તમાનપત્ર ખોલો અને એક પણ દુષ્કર્મની ઘટના વાંચવા ન મળે એવો દિવસ ભાગ્યે જ જાય. આવી ઘટનાઓ બને ત્યારે તંત્ર જરૂરી પગલાં પણ લે છે, કોર્ટ દ્વારા સજા પણ ફરમાવવામાં આવે છે. આમ છતાં દુષ્કર્મની સંખ્યામાં ઘટાડો થતો નથી, કે બંધ થતી નથી. દુષ્કર્મ પુખ્ત વયની વ્યક્તિ સાથે કરવામાં આવે તોય એ ક્ષમ્ય તો નથી જ નથી. જોકે, છેલ્લા કેટલાક સમયથી બે કે ચાર વર્ષ નાની નાની કુમળી વયની બાળકીઓ સાથેના વધી રહેલા દુષ્કર્મના કિસ્સા વાંચીએ ત્યારે કમકમાટી છૂટી જાય છે. બેશક ,ચાર વર્ષની બાળકીની સંમતિથી તો આ કૃત્ય નહીં થયું હોય... એટલું જ નહીં, પરંતુ આવી ઘટનાઓનું પ્રમાણ દિવસેને દિવસે ભયજનક રીતે વધતું જ જાય છે.

આને રોકવા કાયદાકીય વ્યવસ્થા અને સામાજિક જાગૃતિ માટે સતત પ્રયત્નો થતા રહે છે. જ્યારે આવા કિસ્સા સામે આવે છે ત્યારે સમાજ ચિંતકો, સામાજિક સંગઠનો અને મહિલા આયોગ ખૂબ ઊંડી ચિંતામાં પડી જાય છે.

સમગ્ર દેશમાં ૧૮ વર્ષથી નાની દીકરી ઉપર દુષ્કર્મ આચરવામાં અમદાવાદ પાંચમા ક્રમે છે. ગુજરાત રાજ્યમાં ૧૦૦માંથી ૭૯ બળાત્કારના અપરાધીઓ છૂટી જાય છે. વધતી જતી દુષ્કર્મની ઘટનાઓને ધ્યાને લઈને તંત્ર દ્વારા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે, પરંતુ આ ઘટનાઓની ગંભીરતા જોતાં, તેને અટકાવવા ટાસ્ક ફોર્સ ટૂંકું પડે એવું દેખાય છે. આથી કાયદો જ એટલો કડક બનાવવામાં આવે કે બીજી વખત આવું જઘન્ય કૃત્ય આચરતાં પહેલા અપરાધી સો વખત વિચાર કરે. આરોપીને આકરી સજા કરીને પોલીસે પોતાની ધાક બતાવવી પડશે. સરકારે કાયદાનો અત્યંત કડક અમલ કરવો પડશે. આવા કિસ્સા સમગ્ર સમાજની શરમ છે. ગુજરાત સરકાર દ્વારા મહિલાઓની સુરક્ષા ફક્ત ‘બેટી બચાવો’ના નારા-સૂત્રો સુધી સીમિત રહેવા પામી હોય એવું જોવા મળે છે.૧૮ વર્ષથી નાની દીકરીઓની જાતીય સતામણીમાં છઠ્ઠા ક્રમે છે.

તાજેતરમાં બનેલા દુષ્કર્મના થોડા કિસ્સાઓ પર નજર દોડાવીએ તો....

મહિલા-દીકરીઓ માટે કથિત રીતે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાં તાજેતરમાં એક જ દિવસમાં દુષ્કર્મની ચાર ઘટના સામે આવી છે. અમરેલીના વડિયામાંથી,અમદાવાદના વાસણા અને સાબરમતી વિસ્તારમાંથી તો ચોથી ઘટના ભાવનગરના વરતેજ ગામની છે, જેમાં એક યુવતી-બે સગીરા અને એક માસુમ બાળકી નરાધમોનો ભોગ બની છે.

અમરેલીના વડિયામાં ૨૧ વર્ષની યુવતીને લગ્નની લાલચ આપીને ચાર વ્યક્તિઓ દ્વારા સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું....ભાવનગરના વરતેજ વિસ્તારમાં શ્રમિક પરિવારની ચાર વર્ષની પુત્રીને ચોકલેટ અપાવવાની લાલચ આપીને દુષ્કર્મ આચરવામાં આવ્યું... તો અમદાવાદના સાબરમતી વિસ્તારમાંથી પણ દુષ્કર્મની ઘટના સામે આવી હતી, જ્યાં પડોશીએ ૧૪ વર્ષની સગીરા પર દુષ્કર્મ આચર્યું...એ જ રીતે, અમદાવાદના વાસણા વિસ્તારમાં ૧૨ વર્ષની સગીરા સાથે દુષ્કર્મની ઘટના સામે આવી છે. આ તો નોંધાયેલા કિસ્સા છે, પણ છાને ખૂણે કેટલી ઘટનાઓ બની જતી હશે કોને ખબર.

સોશિયલ મીડિયાની આડ અસર, નાની વયે વિદ્યાર્થીના હાથમાં મોબાઈલ ફોન આપી દેવા જેવા અનેક કારણ છે. નાની ઉંમરનાં બાળકોને વધારે પડતા ફેશનવાળા ટૂંકાં વસ્ત્રો પહેરાવીને દેખાડો કરવાની વાલીની મનોવૃત્તિ અથવા તો ઘેલછા પણ અસરકર્તા ગણાવી શકાય. ટીવી સિરિયલોના શો જોઈને, એવી સિરિયલોનું અનુકરણ જેવી બાબત પણ બાળકોને ખૂબ જ નાની ઉંમરમાં પુખ્ત બનાવી દે છે. આજનાં મા- બાપ પોતાના બાળકનું ઉંમરને આધારે મૂલ્યાંકન કરશે તો એ ભીંત ભૂલે છે, કારણ કે આજનું બાળક આ મીડિયાની અસરના માધ્યમે ઉંમર કરતાં વહેલું પુખ્ત થઈ ગયું છે. આથી દુષ્કર્મની બનતી ઘટનાઓમાં મા-બાપનો રોલ પણ જવાબદારી ભર્યો છે એ વાસ્તિવકતા નિર્વિવાદ સ્વીકારી લેવી જોઈએ.

બાળકના ઉછેરમાં મા-બાપે નાનપણથી જ એનામાં અન-ટચમેન્ટની સમજણ ડેવલપ કરવી જોઈશે. ગુડ ટચ અને બેડ ટચની સમજણ બાળકોને આપવી જોઈએ. બાળકોને ગમતી અમુક ચીજ વસ્તુઓ ઘરમાંથી ન મળવાને લીધે, બાળકો બીજા દ્વારા મળતા તેવાં પ્રલોભનોમાં લલચાઈને પણ ફસાતા હોય છે. બીજાના પ્રલોભનોમાં બાળક દોરવાઈ ન જાય, એ સમજણ પણ એમને આપવી જોઈએ. બાળ- ઉછેરમાં મા-બાપનો અહમ રોલ છે. મા -બાપ જો આ જવાબદારી ખંખેરીને વર્તન કરશે તો આવી ઘટનાઓમાં વધારો થતો રહેવાનો.

માતા-પિતા કે ઘરના વડીલોએ પોતાનું સંતાન મોબાઈલ કે અન્ય કોઈ સાધનમાં શું અને કેટલું જોવે છે તેનું ધ્યાન રાખે અને યુવક-યુવતીઓ માટે મનોવિજ્ઞાનિક કાઉન્સેલિંગ સેન્ટર શરૂ કરવા જોઈએ. શાળાના સ્તરથી આ કામ થવું જરૂરી છે. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# યા અલ્લાહ , પાકિસ્તાનમાં કદી પુસ્તકમેળા નહીં યોજાય ?



પુસ્તક શબ્દ સાડા ત્રણ અક્ષરનો છે. જ્યારે ગ્રંથ પણ પ્રેમની માફક અઢી અક્ષરનો શબ્દ છે. પુસ્તક કે ગ્રંથના વિકલ્પે જે શબ્દ વાપરવામાં આવે છે તે શબ્દ પુલિંગ- સ્ત્રીલિંગ ને નાન્યતર લિંગમાં વાપરવામાં આવતો એકમાત્ર શબ્દ છે-ચોપડો-ચોપડી ને ચોપડું . પુસ્તક એ સન્માનસૂચક શબ્દ છે. જ્યારે ચોપડી કે ચોપડો તિરસ્કારવાચક શબ્દ છે. જ્ઞાનનું અધઃપતન કહી શકાય.કોઇને કેટલો અભ્યાસ કર્યો છે તે પૂછવા કેટલા ચોપડા ફાડ્યા ?’ તેમ કટાક્ષમાં પૂછવામાં આવે છે. ચોપડા ભણવા નહીં, પણ ફાડવાના કામમાં જ આવે છે એ આપણી માન્યતા છે.

કોઇ વ્યક્તિ એમ કહે કે તેને વાંચનનો બેહદ શોખ છે. જ્યારે એને પૂછવામાં આવે કે તમે શું વાંચો છો? એ વ્યક્તિ ઉત્સાહભેર કહે છે : હું તો બેંકની પાસબુક, ફેસબુક એવું બધું રસપૂર્વક વાંચું છું . લો, કર લો બાત....સાહિત્યિક ગ્રંથનું વાંચન કરવાથી કોઇ પણ પ્રકારની આર્થિક ઉન્નતિ થતી નથી એમ રાજુ રદી સ્વાનુભવે કહે છે.

પુસ્તક લખવા- પ્રકાશિત કરવા અને પછી એ પુસ્તકોનું વેચાણ કરવું એ હારાકીરી એટલે કે આત્મહત્યા કરવા બરાબર કહેવાય. હા, જો તમારી પાસે પૈસા ઉછળતા હોય અને લાખના બાર હજાર નહીં પણ બારસો કરવાની હાથમાં ખંજવાળ આવતી હોય તો પુસ્તકો લખવાં, સ્વખર્ચે પ્રકાશિત કરવાં કે પુસ્તકો વેચવાની પ્રવૃતિ જરૂર હાથ ધરવી. ગુજરાતી લેખકોને એક પાનાંની રોયલ્ટી તરીકે જે સન્માનનિધિ મળે છે એ રકમમાંથી એક ચાનો અર્ધો કપ પણ ખરીદી શકાતો નથી.તમારા માળિયામાં જગ્યા ખાલી હોય અને તમારા મગજનો માળ ખાલી હોય તો અવશ્યપણે પુસ્તકપ્રકાશિત કરાવવું જોઇએ. અનુભવથી કોઇ મોટી ચીજ નથી.તમારું પુસ્તક જ્યારે કોઇ ખરીદ ન કરે ત્યારે માળિયામાં રહેલી ઉધઇ પુસ્તકને ઉધયોચિત ન્યાય આપે છે. કાં તો રદીની દુકાને તમારું પુસ્તક ત્રાજવે તોલાવી બે પૈસા પરત મેળવવાનું શાણપણ અજમાવવું . જેને દુનિયા અક્કલમંદી કહે છે.

આપણે રસોઇકળા, આયુર્વેદ, જયોતિષકળા, ફેશનને લગતાં પુસ્તકોનું વાંચન કરીએ છીએ. ખરો ગુજરાતી યુદ્ધમાં ખપી જાય પરંતુ ગાંઠના રૂપિયા ખર્ચીને પુસ્તક ખરીદ કરવાનું દુઃસાહસ કરતો નથી. પુસ્તકો ખરીદીને વાંચવા એ સરાસર ખોટનો ધંધો છે.આપણે છતી આંખે કૂવામાં પડવામાં માનતા નથી. કેટલાક ગુજરાતી કોઈનું પુસ્તક તફડાવીને વાંચવામાં હીણપત નહીં, પરંતુ ગર્વ અને ગૌરવ અનુભવે છે.કેટલાક નરબંકાઓ કોઇની માલિકીના પુસ્તક પર પોતાના નામનો સિક્કો મારી લેન્ડ ગ્રેબિંગની માફક બુકગ્રેબિંગ કરે છે. લેન્ડગ્રેબિંગને રોકવા માટે કાયદો છે, પરંતુ આ રીતે પુસ્તક ‘પચાવી ’ જવાની પ્રવૃત્તિ અટકાવવા કોઇ કાયદો નથી.

એક ગુજરાતી તરીકે વીસ લાખ રૂપિયાની કાર ખરીદી શકીએ છીએ. બે હજાર કે અઢી હજાર રૂપિયાની ગુજરાતી થાળી કે કોન્ટિનેન્ટલ ડિશ પેટમાં પધરાવી શકીએ છીએ. ફેસિયલ કે મસાજ માટે ચાર- પાંચ હજારનો ખુરદો બોલાવી દઇએ છીએ. સિગારેટ, મસાલા માટે મહિને છ-સાત હજાર રૂપિયા ફૂંકી કે ચાવી નાખીએ છીએ, પરંતુ ભૂલેચૂકે બસો રૂપિયા કવિતા,ગઝલ, નવલકથાના પુસ્તક માટે ખર્ચ કરતા નથી. કેમ કે આપણા ડીએનએ તેની હરગિજ પરવાનગી આપતા નથી!

પુસ્તકોના પ્રચાર અને પ્રસાર માટે પુસ્તકમેળા કે લિટરેચર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવે છે. પુસ્તકોના વિમોચનના કાર્યક્રમના આમંત્રણકાર્ડમાં ફૂદડી સાથે તાજા કલમ કે ખાસ નોંધ લખીને પુસ્તક વિમોચન પછી ‘અલ્પાહાર કે ભોજનનો પ્રબંધ છે’ એમ લખીને લોકોને પુસ્તક વિમોચન કાર્યક્રમ માટે લલચાવવામાં આવે છે, જયાં લોકો નવપ્રકાશિત પુસ્તકની ગુણવતા કરતાં અલ્પાહારની ગુણવત્તાની ચર્ચા કરે છે.

પાકિસ્તાનમાં પણ કિતાબ કાર્નિવલ કે પુસ્તક મેળાનું આયોજન થતું રહે છે. પાકિસ્તાનમાં ભારત વિરોધી ઝેર ઓકવાની એકાવન રીતો, અડધી રોટી ખાઇ ભારત સામે હજાર સાલ જંગ કૈસે લડે ? યુદ્ધ ચડે કે પ્રોકસી વોર, પેશાવરમે સફલ બોમ્બ ધડાકે કૈસે કરે? આતંકવાદી કે મોહબ્બતમે લૂંટ ગઇ સકીના, ના ના કરતે હમ તો મિલિટન્ટ હો ગયે, ઇન્ડિયા કી બોર્ડર પાર કરતે સમય કયાં કયાં ચીજે સાથ રખિયે, કિફાયતી બમ કૈસે બનાયે, ઈત્યાદિ -ઈત્યાદિ બકવાસ પુસ્તકો લખાતાં હશે. જેહાદીઓને આવી કિતાબો આતંકવાદી આકાઓ નિઃશુલ્ક આપતા હશે.

પાકિસ્તાનના લાહોર શહેરમાં હમણા પુસ્તક મેળો યોજાયેલો.આ મેળામાં બાળ સાહિત્યથી લઇને લાળ સાહિત્યનાં પુસ્તકો વેચાણ મારફત લેખકો- પ્રકાશકોનો ઉદ્ધાર થાય તે માટે નયન બિછાવીને પ્રતીક્ષારત હતા. કોથળા જેવા લેખકો, બેગમો, ખાંસાહેબો, મિલિટરીના અફસરો, આવામ પુસ્તકમેળામાં તશરીફ લાવી હતી. પુસ્તકમેળાના પ્રમોટરોને પુસ્તકો વેચાવાની તગડી ઉમ્મીદ હતી. પચીસ રૂપિયાથી લઇને પચાસ હજારની પ્રાઇઝટેગ લગાવેલ ચકાચક પુસ્તકો તારામંડળમા તારા ચમકે તેમ ચમકતાં હતાં. આ પુસ્તક મેળામાં લાખ-દોઢ લાખ કિતાબો બિક્રીના હેતુસર દુલ્હનની માફક સજાવેલ હતા.

લાહોરના પુસ્તક મેળામાં આવેલા લોકોએ શું કર્યું? પુસ્તકોને હાથમાં લીધાં. આમ તેમ સહેલાવ્યાં. પુસ્તકોને ખરીદ કર્યા સિવાય પાછા યથાસ્થાને મુકી દીધા. કરોડપતિ મિંયાઓને સાંઠ રૂપિયાનું પુસ્તક મોંઘું લાગ્યું. તેના દાદાના જમાનામાં દાદા ચવન્નીમાં પાંચ પુસ્તકો ખરીદ કરતા હતા એ જમાનો યાદ કર્યો. પછી ત્રણસો રૂપિયાની બિરિયાનીની ત્રણ પ્લેટ પેટમાં ઠુંસી!મજાની વાત એ છે કે પુસ્તક મેળામાં એક,બે, ત્રણ એમ ગણીને માત્ર પાંત્રીસ પુસ્તકોનું વેચાણ થયું . જ્યારે લોકો બે હજાર પ્લેટ શવરમા અને બિરિયાની ટટકાડી ગયા કે ઝોહટી ગયા.

પાકિસ્તાનના લાહોરમાં પુસ્તક મેળા નહીં, પરંતુ બદલે એક ફૂડ ફેસ્ટિવલ કે ખાદ્ય મેળો યોજાયેલો તેમ રાજુ રદી રહે છે.

આ પુસ્તકમેળાના આવા નબળા પ્રતિસાદથી નિરુત્સાહિત થઇને પાકિસ્તાનમાં પુસ્તક મેળાનું આયોજન કરનારા લાગતા-વળગતા એને સદંતર અને કાયમ માટે બંધ કરવાનો નિર્ણય કરાયો હોવાનું ચર્ચાઇ રહ્યું છે! ■

ફોકસ
નિધિ ભટ્ટ
feedback@bombaysamachar.com

# આવું ‘કામ’ સાવ ન-કામું..!



વધતી સ્પર્ધા, અન્ય સાથેની સરખામણી અને પોતાને ચડિયાતાં પૂરવાર કરવાની ગળાકાપ સ્પર્ધામાં આપણાં આરોગ્ય તરફ ધ્યાન નથી આપી શકતાં, જે આપણાં સ્વાસ્થ્ય માટે હાનિકારક નિવડે છે. આપણી આજુબાજુ પણ એવાં અનેક લોકો છે જે ઑફિસમાં તણાવપૂર્ણ જીવન પસાર કરે છે. એથી એ વિષય પર આપણે હવે નિખાસલપણે ચર્ચા કરવી જ રહી. મોટા શહેરોમાં લોકો ધાંધલભર્યું જીવન જીવે છે, માત્ર દોડ્યા જ કરે છે. તેઓ કોઈ તક હાથમાંથી જવા નથી દેવા માગતાં. સફળતા મેળવવાની લ્હાયમાં તેમના સ્વાસ્થ્ય પર માઠી અસર પડે છે. એથી એમ કહી શકાય કે તક બે ધારી તલવાર જેવી છે.

**તણાવ કઈ રીતે આવે છે?**

આપણે જીવનમાં ભૌતિક સુખો મેળવવા તરફ આંધળી દોટ લગાવીએ છીએ. શાનદાર લાઇફ પસાર કરવા માટે પૈસા, ગાડી, મોંઘા કપડાં, ફોન અને બ્રૅન્ડેડ વસ્તુઓ ખરીદવાનો શોખ રાખીએ છીએ. આ બધી વસ્તુઓને વધુ મહત્ત્વ આપવાને કારણે માનસિક તણાવ વધે છે.

જીવનમાં મળતી વિવિધ તકોમાંથી કયો પર્યાય પસંદ કરવો એમાં પણ ગડમથલ ઊભી થાય છે.

**અતિશય કામનું ગૌરવ લેવું એવું વર્કકલ્ચર શા કામનું?**

અનેક આઇટી અને અન્ય કંપનીઓ કર્મચારીઓને એક સાધન તરીકે જુએ છે. એને કારણે અતિશય કામ કરવાનું ગૌરવ લેવાનું વર્કકલ્ચર શા કામનું? આ જ કારણ છે કે ઇન્ફોસિસના નારાયણ મૂર્તિ કર્મચારીઓના કામના કલાકો વધારવાનું વિચારી રહ્યા છે. એથી અનેક લોકો કામના બોજ હેઠળ દબાઈ જશે. વૈશ્વિક માનસિક આરોગ્ય અઠવાડિયા હેઠળ એની થીમ ‘કામ દરમ્યાન આવતો તણાવ કઈ રીતે ઘટાડવો?’ રાખવામાં આવી છે.

**પૈસા રળવાના વિવિધ પર્યાયો છે એ વાત ધ્યાનમાં રાખવી**

કર્મચારીઓનું માનસિક આરોગ્ય વિશે સજાગ રહેવું એ માત્ર માનવ અધિકારના દ્રષ્ટિકોણથી જ નહીં, પરંતુ જે કંપનીઓ પોતાના કર્મચારીઓની માનસિક અવસ્થાને મજબૂત બનાવવા પર વિચાર કરે એ માટે પણ મહત્ત્વનું છે. એને કારણે કંપનીને જ ફાયદો થવાનો છે.

ઑફિસમાં વધુ પડતાં કામને કરવાની ના પાડવાની ટેવ પણ કેળવવી જોઈએ. કંપની જો કર્મચારીઓના સ્વાસ્થ્ય વિશે વિચાર ન કરે તો આવી કંપનીઓની સફળતાની પણ ચિંતા છોડી દેવી જોઈએ. એવુ વિચારવુ જરાપણ ખોટુ નથી.

ઓછા ખર્ચમાં, ઓછી ઇચ્છાઓ સાથે સમાધાન પૂર્વક જીવન જીવીને સંતોષ રાખવો એ અગત્યનું છે. સ્વાસ્થ્ય સારું હશે તો પૈસા રળી શકાશે.

કામ દરમ્યાન માનસિક આરોગ્ય પર માઠી અસર પડી રહી છે એવું જાણવા મળે તો સમય ગુમાવ્યા વગર માનસિક આરોગ્યના ડૉક્ટરની સલાહ લેવી. કામની અગત્યતાનું વર્ગીકરણ કરીને એને મહત્ત્વ આપવુ જોઈએ. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# આકરુમાં જોરાવરસિંહ જાદવનું ‘વિરાસત મ્યુઝિયમ’ લોકકલા સંસ્કૃતિની ઝાંખી કરે છે








ગુજરાતની લોકકલા, લોક સંસ્કૃતિ, કલા, છબીકલાથી તરબતરને ઇન્ટરેસ્ટિંગ ઇન્સ્ટિટયૂટ જેવું મ્યુઝિયમ બોટાદ જિલ્લાના ધંધુકા તાલુકાના ‘આકરુ’ ગામે ભવ્યતાતિભવ્ય ગ્રામિણ ‘વિરાસત’ને ઉજાગર કરતું પદ્મશ્રી-જોરાવરસિંહ જાદવ (વાઇસ ચેરમેન સંગીત નાટક અકાદમી ભારત સરકાર)એ પોતાનું જન્મ સ્થળ. વતન ‘આકરુ’માં પિતાશ્રીનું વતનનું ઋણ ચૂકવવાનું સ્વપ્ન જોરાવરસિંહ જાદવનું મૂતિમંત થયું છે...! ‘વિરાસત મ્યુઝિયમ’માં દિલ્હીના દરબાર સુધીની યાત્રાનું દર્શન કરાવતું મ્યુઝિયમ જરા હટકે છે...! અદ્‌ભુત અલૌકિકને ગરવી વસુંધરા પ્રતિબિંબનું સેટિસ્ફેકશન (આત્મ સંતોષ) થાય તેવું નવલું નઝરાણું બનાવતા પૂરાં ત્રણ વર્ષ લાગી ગયાં. આ મ્યુઝિયમ આમ તો ખોબા જેવડું ‘આકરુ’ ગામમાં બનાવ્યું છે. પણ તેમાં સુવિધાને સંગ્રહ માટે કાષ્ટકલાના કલાકોતરણીવાળા કબાટ બ્લેક સીસમના કે સાગના હોય તેમ લાગે છે. સુચારૂ રિતે ક્રમશઃ ગોઠવણ કરી છે. અત્યાધુનિક સ્ટાઇલની લાઇટોથી ઝગમગ મ્યુઝિયમમાં એરકન્ડિશન વ્યવસ્થા છે. કોન્ફરન્સ હોલ છે. જેમાં મોટું ટી. વી. રાખી ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ બતાવી શકાય.

‘આકરુ’ ગામ આદર્શ બ્યુટિફૂલ ગામ છે. તેનું જરા વર્ણન કરું તો ગામમાં પ્રવેશતા મોટી શેરી છે. ત્યાંથી વિરાટ ડેલીવાળાં મકાનો જોતા ગામની સુખસમૃદ્ધિનો આછેરો પરિચય મળી જાય છે. ગામમાં વચ્ચે પ્રાચીન ચોરો આજે પણ દેશી નળિયાવાળો છે. જોતા સાત્વિક ધર્મનું સાનિધ્ય પૂરું પાડે છે. આકરુ ગામ રાજવી સમયનું હોવાથી ઝરુખા જેવી ડિઝાઇનવાળાં પ્રાચીન મકાનો નિહાળવા મળે ગામના છેવાડે એક ટાવર બનાવેલ છે. જે ચબૂતરો જેવો છે ને અલગ ભાતનો છે. જેમાં બહુચર માતાજીનું મંદિર છે. ગામ રળિયામણું લાગે છે. તેનું કારણ વિશાળ ગામને પાધર તળાવ સુશોભિત લાગે છે. ત્યાં ભોળાનાથનું સરસ મંદિર પણ છે. આ ગામ ધાર્મિકતાથી તરબતર છે તેનું રહસ્ય છે. શ્રી માધવાનંદ આશ્રમ ખૂબ મોટો છે. ગામ આખું તેને માને છે. અરે અમુક ઘરની ઉપર ‘માધવાનંદ’ જેવા સોહાણા શબ્દો લખ્યા છે. આકરુ ગામની શેરીઓ સુઘડને શિસ્તબદ્ધિ છે. અરે જે ગામમાં જોરાવરસિંહ જાદવ હોય તે ગામ તો જોરાવર હોય જ ને...! ગામ આકરુ છે પણ નિર્મળ નીર જેવું છે...!

પદ્મશ્રી જોરાવરસિંહ જાદવનું ‘વિરાસત મ્યુઝિયમ’માં કેવું છે. ગામની વચ્ચે આછા પીળા રંગનું બ્લેક કાષ્ટકલાની થાંભલીઓ ને મુખ્ય પ્રવેશદ્વારની શું વાત કરું લાકડામાં ભરપૂર કલા છે. ને જાડું પણ તગડું છે...! પ્રવેશતા જ ખોડિદાસ પરમારની સ્ટાઇલનાં રેખાચિત્રોને ડાંગના દેશી કલાકારોએ ભીન્ન ભીન્ન રંગના ઘોડાઓ દોરેલ છે. પટાંગણમાં વિશાળ પ્રાચીન નંદી પથ્થરમાં કોતરેલ નિહાળવા મળે છે.

આ મ્યુઝિયમ ગામડામાં હવેલી હોય તેવી પ્રતીતિ તંતોતંત થાય છે. પ્રવેશતા જ જોરાવરસિંહના પિતાશ્રી દાનુભાઇ જાદવ. માતુશ્રી પામબા જાદવ. માતુશ્રી ગંગાબ જાદવને ધર્મપત્ની સજજ કુંવરબા જાદવની તસવીરો જોવા મળે છે. મ્યુઝિયમમાં ડાંગના ચિત્રકારોનાં ચિત્રોને ગુજરાતના વિખ્યાત ચિત્રકારોનાં ચિત્રો છે. કાલબેલા નૃત્યકાર ગુલાબો. સિદી બાદશાહને ડાંગના નૃત્યકારની તસવીરો નયનરમ્ય લાગે છે. જોરાવરસિંહ ભાઇને મળેલ પદ્મશ્રીથી લઇને અસંખ્ય અવૉર્ડને નરેન્દ્ર મોદીથી માંડી મોરારિબાપુ સુધીના મહાનુભવો સાથેની તસવીરો. ગુજરાતની પાઘડી, તલવાર, શંખ, હોકા, ચોપાટ, પંચધાતુની મૂર્તિઓને સોવિનિયા દેશની મેરિયા શ્રેયશે આદિવાસ વિસ્તારમાં રિસર્ચ કરી તેની બુકની પ્રસ્તાવના તેમણે લખેલ તે પત્રને ત્રાંબા, પીતળનાં વાસણો, માટીનાં રમકડાંને તેમણે લખેલ બુકો બે કબાટ ભરીને છે. આ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧૧-૨૪ના મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વરદ હસ્તે થયેલ, આ પ્રસંગે વજુભાઇવાળા, શંકરસિંહ વાઘેલા, શક્તિસિંહ ગોહિલ, ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા. સાંસદ દેવુસિંહ ચૌહાણ, ડો. સંધ્યા પુરેચાજી, જગદીશાનંદ સાગરજી મહારાજ, અલૌકિક સ્વામી, કે.જી. વણઝારા, રણછોડભાઇ ભરવાડે હાજરી આપી હતી. આ વિરાસત મ્યુઝિયમ એકવાર અચૂક જોવા જજો.

– આલેખન તસવીરઃ ભાટીએન ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## ૪ મિનિટની લઘુશંકા ને ૧૨૫ ટ્રેનનું ગુરુ-કમઠાણ




રેલવે ટ્રેનના મોટરમેન (મેટ્રો રેલવેમાં કો- પાઈલટ કહે છે)ની નોકરી બહુ કપરી હોય છે. ટ્રેન મોડી પડે તો કારણ જાણ્યા-સમજ્યા વિના ચાલકને જ દોષ આપવામાં આવતો હોય છે. ટ્રેન ચલાવનાર છેવટે તો એક માણસ જ હોય છે અને માનવસહજ ભૂલ કે નબળાઈ ડોકિયાં કરી શકે છે એ સ્વીકારવું જોઈએ.

સાઉથ કોરિયાની રાજધાની સોલમાં ગયા અઠવાડિયે સવારે આઠ વાગ્યે એક ટ્રેન ઓપરેટરે લઘુશંકાના નિવારણ માટે ૪ મિનિટનો ટોયલેટ બ્રેક લીધો, પણ એમાં મોટી રામાયણ થઈ ગઈ. 'શંકા'વાળી ટ્રેન પ્લૅટફૉર્મ પરથી નિયત સમયે ઊપડી નહીં એમાં થોડી વારમાં એકની પાછળ એક એમ ૧૨૫ ટ્રેનની દશા 'હમ કતાર મેં ખડે હૈં' જેવી થઈ ગઈ. કોરિયન ટ્રેન સર્વિસમાં ચાલકોને પોર્ટેબલ ટોયલેટ આપવામાં આવે છે, પણ ટ્રેન ઓપરેટર 'લઘુશંકા'નું નિવારણ કરવા વોશરૂમ જઈ કેબિનમાં પાછો ફર્યો એમાં ૪ મિનિટ અને ૧૬ સેકન્ડનો સમય લાગ્યો તેમાં 'એક કે પીછે એક'ની હારમાળા તૈયાર થઈ ગઈ. કોરિયાની સર્ક્યુલર લાઈનમાં ટ્રેનચાલકે અઢી ત્રણ કલાક સતત ટ્રેન દોડાવવી પડતી હોય છે. આ પરિસ્થિતિમાં આવી સમસ્યા ઊભી થવી 'કુદરતી' છે.

## મમ્મી, મોડું થાય છે સ્કૂલે જવાનું!



'ચાલ જોઉં ઊઠ તો હવે, નહીં તો સ્કૂલે જવાનું મોડું થશે' એ વાક્ય પેરેન્ટ્સ બોલતા હોય છે અને સંતાનો એ સાંભળ્યા પછી પણ બેડ છોડવા તૈયાર નથી હોતાં. યુએસમાં એક એવી સ્કૂલ છે જ્યાં જવા માટે સંતાન પોતે જ થનગનતું હોય છે અને ક્યારેક બાળક પેરન્ટ્સ સામે બૂમ પાડીને કહેતું હોય છે કે 'મમ્મી, મોડું થાય છે સ્કૂલે જવાનું'. અમેરિકામાં સડબરી સ્કૂલ્સ તરીકે ઓળખાતી આ શાળામાં ચાર વર્ષના બાળકથી સત્તર વર્ષના તરુણને અભ્યાસ દરમિયાન કંટાળો ન આવે એનું વિશેષ ધ્યાન રાખવામાં આવે છે. ગોખવાની, લેસન કરવાની, ન ગમતો વિષય પણ ફરજિયાત ભણવા જેવી બાબતની અહીં બાદબાકી કરી દેવામાં આવી છે. શાળામાં કોઈ શિક્ષક નથી. હા, કેટલાક વયસ્ક લોકો હાજર હોય છે, જેમનું માર્ગદર્શન લેવું કે નહીં એ વિદ્યાર્થીઓ નક્કી કરે છે. દિવસનું ટાઈમટેબલ વિદ્યાર્થીઓ જ નક્કી કરે છે. કયો વિષય ભણવો અને કયા સામે જોવું પણ નહીં એ તેમ જ કયા શિક્ષકે ભણાવવાનું અને કોણે નહીં એ નક્કી કરવાનો હક પણ વિદ્યાર્થીઓને હોય છે. હવે આવી સ્કૂલમાં તો દોડ્યા દોડ્યા જવાનું મન થાય જ ને...!

## સ્ટ્રેસ દૂર કરવા ચોરી ૧ હજાર ઘરમાં!




જીવનમાં માત્ર પૈસા, પૈસા અને પૈસાનું જ મહત્ત્વ છે એવા આજના સમયમાં દરેક જણ પૈસા કમાવા માટે ઊંધું ઘાલીને દોડતો જોવા મળે છે. સુબહ ઔર શામ કામ હી કામ અને અમુક દિવસે તો મોડી રાત સુધી જોતરાઈ રહેવું પડે. વધુ ને વધુ કમાવાના કામના આવા અતિરેકને કારણે માણસ સ્ટ્રેસ - તણાવથી ઘેરાયેલો રહે છે. કશું કામ નહીં કરનારને પણ પૈસા ક્યાંથી મેળવવા એનું સ્ટ્રેસ થતું હોય છે. આ સ્ટ્રેસ દૂર કરવા કોઈ સંગીત સાંભળે, કોઈ યોગા કરે તો કોઈ સ્પોર્ટ્સ અજમાવે.

જોકે, જાપાનમાં એક ચોરની ધરપકડ કર્યા બાદ ચોરીનું કારણ જાણી પોલીસ અવાચક થઈ ગઈ.

૩૭ વર્ષના ચોરભાઈ રંગેહાથ ઝડપાઈ ગયા પછી પોલીસની પૂછપરછમાં એણે કહ્યું:

'લોકોનાં ઘરનાં તાળાં તોડવાં, ઘરફોડી કરવી એ મારો શોખ છે. અત્યાર સુધીમાં ૧ હજારથી વધુ ઘરમાં ઘૂસી મેં હાથફેરો કર્યો છે. ચોરી કરતી વખતે મને ખૂબ જ રોમાંચ થાય છે અને મને કોઈ પકડી પાડશે કે કેમ એ વિચારથી મારી હથેળીમાં પરસેવો વળી જાય છે અને આના કારણે હું તણાવમુક્ત થઈ જાઉં છું.' વિચિત્ર ચીજવસ્તુની ઉઠાંતરી કરતા ચોરલોકોની કથા જાણીતી છે, પણ સ્ટ્રેસમુક્ત થવા ચોરી કરવી એ જાણી માણસના દિમાગનો તાગ મેળવવો કેટલું મુશ્કેલ છે એ સમજાય છે.

## આવરદા વધારવા સવારે ૧૧ વાગ્યે ડિનર, હેં!



'એજ ઈઝ જસ્ટ અ નંબર, દિલથી જવાન હોવું જોઈએ' જેવી ફિલોસોફી સાથે અનેક જૈફ વયના લોકો જીવીને આનંદ લેતા હોય છે. ૪૭ વર્ષના અમેરિકન ધનપતિ બ્રાયન જોન્સનનો કિસ્સો એકદમ અલગ પ્રકારનો છે ને એ વિશ્વમાં ચર્ચાના ચોતરે ચડ્યો છે. આ ભાઈસાહેબ ઉંમર ઘટાડવાની વેતરણમાં પડ્યા છે. એમની જીવનગાડી ઊંધી દિશામાં દોડી રહી છે. 'મરવાનું નહીં' જેવો જીવનમંત્ર ધરાવતા મિસ્ટર બ્રાયન અનુસાર તેઓ ૪૭ વર્ષના છે, પણ એમનો દાવો છે કે એમનું હૃદય ૩૭ વર્ષની ઉંમરની વ્યક્તિ જેવું સાબૂત છે અને એમની ત્વચા ૨૮ વર્ષના યુવાન જેવી છે. એમની આ 'એજ રિવર્સિંગ ટેક્નિક' (ઉંમર ઘટાડવાની આવડત) એમના જીવનમાં મોતનો પડછાયો પણ નહીં પડવા દે એવો એમનો દાવો છે. આ શક્ય બનાવવા શ્રીમાન જોન્સન જે કરી રહ્યા છે એમાં એનો આહાર કાર્યક્રમ જાણીએ. સવારે પોણા સાતે પ્રોટિન, નટ્સ (બદામ, પિસ્તા, અખરોટ વગેરે) અને સપ્લિમેન્ટ્સ આરોગવાના. સવારે નવ વાગ્યે શાકાહારી ખાણું ને ૧૧ વાગ્યે ડિનર અથવા દિવસનું છેલ્લું ભોજન. આ ડિનરમાં શાકભાજી, નટ્સ અને બેરીઝનો સમાવેશ હોય છે. આ અને બીજી કેટલીક પ્રક્રિયાને કારણે ૩૬૫ દિવસના એક વર્ષમાં આયુષ્ય ૨૫૧ દિવસ જ વધે છે એવો જોન્સનનો દાવો છે.

એમની આ 'ઊલટી' ગણતરી કેટલી સીધી ઊતરે છે એ તો સમય કહેશે...

## લ્યો કરો વાત!

આજની તારીખમાં ભારતમાં ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશ છે. દરેક રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશની એક રાજધાની છે, પણ એક રાજ્ય એવું છે જે રાજધાનીવિહોણું છે. ૧૯૫૬માં તેલંગાણા એની સાથે જોડાયું હતું, પણ ૨૦૧૪માં નવું રાજ્ય તેલંગાણા અસ્તિત્વમાં આવ્યું ત્યારે ૧૦ વર્ષ માટે હૈદરાબાદ આંધ્ર અને તેલંગાણાની સંયુક્ત રાજધાની નિયુક્ત થઈ હતી. આ અવધિ આ વર્ષે જૂનમાં પૂર્ણ થવાથી હવે હૈદરાબાદ ફક્ત તેલંગાણાની રાજધાની છે. આંધ્રના નવા સીએમ ચંદ્રાબાબુ નાયડુ આવતા વર્ષે જાન્યુઆરીથી અમરાવતીને આંધ્રની રાજધાની બનાવવાનો પ્રારંભ કરશે અને એને માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમુજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કોલેજિયનો જુદાજુદા ડે કેમ ઉજવે છે?**

* ભણવાના ડે ઓછા હોય છે એટલે...

**કાળા અક્ષર ભેંસ બરાબર હોય તો ગાય માટે શું?**

* સફેદ કોરો કાગળ...

**સુંદર બનવા શું કરું?**

* પૈસા હોય તો પાર્લરમાં જાવ ને ન હોય તો મનથી હકારાત્મક વિચારો...

**પ્રેમની મૌસમ ક્યારે આવે?**

* ડાર્લિંગનો ફોન આવે ત્યારે...માશૂકા મેસેજ કરે ત્યારે.... અને પ્રિયતમા રૂબરૂ આવે ત્યારે...

**રાધાના રંગે કૃષ્ણ રંગાયા હતા એમ મારે પણ રંગાવું છે**

* પહેલાં રંગાય કે રંગી જાય એવી રાધા શોધો...

**લગ્નની જેમ છૂટાછેડાની કંકોત્રી કેમ નથી હોતી?**

* કોઈ ચાંલ્લો/ગિફ્ટ મોકલે નહીં એટલે કંકોત્રીનો ખોટો ખર્ચ કરવો નકામો...

બે હજારની નોટ ચલણમાં નથી, છતાંય

**ખાનગીમાં કેમ હેરાફેરી થાય છે?.**

* ખુલ્લંખુલ્લાં વ્યવહાર કરે તો ઘણાં ખાનગી વ્યવહાર ખુલ્લાં પડી જાય...

**ગુજરાતમાં કયાં સુધી ખાડા પડતાં રહેશે?**

* રસ્તા હશે ને વરસાદ પડશે ત્યાં સુધી...

**હવે સ્કૂલોની બહાર બચ્ચાની મમ્માઓ મીટિંગ કરે છે.**

* તો પપ્પાને પાર્કિંગ લોટમાં મોકલી દો...

**પરચૂરણનું મૂલ્ય કેટલું?**

* પરચૂરણ જેટલું...

**હવે લોકો દિલ માટે પણ ડીલ કરે છે.**

ડીલ વિધાઉટ બિલ...

**મફતમાં શું મળે?**

* દુનિયાભરની સલાહ ને સૂચન...

**ભગવાન રામ અત્યારે હયાત હોત તો?**

* એ પણ 'રામ રામ' કરતાં હોત.

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com



# મિલનની તડપ હોય ને તેડું આવે...

એક ચોવક છે: 'હલકો નાં હારી જો' ભાવાર્થ થાય છે: નામથી જ બદનામ હોવું! 'હલકો' શબ્દનો અર્થ છે બદનામ, 'નાં' એટલે નામ અને 'હારી'નો અર્થ થાય છે હળ ચલાવનાર કે સાથી. 'જો' એટલે નો! કોઇ એવી અઘટિત કે અકલ્પનીય ઘટના બને એટલે કે નજર સામે હંમેશાં દેખાય તે 'ચોર' કે 'ગુનેગાર' કે ખોટું કામ કરનાર! શાહબુદ્દિન રાઠોડનો વનેચંદ યાદ છે! ગુનો કોઇપણ કરે, પરંતુ સજા એને જ થાય! બસ એવું જ!

પતિકે પ્રેમીને મળવા માટે કે તેની સાથેના મિલન માટે જેને આકંઠ તલપ લાગી હોય અને એવા તડપના દિવસોમાં જ પ્રિય પાત્રનું આવવાનું કે તેની પાસે બોલાવવાનું આમંત્રણ આવે ત્યારે એ સ્ત્રીના સોળેય કોઠે દિવા પ્રગટે અને બત્રીસ કોઠે વાન ઉજળો થઇ જાય... એ સ્થિતિને પ્રગટ કરતી એક ચોવક છે: 'હિકડી તાં ઉકોંઢ નેં તેં મેં આવઇ કોઠ' 'હિકડી' એટલે એક અને સાથે 'તાં' શબ્દ જોડાયો છે એટલે અર્થ થાય છે, 'એક-તો', ('કાંઢ' કચ્છ)માં એક સુંદર શબ્દ છે. જેનો અર્થ થાય છે 'મિલનની તડપ'. હવે આ એકાક્ષરી ત્રણ શબ્દોની મજા માણજો... 'નેં' એટલે અને, 'તેંમેં' એ બે એકાક્ષરી શબ્દો અહીં જોડાઇને અર્થ આકારે છે 'તેંમાં'! 'આવઇ'નો અર્થ થાય છે 'આવી' અને 'કોઠ' એટલે તેડું કે આમંત્રણ ... ટૂંકમાં એમ કહી શકાય કે, જે વસ્તુ-સ્થિતિ જોઇતી હતી તે મળવાની શકયતા ઊભી થઇ!

સામાન્ય રીતે સારાં કાર્યો કર્યાં હોય અને સન્માનનીય વ્યક્તિ હોય તેની પ્રતિમાઓ મુકાતી હોય છે. જેથી અન્યોને પ્રેરણા મળે. પણ અહીં એક ચોવક મૂકું છું. તેમાં પ્રતિમા (પૂતળાં)નો પ્રયોગ કેવા અર્થમાં કર્યો છે એ જો જો..'કરમજો પૂતરો, પ મિનીં આડફિરઇ''! કોઇ અકર્મઠ વ્યક્તિની મજાક ઉડાવવી હોય તો આ ચોવકનો ઉપયોગ કરવામાં આવે છે. અર્થ એવો થાય છે કે, આમ તો એ કામ કરનારો પણ તેને બિલાડી આડી ફરી ગઇ, એટલે હાથ જોડીને બેસી રહ્યો છે! 'કરમ જો પૂતરો' એટલે કર્મની પ્રતિમા. 'પ'નો અર્થ છે પણ. 'મિની'નો અર્થ થાય છે બિલાડી અને 'આડ' એટલે આડી ને 'ફિરઇ'નો અર્થ થાય છે 'ફરી' (આડી ફરી)!


આમ તો એવું સ્પષ્ટ પણ લાગે છે કે, આ એક ચોવકમાં બે ચોવક સમાયેલી છે. કોઇના કામમાં આળસ બદલ ટોણોં મારવો હોય તો કહી શકાય. 'કરમજો પૂતરો' અને કોઇ પણ બહાને કામ ન કરવાની વૃત્તિ ધરાવનાર વ્યક્તિને બહાનું આડું ધરવા માટે 'મિનીં આડફિરઇ' ચોવક બનીને આ ત્રણ શબ્દો પૂરતા બની રહે છે.

વાતમાં કંઇક તો તથ્ય હશે નહીં તો કહેવતો અને ચોવકો રચાય નહીં... 'બિલાડીના પેટમાં ખીર ન રહે' તેમ 'સ્ત્રીના પેટમાં વાત ન રહે'! ચોવક એવી રચાઇ છે કે: 'બાયડી જે પેટ મેં પુતર રે પ ગાલ ન રે' ચોવક પરથી અર્થ તો એવો ફલિત થાય છે કે, સ્ત્રીના પેટમાં દીકરો રહે પણ કોઇ વાત ન રહે! આમ તો જોકે આટલું કહીને ચોવક 'સ્ત્રી સહજ સ્વભાવ'નો જ પરિચય આપે છે. શબ્દોના અર્થ જોઇએ છે? 'બાયડી' એટલે સ્ત્રી. 'જે'નો અર્થ થાય છે: ના (સ્ત્રીના), 'પુતર' એટલે દીકરો અને 'રે' એટલે રહે (ટકી રહે) 'પ'નો અર્થ થાય છે પણ ચોવકમાં જે 'ગાલ' શબ્દ-પ્રયોજવામાં આવ્યો છે તેનો અર્થ થાય છે... વાત! ટૂંકમાં ચોવકને એટલું જ કહેવું છે કે, સ્ત્રીના પેટમાં વાત ન ટકે! ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ઠંડે ઠંડે પાનીસે નહાના ચાહીએ કે નહીં?



શિયાળામાં વહેલા ઊઠવું અને નહાવું..

આ બન્ને વાત ચર્ચાસ્પદ છે-એ કાં તો ઊંઘ ઉડાડી દે અથવા તો ઠંડીની લહેરખીથી ધ્રુજાવી દે !

મજાની ઠંડીમાં ગોદડું ઓઢીને સૂતેલા માણસને હૂંફમાંથી બહાર કાઢવા જેટલી મહેનત કરવી પડે છે એટલી જ મહેનત નાહવા મોકલતી વેળા થાય છે.

એક અભ્યાસ મુજબ પ્રતિ ચોથો અમેરિકી રોજ નહાતો નથી. આપણે ત્યાં વર્ષોથી માનવામાં આવે છે કે ગરમ પાણીથી સ્નાન કરવાથી શરીરનો દુખાવા ઘટે છે અને વ્યક્તિ તાજગી અનુભવે છે.

શિયાળામાં કુદરતી ઠંડક વચ્ચે ઊંઘ સારી આવતી હોવાથી રાત્રે સૂતા અગાઉ ગરમ પાણીથી સ્નાન કરવું જોઈએ. નિયમિત રીતે સ્નાન કરવાથી મન શાંત રહે છે અને તણાવમાંથી મુક્તિ મળે છે. રાત્રે સ્નાન કરવાથી નિદ્રા દેવીની વિશેષ કૃપા થાય છે અને તમે ગાઢ નિદ્રામાં સરી પડો છે.

સ્નાન કરવાના ફાયદા જેવી વાત આવે એટલે નિષ્ણાતો સંશોધન કરવા લાગ્યા છે કે કોઈ પણ ઋતુમાં ગરમ પાણીથી સ્નાન કરવું કે ઠંડા પાણીથી સ્નાન કરવાથી ફાયદો થાય. માંડ માંડ માણસ નહાતો હોય ત્યાં આ નવી ઉપાધિ આવી કે પાણી કેવું હોવું જોઈએ. ઠંડા પાણી થકી સ્નાન કરવાથી થાક ઘટે છે અને માંસપેશીઓના દુખાવામાં રાહત થાય છે. એક અભ્યાસ એવું કહે છે કે ઠંડા પાણીથી સ્નાન કરતાં રહો તો બીમારી-રોગચાળાના વાયરા સિવાયના સમયમાં સંજોગોમાં રોગપ્રતિકારક ક્ષમતા વધે છે. ઠંડા પાણીથી શિયાળામાં સ્નાન કર્યા પછી હિમાલય રખડ્યાની ખુશી મળશે. શિયાળામાં ઠંડા પાણીથી સ્નાન કરવું હોય તો થોડા ગરમ પાણીથી સ્નાન કરતા કરતા ધીમે ધીમે ઠંડું પાણી ઉમેરતાં રહેવું. ગીઝર વાપરતાં હોવ તો બંધ કરી દેવું, જેથી અચાનક ઠંડું પાણી જે રીતે ધ્રુજારી ઊભી કરી દે છે એનાથી બચી શકાય. સ્નાન પછી કપડાં તૈયાર રાખવા. ઠંડા પાણીના સ્નાન કરવાથી મૂડથી માંડીને સ્કિન સારી રહે છે એવા ઘણા ફાયદા છે.

બીજી તરફ, ગરમ પાણીથી સ્નાન કરવાના પણ ફાયદા છે.એનાથી થાક દૂર થાય છે. શરીરની સ્વચ્છતામાં વધારો કરવા સાથે બ્લડ પ્રેસર જેવી બીમારીમાં રાહત મળે છે. બીમારીમાં ઠંડું પાણી નુકસાન કરે તો ગરમ પાણીથી નાજુક ચામડીને નુકસાન થઇ શકે. બંનેના ફાયદા અને નુકસાન છે તો આપણે શું કરવું જોઈએ એના પર ચર્ચાઓ ચાલે છે.

બુદ્ધિશાળી તજજ્ઞોએ સલાહ આપી કે જો દિવસમાં બે વાર સ્નાન કરતાં હો તો એકવાર ગરમ અને બીજીવાર ઠંડા પાણીનો ઉપયોગ કરો. આપણા વડવાઓ શીખવાડીને ગયા છે કે ગરમીમાં ઠંડું ને ઠંડીની ઋતુમાં ગરમ પાણીનો ઉપયોગ કરવો. આખી વાતનો સાર એટલો જ છે કે કોઈપણ ઋતુ હોય, નિયમિત સ્નાન કરતાં રહેજો.

દિવસ દરમિયાન સ્નાન કરવું જોઈએ એવી ધાર્મિક માન્યતા છે. આપણે ત્યાં પાંચ હજાર વર્ષ પહેલાં સિંધુ સંસ્કૃતિ સમયે વ્યવસ્થિત પાણી માટે ડ્રેનેજ-ગટર સિસ્ટમ હતી. શક્ય છે કે એ યુગમાં ગરમ પાણીથી સ્નાન કરવું એ ફક્ત ધનિકો માટે હશે. દરેક વ્યક્તિ પાણીનો ઉપયોગ કરી શકે એ માટે સંશોધન શરૂ થયાં હશે. માણસજાત વ્યવસ્થિત રીતે પાણીનો ઉપયોગ કરી શકે એ માટે માટીની પાઇપ નાખવામાં આવી હતી. ગ્રીસમાં આધુનિક કહી શકાય એવી ડ્રેનેજ સિસ્ટમ કામ કરતી હતી. આ સિસ્ટમ થકી પાણી આવતું હશે અને ચૂલા જેવી સગવડ હશે. યુરોપમાં લોકો સ્નાન માટે ગરમ પાણીના વહેણ - પ્રવાહ પાસે સ્નાનઘર બનાવતાં. રોમમાં વિશાળ સ્નાનઘર બન્યા હોવાનું માનવામાં આવે છે, જેમાં પાંચેક હજાર વ્યક્તિ સ્નાન કરી શકતી. આપણા દેશમાં પૌરાણિક મહેલો જોવા જઈએ છીએ ત્યારે ત્યાં જાત જાતની ગરમ પાણી માટે વ્યવસ્થા જોઈને આશ્ચર્ય થાય..

આપણા ગામડાઓમાં ચૂલા પર ગરમ પાણી મુકવામાં આવે અને એક પછી એક સદસ્ય ડોલમાં પાણી ભરીને લઇ જાય ને સ્નાન કરી લે. એ જ ચૂલાના લાકડામાં પાપડી શેકવામાં આવતી અને રોટલા તૈયાર થતાં. સમય જતાં વિભક્ત થયેલા નાના પરિવારોમાં સ્ટવનો ઉપયોગ થતો. એકવાર ગરમ પાણી તૈયાર થાય પછી ઘરના બધા ફટાફટ સ્નાન કરી લે... ભારતીય ગ્રામ્ય જીવનમાં નાહવાની સૌથી વધુ મજા કૂવાની પાળે હશે. શિયાળામાં પ્રકૃતિનો ચમત્કાર હૂંફાળું પાણી આપે અને ઉનાળામાં ઠંડું પાણી આપે. નહેર, તળાવ અને નદીમાં સ્નાન કરીને ઉછરેલી પ્રજાતિને ક્યારેય ગરમ કે ઠંડા પાણીની ચર્ચા કરી નહીં હોય. ત્યારે ગરમ અને ઠંડું પાણીની ચિંતા પ્રકૃતિએ કરી હશે !

યુરોપમાં ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થયા પછી છેક ૧૮૮૯માં એડવિન રુડ નામના વૈજ્ઞાનિકે હીટરની શોધ કરી. લોખંડ અને તાંબાના પહેલા હીટર પછી દુનિયામાં સુરક્ષિત રીતે વપરાશ કરી શકાય એવું ઘરેલુ ગરમ પાણીની જરૂરિયાતનું મોટું માર્કેટ શરૂ થયું. આજે ગેસ હીટરથી માંડીને સોલાર વોટર હીટર સુધી અનેક નવાં સંશોધન થયાં છે.. નોકરી-ધંધામાં વ્યસ્ત વ્યક્તિને ચૂલા પાસે ઊભા રહેવાનો સમય નથી- એને બે મિનિટમાં ગરમ પાણી જોઈએ છે. આધુનિક યુગમાં વાઈફાઈ સાથેના ગરમ પાણી માટેનાં ઉપકરણોની શોધ માટે સમયનો સદુપયોગ પ્રેરક કારણ બન્યું. પતિ-પત્ની ઓર વોહના સંજીવકુમારની જેમ 'ઠંડે ઠંડે પાણીસે નહાના ચાહિયે' જેવાં ગીત લલકારીને સ્નાન કરવા જેટલો સમય નથી- બધું ઇન્સ્ટન્ટ જોઈએ. માણસ પાસે પોતાના શરીરને સંભાળવાનો સમય નથી. બે- ચાર ડબલાં પાણી રેડીને સ્નાન કર્યાનો આનંદ ભોગવી લે છે. શાંતિથી માણસે સ્નાન કરવાનો આનંદ લેવો જોઈએ એવું એક યા બીજા સ્વરૂપે દરેક સંસ્કૃતિમાં કહેવામાં આવ્યું છે. સાર્વજનિક સ્થાન હોય અથવા સ્નાનમાં સ્વતંત્રતા મળતી ન હતી એ કારણે નવાં ઉપકરણો શોધાતાં ગયાં . ઋતુઓના ફેરફાર સમયે તકલીફો રહેતી હશે એ બધી સમસ્યા દૂર કરવામાં આવાં ઉપકરણ મદદરૂપ થયાં. આમ છતાં માણસે સ્નાનમાં રસ લેવાનો ઓછો કર્યો. જે વસ્તુ સહજ મળે એમાં ઉત્તેજના રહેતી નથી. નાના બાળકને સ્કૂલ બસ લેવા આવવાની હોય કે નોકરી- ધંધા પર નીકળવાનું હોય એ યુગમાં સ્નાન ફક્ત ફોર્માલિટી બની ગયું છે. ફક્ત વાતોમાં જ એનું મહત્ત્વ રહ્યું છે. નાહવાની વાતનું આપણે નાહી નાખ્યું છે.

### ધ એન્ડ :

પાંચ મિનિટ સ્નાન કરવાથી પ્રતિ વ્યક્તિ અંદાજે ૩૬૦૦૦ લીટર પાણીનો ઉપયોગ કરે છે. ■

# શિંદે બીમાર, મહાયુતિ પરેશાન

## થાણેથી વર્ષા બંગલો પહોંચતા પહેલા એકનાથ શિંદે હૉસ્પિટલમાં ચેક-અપ માટે રોકાતા જાત-જાતની અટકળોઃ મોડેથી ફડણવીસ ખબર કાઢી આવ્યા પણ સરકારની રચના વિશે હજી કોઈ ફોડ નથી પડતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં આગામી સરકારના ગઠન માટેની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે ત્યારે મંગળવારે અચાનક જ રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે થાણેની જ્યુપિટર હોસ્પિટલમાં દાખલ થતાં આખા રાજ્યની ચિંતામાં વધારો થયો હતો, પરંતુ તેમની હાલત ગંભીર ન હોવાનું જણાવવામાં આવ્યું હતું અને સાંજ પહેલાં તો તેમને રજા પણ આપી દેવામાં આવી હતી.

એકનાથ શિંદેએ હોસ્પિટલમાંથી નીકળતાં પત્રકારોને એવી માહિતી આપી હતી કે હું ફક્ત આરોગ્યની તપાસ માટે અહીં આવ્યો હતો. મારી તબિયત સારી છે. ત્યાંથી તેઓ થાણેના પોતાના ઘરે જવાને બદલે સીધા વર્ષા બંગલો પર આવ્યા હતા.

શિવસેનાના નેતા ઉદય સામંતે એવી માહિતી આપી હતી કે શિંદેની ટેસ્ટ કરવામાં આવી હતી અને ડેન્ગ્યુ નેગેટિવ હોવાનું જણાયું છે. તેમણે એમ પણ કહ્યું હતું કે સાવચેતીના પગલાંરૂપે તેમનો એમઆરઆઈ પણ કાઢવામાં આવ્યો હતો.



**સબ કુશલમંગલ...?**
કાર્યવાહક મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ચેક-અપ માટે થાણેની જ્યુપિટર હોસ્પિટલની મુલાકાત લીધી હતી. (પીટીઆઈ)

દરમિયાન મુખ્ય પ્રધાનપદના દાવેદાર દેવેન્દ્ર ફડણવીસ રખેવાળ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની તબિયતના ખબર કાઢવા માટે વર્ષા બંગલો પર પહોંચ્યા હતા. જોકે, તેમની મુલાકાતમાં શું ચર્ચા થઈ તે જાણવા મળ્યું નહોતું. બીજી તરફ એકનાથ શિંદે શપથગ્રહણ સમારંભમાં હાજર રહેશે કે નહીં એવા સવાલનો જવાબ આપતાં શિવસેનાના નેતા ભરત ગોગાવલેએ કહ્યું હતું કે ભાજપની વિધિમંડળ પક્ષની બેઠકનો નિર્ણય થઈ જાય પછી શિંદે જવાના છે. આ પહેલાં ઉદય સામંતે કહ્યું હતું કે એકનાથ શિંદે હાજર રહેશે કે નહીં તે ડૉક્ટર નક્કી કરશે. આ બધા વચ્ચે કેન્દ્રીય નિરીક્ષક

(જુઓ પાનું ૪) ▸▸

# સ્ટ્રાઈક રેટમાં અમારો પક્ષ બીજા સ્થાને છેઃ ભુજબળ

મુંબઈઃ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામને ૧૨ દિવસ વીતી ગયા છતાં મુખ્ય પ્રધાનની સીટ પર કોણ બિરાજશે તે અંગેનો ફેંસલો લઇ શકાતો નથી અને કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે નિરીક્ષક બનીને તેનો ઉકેલ લાવવો પડે એવી હાલત થઇ ગઇ છે. એક બાજુ વિરોધ પક્ષો દ્વારા મહાયુતિ પર માછલાં ધોવાઈ રહ્યાં છે તો બીજી બાજુ મહાયુતિના સાથી પક્ષના દિગ્ગજ નેતા દ્વારા મંગળવારે એક મોટું નિવેદન સાંભળવા મળ્યું હતું.

એનસીપી (અજિત પવાર)ના મોટું માથું ગણાતા છગન ભુજબળે ચૂંટણીનાં પરિણામને આધારે મોટું નિવેદન કર્યું છે. ભુજબળે કહ્યું કે રાજ્યમાં ભાજપ મોટા પક્ષ તરીકે ઊભર્યો છે તો સ્ટ્રાઈક રેટમાં અમારો પક્ષ બીજા સ્થાને

(જુઓ પાનું ૪) ▸▸

# સીતારમણે સીએમની પસંદગીમાં ‘સરપ્રાઈઝ’ પણ આપ્યાં છે

## નાણાપ્રધાનની ૭ વર્ષમાં આ ચોથી વાર નિરીક્ષક તરીકે નિમણૂક થઇ છે

મુંબઈઃ ૨૩મી નવેમ્બરે વિધાનસભા ચૂંટણીનાં પરિણામ જાહેર થયાં અને મહાયુતિએ રાજ્યમાં બાજી મારી. તેમ છતાં રાજ્યમાં મુખ્ય પ્રધાનપદ માટેની નિમણૂક કેન્દ્ર માટે એક મોટો પડકાર બનીને ઊભી છે. એ જ કારણ છે કે એનડીએએ મહારાષ્ટ્રમાં નિરીક્ષક તરીકે કેન્દ્રીય

(જુઓ પાનું ૪) ▸▸

# ખેતવાડીમાં બબાલ

# દુકાનદારની ધમકી કે હવે મારવાડીમાં બોલવું પડશે



**મરાઠી મહિલાને કહ્યું કે મુંબઈ ભાજપનું, મુંબઈ મારવાડીનું...: મનસેને ફરિયાદ કરાતાં વેપારીએ માફી માગી**

મુંબઈઃ મુંબઈમાં મરાઠી ભાષાના મહત્ત્વને લઇને અનેક વાર ઘટનાઓ બની ગઇ છે. મરાઠી માણસને ઘર આપવાનું નકારવાથી લઇને નોકરીની ના પાડવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. એમાં પણ હવે ભાજપની સત્તા આવ્યા બાદ હવે પછી મારવાડીમાં જ બોલવું, એવી દમદાટી એક દુકાનદારે મહિલાને આપી છે. આંચકાદાયક વાત તો એ છે કે દક્ષિણ મુંબઈના ગિરગાંવ વિસ્તારના ખેતવાડીમાં આ બનાવ બન્યો છે. એક ખાનગી ચેનલમાં આ બાબતનો વીડિયો પણ વાયરલ થયો છે.

આ ઘટના અંગે વિમલ નામની મહિલાએ સવિસ્તર માહિતી આપતાં કહ્યું હતું કે હું મારવાડી વેપારીની દુકાનમાં ગઇ હતી. તેણે મને મારવાડીમાં જ બોલવા જણાવ્યું હતું. મેં એ વેપારીને એક વાર નહીં પણ ત્રણ વાર એ અંગેનું કારણ પૂછ્યું હતું. તેના પર એ બોલ્યો હતો કે હવે ભાજપ સરકાર આવી છે. મારવાડીમાં બોલવું પડશે, મરાઠીમાં નહીં. ‘મુંબઈ ભાજપનું, મુંબઈ મારવાડીનું...’

મારવાડી વેપારીએ મારવાડીમાં જ બોલવા

(જુઓ પાનું ૪) ▸▸

# ૧૦૦૦૦ લાડકી બહેનો અને ૫,૦૦૦ હાઉસિંગ સોસાયટીના ચેરમેન-સેક્રેટરી આવશે તાજપોશીમાં

## આઝાદ મેદાનમાં શપથગ્રહણ સમારંભની તડામાર તૈયારીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સરકારની સ્થાપનાની તૈયારીઓ ચાલી રહી છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજર રહેવાના હોવાથી શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ જોરશોરથી થઈ રહી છે. આ તૈયારીની સમીક્ષા કરવા માટે ભાજપના અનેક નેતાઓ મંગળવારે આઝાદ મેદાનમાં આવ્યા હતા. મહારાષ્ટ્ર ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રશેખર બાવનકુળે આ તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે અને તેઓ મંગળવારે આઝાદ મેદાનમાં આવ્યા હતા.

બાવનકુળેએ એવી માહિતી આપી હતી કે શપથ ગ્રહણ કાર્યક્રમમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતે હાજરી આપવાના છે. આ ઉપરાંત દેશના બધા જ એનડીએ શાસિત મુખ્ય પ્રધાનો અને નાયબ મુખ્ય પ્રધાનને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત કેન્દ્રીય પ્રધાનો રાજ્યપાલો અને કેટલાક મહત્ત્વના ભાજપના કેન્દ્રીય પદાધિકારીઓ પણ હાજર રહેશે.

તૈયારીઓની સમીક્ષા કરવા માટે ભાજપની નરીમાન પોઈન્ટ ખાતેની કચેરીમાં એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુંબઈ ભાજપના અધ્યક્ષ આશિષ શેલાર, વિધાન પરિષદમાં ભાજપના નેતા પ્રવીણ દરેકર, પ્રસાદ લાડ અને અન્યો હાજર હતા. ભાજપે આ કાર્યક્રમમાં કેટલાક ધર્મગુરુઓ,

(જુઓ પાનું ૪) ▸▸

# નાગપુરના ‘ચ્હાવાળા’ને પણ આમંત્રણ

નાગપુરઃ મહાયુતિના શપથવિધિ કાર્યક્રમમાં દેશભરના દિગ્ગજ નેતાઓની હાજરી રહેવાની છે ત્યારે નાગપુરના એક ચ્હાવાળાને વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું છે.



‘ચહાવાળા’ નામથી ઓળખાતી આ વ્યક્તિ સામાન્ય નાગરિક હોવા છતાં શપથવિધિ કાર્યક્રમમાં તેને સહભાગી થવાનું આમંત્રણ આપવામાં આવ્યું છે. ગુરુવારે સાંજે પાંચ વાગ્યે યોજાનારા શપથવિધિ કાર્યક્રમ માટે ૨,૦૦૦ વીવીઆઇપી પાસની વ્યવસ્થા કરવામાં આવી છે. આ તમામમાં નાગપુરના ‘ચ્હાવાળા’ એટલે કે ગોપાલ બાવનકુળેને આમંત્રણ આપવામાં આવ્યું છે. તે દેવેન્દ્ર ફડણવીસના મોટા ચાહક છે અને ઘણા વર્ષોથી નાગપુરના રામનગરમાં ચ્હાનો સ્ટોલ ચલાવે છે. તેના સ્ટોલ પર ફડણવીસનો ફોટો પણ લગાવવામાં આવ્યો છે. ■



**જાંબાઝ કરતબ...:** હાલમાં ચાલી રહેલા ‘નેવી વીક’ નિમિત્તે ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે નૌકાદળના જાંબાઝ જવાનો દ્વારા વિવિધ કવાયતોની રિહર્સલ કરવામાં આવી હતી. આજે (બુધવાર) નેવી વીકનો છેલ્લો દિવસ છે. (જયપ્રકાશ કેળકર)




## ફડણવીસના નજીકના મનાતા મોહિત કંબોજ ફરી એક વાર વિવાદનાં વમળમાં ફસાયા

# એક્સ હેન્ડલ પરથી ધમકી આપી

## પોસ્ટર પર કમેન્ટ કરીને કંબોજની પદ્ધતિનો વિરોધ કર્યો તો અનેક યુઝર્સે મહાયુતિની સત્તા મળ્યા પછી દાદાગીરી વધી હોવાનું કહ્યું

મુંબઈઃ ભાજપના સભ્ય અને રખેવાળ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નિકટવર્તી મોહિત કંબોજની અનેક વાર તેમના વિવાદાસ્પદ નિવેદન અને સોશિયલ મીડિયા પરની પોસ્ટ રહેતી હોય છે. હવે તેઓ ફરી એક વાર ચર્ચામાં આવ્યા છે. તેમણે એક્સ માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ પર પોસ્ટ કરીને એક વ્યક્તિને જાહેરમાં ધમકી આપી છે.

મોહિત કંબોજે ગજાભાઉ નામના એક એક્સ હેન્ડલને ટેગ કરીને ધમકી આપી છે. ક્પોસ્ટ પર કમેન્ટ્સ કરીને અનેક લોકોએ કંબોજની આ રીતનો વિરોધ નોંધાવ્યો છે, જ્યારે અનેક યુઝર્સે કહ્યું હતું કે મહાયુતિને સત્તા મળતાં જ કાર્યકર્તાઓ લોકોને જાહેરમાં ધમકીઓ આપવા લાગ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કંબોજે જે ધમકીભરી પોસ્ટ મૂકી છે તેમાં એમ લખ્યું છે કે ‘મારો હવે પછીનો ટાર્ગેટ ગજાભાઉ... પૃથ્વી પર ક્યાંય પણ હશે ત્યાંથી તેને ઉઠાવીશ. હર હર મહાદેવ. ■

### મોહિત કંબોજ અને ગજાભાઉ વચ્ચે એવું તો શું બન્યું હતું

વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન ગજાભાઉ અને ભાઉ ગેંગ એમ બે એક્સ હેન્ડલ પર સતત જમણેરી વિચારસરણીના વિરોધમાં પોસ્ટ જોવા મળતી હતી. દરમિયાન ગજાભાઉ હેંડલ પર મહાયુતિ, ભાજપ, શિવસેના (શિંદે)ના કારભાર પર પ્રતિક્રિયાઓ આપતા હતા. મોટા ભાગે દેવેન્દ્ર ફડણવીસ પર ટીકા કરનારી પોસ્ટ જોવા મળતી હતી. કંબોજે પણ ગજાભાઉ સામે ધમકીનો સૂર ઉઠાવ્યો હતો.

### દાનવે કહે છે, ફિકર નોટ ગજાભાઉ...

વિધાન પરિષદના નેતા અને શિવસેના (ઠાકરે)ના નેતા અંબાદાસ દાનવેએ કંબોજની જાહેર ધમકીને જોઇને રોષ વ્યક્ત કર્યો હતો. દાનવેએ કહ્યું હતું કે ‘આવા કારભારનું ભાજપે કંભોજીકરણ કર્યું છે. તત્ત્વવાદી નેતાઓનો પક્ષ આજે આને ઊંચકી લાવ, તેને ઊંચકી લાવ, એવી ભાષા બોલી રહ્યો છે. ભાજપને આ બિલકુલ શોભતું નથી. મહારાષ્ટ્રમાં આવી ધમકીઓનું કોઇ મહત્ત્વ નથી, મરાઠી માણૂસ માટે તો બિલકુલ નહીં. ફિકર નોટ ગજાભાઉ...’ કંબોજે જે ગજાભાઉના અકાઉન્ટને ટેગ કરીને ધમકી આપી હતી, એ જ અકાઉન્ટને ટેગ કરીને દાનવેએ કાળજી નહીં કરો, એવું કહ્યું હતું. ■

# વાવાઝોડાં ‘ફેંગલે’ હવામાં ભેજ વધારતા મુંબઈગરો પરસેવે રેબઝેબ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હજી શનિવાર સુધી મસ્ત મજાનો શિયાળાનો અનુભવ થઈ રહ્યો હતો. પરંતુ અચાનક જ મુંબઈમાં તાપમાનનો પારો ઊંચો જતો રહ્યો હતો અને મંગળવારે દિવસ દરમિયાન મુંબઈગરા ગરમી અને પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. આખો દિવસ વાદળિયું વાતાવરણ રહેવાને કારણે ઉકળાટ પણ થઈ રહ્યો હતો. દિવસના લઘુતમ તાપમાનનો પારો ૨૪ ડિગ્રી જેટલો ઊંચો નોંધાયો હતો. તો રાજ્યમાં પણ મોટાભાગના જિલ્લામાં ઠંડીનું મોજું ફરી વળ્યું હતું અને લઘુતમ તાપમાનનો પારો જ્યાં આઠને નવ ડિગ્રીએ પહોંચી ગયો હતો ત્યાં પણ પારો ૧૮થી ૨૪ ડિગ્રીની આસપાસ આવી ગયો છે.

નવેમ્બર મહિનો ગરમ રહ્યા બાદ ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં મુંબઈમાં તાપમાનનો પારો નીચે ઉતરી ગયો હતો અને શિયાળાનું આગમન થઈ ગયું હોવાનો અનુભવ થઈ રહ્યો હતો. હજી ગયા શુક્રવારે જ લઘુતમ તાપમાન ૧૬.૫ ડિગ્રી નોંધાયું હતું અને ચાર દિવસની અંદર મુંબઈમાં તાપમાનનો પારો ફરી ઊંચો ચઢી ગયો છે. મંગળવારે લઘુતમ તાપમાન

(જુઓ પાનું ૪) ▸▸

# દિલ્હીમાંના સુપરપાવરને લીધે એકનાથ શિંદે ફડણવીસને મિજાજ દેખાડી રહ્યા છેઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના રખેવાળ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ‘દિલ્હીમાંના સુપરપાવર’ને કારણે ભાજપના નેતા દેવેન્દ્ર ફડણવીસને મિજાજ દેખાડી રહ્યા છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા રાઉતે મહારાષ્ટ્રમાં સરકારની રચનામાં વિલંબને અરાજકતા ગણાવી હતી.

તેમણે કહ્યું કે વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થયાને ૧૦ દિવસથી વધુ સમય થઈ ગયો છે, પરંતુ ગઠબંધન કે કોઈ પક્ષ જેને સંપૂર્ણ બહુમતી મળી છે, તેણે સરકાર બનાવવાનો દાવો કર્યો નથી કે નથી તેને સમર્થન આપતા ધારાસભ્યોની યાદી આપી. રાજ્યપાલે હજુ સુધી સરકાર બનાવવા માટે કોઈને આમંત્રિત કર્યા નથી, એની પહેલા ભાજપના પ્રદેશ અધ્યક્ષ આઝાદ મેદાનમાં થનાર શપથગ્રહણની તારીખ જાહેર કરે છે.

રાજ્યસભાના સભ્યએ વધુમાં કહ્યું કે, “મને લાગે છે કે એકનાથ શિંદેના ક્રોધ અને દેવેન્દ્ર ફડણવીસ સામે નારાજગી પાછળ દિલ્હીમાં કોઈ ’મહાશક્તિ’ છે, નહીં તો એકનાથ શિંદે આવું કંઈ કરવાની હિંમત ન કરી શકે. રાઉતે શિંદેના નેતૃત્વવાળી શિવસેનાને “ડુપ્લિકેટ શિવસેના“ તરીકે ગણાવી હતી. શિંદેની છેલ્લા કેટલાક દિવસોથી તબિયત

(જુઓ પાનું ૪) ▸▸

# નાગપુરનો ૧૮ વર્ષનો દક્ષ ખંતે સૌથી કઠિન 'આયર્નમૅન રેસ' પૂરી કરનાર વિશ્વનો સૌથી યુવાન ઍથ્લેટ બન્યો

નાગપુરઃ નાગપુરના ૧૮ વર્ષના દક્ષ ખંતેની ખંત લાજવાબ છે. તે રવિવારે વિશ્વમાં સૌથી કઠિન અને સૌથી પડકારરૂપ મનાતી આયર્નમૅન નામની લૉન્ગ ડિસ્ટન્સ ટ્રાયથ્લોન રેસ પૂરી કરનારો વિશ્વનો સૌથી યુવાન ઍથ્લીટ બન્યો છે. તેણે આ સિદ્ધિ ઑસ્ટ્રેલિયામાં પોતાના ૧૮મા જન્મદિને વિશ્વભરના ૩,૫૦૦ ઍથ્લીટ વચ્ચે હાંસલ કરી હતી. તેણે ૧૮ વર્ષની નાની ઉંમરે એક જ દિવસમાં કુલ ૨૨૫.૯ કિલોમીટરનું અંતર પૂરું કરીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

એક દિવસની આયર્નમૅન રેસમાં ઍથ્લીટે દરિયામાં ૩.૯ કિલોમીટરની સ્વિમિંગની રેસ પૂરી કર્યા પછી ૧૮૦ કિલોમીટરની સાઇક્લિંગની રેસ પૂરી કરવાની હોય છે અને ત્યાર બાદ ૪૨ કિલોમીટરની રનિંગ રેસ (મૅરેથોન) પૂરી કરવી પડે છે.



દક્ષ ખંતેએ આ ત્રણેય રેસ સફળતાપૂર્વક પૂરી કરી હતી અને તે આયર્નમૅન રેસમાં તે વિશ્વનો યંગેસ્ટ ફિનિશર બન્યો છે.

તેણે કુલ ૨૨૬ કિલોમીટર જેટલી આ આખી સ્પર્ધા કુલ મળીને ૧૪ કલાક, ૧૪ મિનિટ, ૪૦ સેકન્ડમાં પૂરી કરી હતી. તેણે સ્વિમિંગ રેસ એક કલાક, ૩૪ મિનિટ, ૨૮ સેકન્ડમાં પૂરી કર્યા બાદ સાઇકલ રેસ છ કલાક, ૪૦ મિનિટ, ૨૬ સેકન્ડમાં પૂરી કરી હતી. છેલ્લે તેણે મૅરેથોન પાંચ કલાક, ૩૬ મિનિટ, ૧૬ સેકન્ડમાં પૂરી કરીને નવો ઇતિહાસ સર્જ્યો હતો.

આયર્નમૅન રેસમાં ૧૮ વર્ષ પૂરા કરનાર ઍથ્લીટો જ ભાગ લઈ શકે છે. રવિવારે દક્ષ ખંતેનો ૧૮મો બર્થ-ડે હતો એટલે તે આ રેસમાં ભાગ લેવાને પાત્ર હતો. તેણે આ રેસ પૂરી કરી ત્યાર બાદ તેને મેડલ એનાયત કરાયું હતું. તેના પિતા અમોલ ખંતે ઍડવેન્ચર સ્પોર્ટ્સ ઇન્સ્ટ્રક્ટર છે. દક્ષ પર્વતારોહણ સહિત અનેક પ્રકારની રેસમાં ભાગ લઈ ચૂક્યો છે અને પોતાની સફળતા માટે મમ્મી-પપ્પાને શ્રેય આપે છે. તે નાગપુરમાં રામદાસપેઠ વિસ્તારમાં રહે છે. દક્ષની મમ્મી એક્તા ખંતે યોગ ઇન્સ્ટ્રક્ટર છે.

તેની આઠ વર્ષની ઉંમરની નાની બહેન ધીરા પણ મોટી થઈને આયર્નમૅન રેસ પૂરી કરવા માગે છે. ■

# બુમરાહને ખરીદવા ૫૨૦ કરોડ રૂપિયા પણ પૂરતા ન કહેવાયઃ નેહરા

નવી દિલ્હીઃ વર્લ્ડ નંબર-વન બોલર જસપ્રીત બુમરાહને મુંબઈ ઇન્ડિયન્સે ૧૮ કરોડ રૂપિયામાં ૨૦૨૫ની આઇપીએલ માટે રીટેન કર્યો છે અને તેણે પર્થની પ્રથમ ટેસ્ટમાં કુલ આઠ વિકેટ લઈને ભારતને શાનદાર વિજય અપાવ્યો હતો.

બુમરાહનું ફૉર્મ જોતાં ભૂતપૂર્વ પેસ બોલર આશિષ નેહરા એટલો બધો પ્રભાવિત થયો છે કે તેણે એક ચૅનલને કહ્યું, 'બુમરાહ જો ઑક્શનમાં હોત તો કંઈ પણ થઈ શક્યું હોત. તેને ખરીદવા આઇપીએલની ટીમો માટે ૫૨૦ કરોડ રૂપિયા પણ પૂરતા ન બન્યા હોત.' ભારતની બીજી ટેસ્ટ શુક્રવારથી ઍડિલેઈડમાં શરૂ થશે. ■

# પી.વી. સિંધુ લગ્ન કરશેઃ ભાવિ પતિ વેન્કટ દત્તા સાઇ કોણ છે? આઇપીએલ સાથે શું કનેક્શન છે?





ગયા મહિને સિંધુના હસ્તે વેન્કટની કંપનીના નવા લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

હૈદરાબાદઃ ઑલિમ્પિક્સના બે મેડલ જીતી ચૂકેલી ભારતની ટોચની બૅડમિન્ટન ખેલાડી પી. વી. સિંધુ આ મહિને લગ્નગ્રંથિથી જોડાશે. ભારતના ગ્રેટેસ્ટ બૅડમિન્ટન ખેલાડીઓમાં ગણાતી સિંધુ આઇટી (ઇન્ફર્મેશન ટેક્નોલૉજી) પ્રોફેશનલ વેન્કટ દત્તા સાઇ સાથે લગ્ન કરશે.

આગામી બાવીસમી ડિસેમ્બરે ઉદયપુરમાં સિંધુ-વેન્કટ લગ્નના ફેરા ફરશે.

સિંધુ ૨૯ વર્ષની છે. તેના પિતાએ પીટીઆઇએ જણાવ્યું હતું કે પસિંધુ અને વેન્કટ એકમેકના જીવનસાથી બનશે એ હજી મહિના પહેલાં જ નક્કી કરવામાં આવ્યું હતું. જાન્યુઆરી, ૨૦૨૫થી સિંધુ બૅડમિન્ટનની સ્પર્ધાઓમાં વ્યસ્ત થઈ જશે અને મહિનાઓ સુધી તે સમય નહીં કાઢી શકે એટલે એ પહેલાં જ લગ્નનો સમારોહ યોજી દેવો એ બાબતમાં બન્નેના પરિવાર સંમત થયા છે.'

સિંધુના પિતાએ પીટીઆઇને એવું પણ કહ્યું હતું કે પબન્ને પરિવાર એકમેકના પરિચયમાં તો હતા જ, પણ મહિના પહેલાં અમે મારી દીકરીના લગ્ન વેન્કટ સાથે નક્કી કરવાનો નિર્ણય લીધો હતો. એટલે જ અમે બન્ને પરિવારે બાવીસમી ડિસેમ્બર નક્કી કરી હતી. રિસેપ્શન ૨૪મી ડિસેમ્બરે હૈદરાબાદમાં રાખીશું. ત્યાર બાદ થોડા દિવસ પછી સિંધુ બૅડમિન્ટનની આગામી સ્પર્ધાઓ માટેની પ્રૅક્ટિસ શરૂ કરશે, કારણકે તેના માટે આગામી સીઝન ખૂબ અગત્યની છે.'

સિંધુનો ભાવિ પતિ વેન્કટ દત્તા સાઇ હૈદરાબાદની પૉઝિડેક્સ ટેક્નોલૉજીસ નામની કંપનીમાં એક્ઝિક્યૂટિવ ડિરેક્ટર છે. ગયા મહિને સિંધુના હસ્તે આ કંપનીના નવા લોગોનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વેન્કટના પિતા જી. ટી. વેન્કટેશ્વર રાવ આ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર છે. તેમની કંપની ઇન્ડિયન રેવન્યૂ સર્વિસ (આઇઆરએસ)નો હિસ્સો રહી ચૂકી છે. વેન્કટે અગાઉ આઇપીએલની દિલ્હી કૅપિટલ્સ ટીમને મૅનેજ કરી હતી.

વેન્કટ સાઇએ ફાઉન્ડેશન ઑફ લિબરલ ઍન્ડ મૅનેજમેન્ટ એજ્યૂકેશનમાંથી લિબરલ આર્ટ્સ ઍન્ડ સાયન્સિઝ/લિબરલ સ્ટડીઝનો ડિપ્લોમા મેળવ્યો છે. ૨૦૧૮માં વેન્કટે ફ્લેમ યુનિવર્સિટી બૅચલર ઑફ બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશનમાંથી બીબીએ અકાઉન્ટિંગ ઍન્ડ ફાયનૅન્સનો કોર્સ પૂરો કર્યો હતો અને ત્યાર પછી તેણે ડૅટા સાયન્સ ઍન્ડ મશીન લર્નિંગમાં બેન્ગલૂરુની ઇન્ટરનૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન ટેક્નોલૉજીમાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવી હતી. વેન્કટ અગાઉ જેએસડબ્લ્યૂ કંપનીમાં હતો અને સૉર ઍપલ ઍસેટ મૅનેજમેન્ટ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટરપદે રહ્યા બાદ ડિસેમ્બર, ૨૦૧૯માં પૉઝિડેક્સ કંપની શરૂ કરી હતી.


સિંધુના થનારા પતિ વેન્કટે ત્વરિત લોન પૂરી પાડવા સંબંધમાં તેમ જ ક્રેડિટ કાર્ડ સંબંધિત કેટલાક સૉલ્યૂશન્સ તથા પ્રૉડક્ટ્સ ડેવલપ કર્યા છે જેનો ઉપયોગ મોટી બૅન્કો દ્વારા થઈ ચૂક્યો છે. ટૂંકમાં, મોટા ભાગના લોકો કોઈને કોઈ રીતે જીવનમાં એક વાર વેન્કટ સાઇ દ્વારા ડેવલપ કરવામાં આવેલા સૉલ્યૂશન્સ કે પ્રૉડક્ટ્સનો ઉપયોગ કરી ચૂક્યા છે એવો દાવો ખુદ વેન્કટે નેટવર્કિંગ વેબસાઇટ પરના બાયોમાં જણાવ્યું છે. ■

# એક જ વિદેશી ધરતી પર સૌથી વધુ સેન્ચુરીઃ કોહલીને બ્રૅડમૅનની બરાબરીમાં થવાની તક

ઍડિલેઇડઃ વિરાટ કોહલીએ પર્થમાં સિરીઝની પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારી ઑસ્ટ્રેલિયામાં તેની એ ૧૦મી સદી હતી અને એ સાથે વિદેશમાં એક જ દેશમાં સૌથી વધુ ઇન્ટરનૅશનલ સેન્ચુરી ફટકારનાર ભારતીયોમાં તેણે સચિન તેન્ડુલકરનો નવ સદીનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો હતો અને હવે કોહલીને ઍડિલેઇડની બીજી ટેસ્ટમાં સેન્ચુરી નોંધાવીને સર ડોનાલ્ડ બ્રેડમૅનના એક જ વિદેશી ધરતી પરની ૧૧ સેન્ચુરીના વર્લ્ડ રેકૉર્ડની બરાબરી કરવાની તક છે.

ખરેખર તો કોહલીને બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં બાકી રહેલી ચાર ટેસ્ટમાં એક સદી ફટકારીને બ્રૅડમૅનની હરોળમાં આવવાનો મોકો છે. જો તે આવનારી ચાર ટેસ્ટ મૅચોમાં કુલ બે સદી ફટકારશે તો એક વિદેશી ધરતી પર તેની ૧૨ આંતરરાષ્ટ્રીય સદી થઈ કહેવાશે અને એ સાથે તેણે બ્રૅડમૅનના વિશ્વવિક્રમને ઓળંગી લીધો કહેવાશે.

બ્રૅડમૅને ઇંગ્લૅન્ડમાં કુલ ૧૧ ટેસ્ટ સદી ફટકારી હતી અને તેમનો આ વિશ્વ વિક્રમ ૭૬ વર્ષથી અકબંધ છે જે કોહલી તોડી શકે.





બ્રૅડમૅને ૧૧ સેન્ચુરી ઇંગ્લૅન્ડમાં ફટકારી હતી અને એક જ દેશમાં સૌથી વધુ સદી ફટકારનાર વિદેશી ખેલાડીઓમાં તેઓ પહેલા સ્થાને છે, જ્યારે કોહલી ૧૦ સેન્ચુરી સાથે બીજા નંબરે છે. ઑસ્ટ્રેલિયામાં કોહલીની સાત ટેસ્ટ સદી અને ત્રણ વન-ડે સેન્ચુરી છે. ■

# પિન્ક બૉલ અને રેડ બૉલ વચ્ચે શું ફરક છે?

## શુક્રવારથી ભારત-ઑસ્ટ્રેલિયાની ડે/નાઈટ ટેસ્ટ ગુલાબી બૉલથી રમાવાની છે

ઍડિલેઇડઃ ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે શુક્રવાર, છઠ્ઠી ડિસેમ્બરે ઍડિલેઇડ ઓવલમાં શરૂ થનારી સિરીઝની બીજી ટેસ્ટ મૅચ ડે/નાઈટ છે અને પિન્ક બૉલથી રમાવાની છે. અહીં આપણે પિન્ક બૉલ અને રેડ બૉલ વચ્ચેનો ભેદ જાણીશું.

ઍડિલેઇડનું મેદાન હોય, ટેસ્ટ મૅચ દિવસ/રાત્રિ હોય અને પિન્ક બૉલથી રમવાનું હોય, ઑસ્ટ્રેલિયા માટે આ બધુ ખૂબ સગવડભર્યું છે કારણકે ઑસ્ટ્રેલિયા ક્યારેય ઍડિલેઇડની ડે/નાઈટ ટેસ્ટમાં હાર્યું નથી, હંમેશાં જીત્યું જ છે.

સામાન્ય રીતે ક્રિકેટ બૉલ (સીઝન બૉલ) ખૂબ કઠણ હોય છે. કોર્ક કોર કોઈલ્ડથી બનતા આ બૉલ પર ચામડાનું કવર હોય છે અને એના પર મજબૂત દોરાથી ટાંકા લેવામાં આવ્યા હોય છે.

રેડ બૉલ કરતાં પિન્ક બૉલ સીમ બોલર માટે વધુ ફાયદારૂપ હોય છે. ભારતીય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ ક્રિષ્નાએ 'બીસીસીઆઈ ટીવી'ને કહ્યું છે કે ગુલાબી બૉલ થોડો વજનદાર હોય છે અને એના પર કાળી ડાઈ લાગી હોવાથી સીમ વધુ સ્પષ્ટ દેખાય છે. આનાથી બોલરને વધુ વધુ ગ્રિપ અને સીમ મૂવમેન્ટ મળે છે, પણ એ મૂવમેન્ટ પારખવી બૅટર માટે (ખાસ કરીને ફ્લડ લાઈટ્સમાં) મુશ્કેલ બને છે.'

ઍડિલેઈડની ટેસ્ટ ફ્લડ લાઈટ્સ હેઠળ જ રમાવાની છે.

પિન્ક બૉલની ડિઝાઇન ખાસ કરીને ડે/નાઈટ ટેસ્ટને ધ્યાનમાં રાખીને જ તૈયાર કરાઈ છે. આ બૉલનું ટકાઉપણું જાળવી રાખવા એના પર પૉલીયૂરીથેન (પીયુ)નું કૉટિંગ કરાયું હોય છે. એના પર કાળા દોરાથી ટાંકા લીધા હોય છે



જેને કારણે ફ્લડ લાઈટ્સમાં બૉલ બરાબર જોઈ શકાય છે.

એની તુલનામાં લાલ બૉલ વૅક્સ-કૉટેડ હોય છે. લાલ બૉલનો રંગ જલ્દી ઝાંખો પડી જાય છે અને એ સફેદ દોરાથી ટાંકવામાં આવ્યો હોય છે જેને લીધે ઝાંખા પ્રકાશમાં (ફ્લડ લાઈટ્સમાં) એ દોરો ઓછો અસરકારક હોય છે, ઓછો દેખાય છે. લાલ બૉલ સમય જતાં પીળાશ પડતો અને ભૂખરો થઈ જાય છે એટલે લાઈટ્સમાં પારખવો મુશ્કેલ થઈ જાય છે. પિન્ક બૉલ પરની સીમ (ટાંકા લીધેલા દોરા) રેડ કરતાં (વન-ડે તથા ટી-૨૦માં વપરાતા) વાઈટ બૉલ જેવા જ લાગે છે.

રેડ બૉલમાં ફાસ્ટ બોલરને પ્રથમ ૧૫ ઓવર સુધી બાઉન્સ અને સ્વિંગ મળે છે, જ્યારે પિન્ક બૉલમાં ૪૦ ઓવર પછી પણ બાઉન્સ-સ્વિંગ મળતા હોય છે.

ડે/નાઈટ મૅચમાં હવામાંનો ભેજ નિર્ણાયક બની શકે. ભેજને લીધે બોલરને બૉલ પર ગ્રિપ નથી મળતી એટલે છેલ્લે બૅટિંગ કરનાર ટીમના બેટર્સને ફાયદો થાય છે. જોકે પિન્ક બૉલમાં લિનેન વપરાયું હોવાથી એ લિનેન ભેજને શોષી લે છે અને બોલરને સારી ગ્રિપ મળે છે. ■

# ચૅમ્પિયન્સ ટ્રૉફી વિવાદમાં દાઉદનું નામ કેમ? ભારતને 'ધમકી', ભૂતપૂર્વ પાકિસ્તાની કૅપ્ટને ઝેર ઓક્યું

કરાચી/દુબઈઃ આગામી ફેબ્રુઆરીની વન-ડે ફૉર્મેટવાળી ચૅમ્પિયન્સ ટ્રૉફી સંપૂર્ણપણે પાકિસ્તાનમાં યોજવાનો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)નો મનસૂબો સફળ નથી જ થવાનો અને ભારતની સગવડ માટે આ ટૂર્નામેન્ટને પીસીબીએ હાઇબ્રિડ મૉડેલ પર લઈ જ જવી પડશે એવું લગભગ સ્પષ્ટ થઈ જતાં પાકિસ્તાનમાં કેટલાકે અસલિયત બતાવી દીધી છે. આ ટૂર્નામેન્ટ પરની ચર્ચામાં ભારતના દુશ્મન નંબર-વન અને મોસ્ટ વૉન્ટેડ દાઉદ ઇબ્રાહિમનું નામ આડકતરી રીતે લેવાતું થયું છે. પાકિસ્તાનના એક ભૂતપૂર્વ કૅપ્ટને પીસીબીની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને ઝેર ઓક્યું છે.

૨૦૨૩નો એશિયા કપ પાકિસ્તાનમાં યોજાયો હતો, પરંતુ ભારત પોતાની મૅચો હાઇબ્રિડ મૉડેલ મુજબ શ્રીલંકામાં રમ્યું હતું. આ વખતે ચૅમ્પિયન્સ ટ્રૉફી માટે પણ એ જ સ્થિતિ સર્જાઈ છે. ભારત પોતાના ખેલાડીઓની અસુરક્ષિતતાની ચિંતા બદલ તેમને પાકિસ્તાન નથી જ





મોકલવાનું અને ભારત પોતાની મૅચો પાકિસ્તાન સિવાયના કોઈ દેશમાં રમવા તૈયાર છે. જોકે પીસીબીનો ગરાસ લૂંટાઈ રહ્યો છે, પરંતુ આઇસીસી સાથે સંકળાયેલાં કેટલાંક સૂત્રોના જણાવ્યા મુજબ પીસીબીએ ઘૂંટણિયા ટેકવવા પડ્યા છે અને હાઇબ્રિડ મૉડેલ માટે લગભગ તૈયાર થઈ ગયું છે.

બીસીસીઆઇએ પોતાના ખેલાડીઓને પાકિસ્તાન નહીં મોકલવામાં આવે એવું સ્પષ્ટ કરી દીધું ત્યાર પછી સોશિયલ મીડિયામાં ભારત વિરુદ્ધ ઝેર ઓકવામાં આવી રહ્યું છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન અને ભૂતપૂર્વ વિકેટકીપર રાશિદ લતીફે તો ભારત વિરુદ્ધના વલણમાં હદ વટાવી દીધી છે.

રાશિદ લતીફનો જૂનો વીડિયો મીડિયામાં વાઇરલ થઈ રહ્યો છે જેમાં તે એવું બોલતો જોવા મળ્યો છે કે અન્ડરવર્લ્ડ ડૉન દાઉદ ઇબ્રાહિમ સાથે તેના સંબંધો છે. એક રીતે લતીફે ભારતને દાઉદનો આડકતરો ઉલ્લેખ કરીને ભારતને ધમકી આપી છે.

લતીફે યૂટ્યૂબ પર પાકિસ્તાની ટૉક શો 'કૉટ બિહાઇન્ડ'માં દાઉદ ઇબ્રાહિમ સાથેના પોતાના નજીકના સંબંધોનો સંકેત આપ્યો છે.

દાઉદ ઇબ્રાહિમ ૧૯૯૩ના મુંબઈમાંના બૉમ્બ ધમાકાઓના કેસમાં મુખ્ય આરોપી છે. એ ઘટનામાં ૨૫૭ લોકો મૃત્યુ પામ્યાં હતાં અને ૧,૪૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ટૉક શોના હોસ્ટ ડૉ. નૌમાન નિયાઝ સાથેની વાતચીતમાં લતીફે ભારતનું નામ લીધા વિના ભારતને આડકતરી ધમકી આપતા સૂરમાં કહ્યું, 'તમે પોતાને શું સમજો છો. તમે કોની સાથે પંગો લઈ રહ્યા છો. હું ભાઈના ઘરની નજીક જ રહું છું.'

લતીફ કરાચીમાં રહે છે. એ જ શહેરમાં દાઉદ ઇબ્રાહિમ આઇએસઆઇ નામની જાસૂસી સંસ્થાના રક્ષણ હેઠળ છુપાયેલો છે.

અગાઉ ક્રિકેટના મૅચ-ફિક્સિંગમાં ઘણી વાર દાઉદ ઇબ્રાહિમની 'ડી' ગૅન્ગનું નામ ચર્ચામાં આવી ચૂક્યું છે.

ભૂતપૂર્વ પાકિસ્તાની ક્રિકેટર જાવેદ મિયાંદાદ ભારતના એક નંબરના દુશ્મન દાઉદ ઇબ્રાહિમનો વેવાઈ છે. ૨૦૦૬માં મિયાંદાદના પુત્ર જુનૈદની શાદી દાઉદની પુત્રી માહરુખ સાથે થઈ હતી. ■

# 'વિશ્વનો સૌથી શ્રીમંત ભારતીય ક્રિકેટર' માત્ર બાવીસ વર્ષની ઉંમરે 'નિવૃત્ત'

નવી દિલ્હીઃ બિલિયનેર કુમાર મંગલમ બિરલાનો પુત્ર આર્યમન બિરલા ૨૭ વર્ષનો છે, પરંતુ બાવીસ વર્ષની ઉંમરે રણજી ટ્રૉફીમાં રમ્યા બાદ તેમ જ આઇપીએલમાં રાજસ્થાન રૉયલ્સની ટીમમાં સામેલ થયા બાદ ક્રિકેટ નથી રમ્યો અને એ લાંબા બ્રેક બાદ તેણે હવે ક્રિકેટમાં પોતાના અનિશ્ચિત સમયના બ્રેકને ધ્યાનમાં રાખીને ફરી કરીઅર શરૂ કરવાનો કોઈ સંકેત ઇન્સ્ટાગ્રામ પરની સ્ટોરીમાં નથી આપ્યો એ જોતાં તેને બાવીસ વર્ષની ઉંમરે જ નિવૃત્ત થયેલો માનવામાં આવે છે અને તેની આ કારકિર્દીની વિગતો સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ છે.

લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટર આર્યમન બિરલા ૨૦૧૯ની સાલથી પિતાના બિઝનેસમાં પૂર્ણપણે જોડાઈ ગયો છે. બિરલા ગ્રૂપની સંભવિત ૨,૩૫,૨૦૦ કરોડ રૂપિયાની નેટવર્થનો આર્યમન આસામી હોવાથી તે વિશ્વના રિચેસ્ટ ક્રિકેટર તરીકે ઓળખાય છે. તેને આઇપીએલમાં રમવા નથી મળ્યું એમ છતાં તે સચિન, ધોની, કોહલીથી વધુ શ્રીમંત ક્રિકેટર તરીકે ઓળખાય છે.

નવેમ્બર, ૨૦૧૮માં મધ્ય પ્રદેશ વતી રણજી ટ્રૉફીમાં રમતી વખતે તેણે એક મૅચમાં પ્રથમ સેન્ચુરી ફટકારી હતી. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં તે છેલ્લે જાન્યુઆરી, ૨૦૧૯માં



ઇન્દોરમાં આંધ્ર પ્રદેશ સામે રણજી મૅચમાં રમ્યો હતો જેમાં તેનો સ્કોર ત્રણ અને બાર રન હતો. તેણે પ્રથમ કક્ષાની કુલ નવ મૅચમાં એક સેન્ચુરી અને એક હાફ સેન્ચુરીની મદદથી ૪૧૪ રન બનાવ્યા છે જેમાં તેની બે સિક્સર અને પંચાવન ફોર સામેલ છે.

આર્યમને ઇન્સ્ટા પરની સ્ટોરીમાં પોતાની નિવૃત્તિને આડકતરી રીતે સમર્થન આપતા લખ્યું છે, 'ક્રિકેટમાં મારી કરીઅર એવી રહી જેમાં મેં ખૂબ મહેનત કરી, નિષ્ઠાપૂર્વક રમ્યો અને ખૂબ હિંમત પણ બતાવવી પડી. હવે મારે મારા માનસિક સ્વાસ્થ્યને સૌથી વધુ અગત્યતા આપવી છે. જીવનમાં દરેકની પોતપોતાની એક પ્રકારની સફર હોય છે. મારી સફરમાં હું હવે પોતાને ખુલ્લા મનથી તેમ જ વિવિધ દૃષ્ટિકોણથી વધુ સારી રીતે સમજવા માગું છું.' ■

# શિખર ધવન નેપાળની ટી-૨૦ લીગની શરૂઆતમાં નિષ્ફળ, આજે ફરી કસોટી

કીર્તિપુરઃ શિખર ધવને અહીં સોમવારે નેપાળ પ્રીમિયર લીગ (એનપીએલ)માં નિરાશાજનક શરૂઆત કરી હતી. તે ૧૪ બૉલમાં ત્રણ ફોરની મદદથી ૧૪ રન બનાવીને આઉટ થઈ ગયો હતો.



શિખરનું નેપાળમાં સ્વાગત કરાયું હતું

ભારતીય મૂળના કૅનેડિયન ઑફ-સ્પિનર હર્ષ ઠાકરના બૉલમાં શિખર ક્લીન બોલ્ડ થઈ ગયો હતો અને તે જે ટીમ (કર્નાલી યાક્સ)માં હતો એ ટીમ પરાજિત થઈ હતી. કર્નાલી યાક્સે ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૧ રન બનાવ્યા હતા. જનકપુર બોલ્ટ્સ નામની હરીફ ટીમે ૧૫.૨ ઓવરમાં બે વિકેટે ૧૪૨ રન બનાવીને આઠ વિકેટના માર્જિનથી વિજય મેળવી લીધો હતો. જનકપુરની ટીમના કેપ્ટન-ઓપનર અનિલ સાહ (૬૨ અણનમ, ૪૨ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) મૅન ઑફ ધ મૅચ બન્યો હતો. ૩૬ રન બનાવનાર સાથી ઓપનર આસિફ શેખ સાથે અનિલ સાહની ૮૪ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી.

શિખર ધવને આ વર્ષે ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી. જોકે તેણે પ્રથમ એનપીએલ સીઝનમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો હતો.

સૂત્રો મુજબ ધવન મૅચ દીઠ ૩૦,૦૦૦ અમેરિકી ડૉલર (અંદાજે ૨૫.૪૨ લાખ રૂપિયા)ની કમાણી કરશે અને કુલ ચાર મૅચમાં ભાગ લેશે. શિખરે ભારતીય ટીમ વતી ૧૦,૦૦૦ કરતાં વધુ વધુ રન બનાવ્યા હતા અને ઇન્ડિયન પ્રીમિયર લીગમાં તેના નામે કુલ ૬,૭૬૯ રન છે.

કર્નાલી યાક્સની આગામી મૅચ આજે (સવારે ૯.૦૦ વાગ્યાથી) કઠમંડુ ગુરખાઝ સામે રમાશે. ■

# ઉર્વિલ પટેલે અક્ષર પટેલને અપાવી વધુ એક ધમાકેદાર જીત

## ▸ હાર્દિક પંડ્યાનો રેકૉર્ડ તોડી નાખ્યો ▸ ઓપનિંગ બૅટરે ત્રણ મૅચમાં ફટકારી ૨૪ સિક્સર



ઇન્દોરઃ મહેસાણામાં જન્મેલા અને ડોમેસ્ટિક ક્રિકેટમાં ગુજરાત વતી રમતા ૨૬ વર્ષના રાઇટ-હૅન્ડ બૅટર ઉર્વિલ પટેલ ભારતીય ક્રિકેટમાં અત્યારે ટૉક ઑફ ધ ટાઉન છે. ગયા બુધવારે ઇન્દોરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રૉફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ત્રિપુરા સામેની મૅચમાં ફક્ત ૨૮ બૉલમાં ફાસ્ટેસ્ટ ટી-૨૦ સેન્ચુરીનો ભારતીય વિક્રમ રચ્યો એ પછી સાતમા દિવસે (મંગળવારે) તેણે વધુ એક આક્રમક સેન્ચુરી ફટકારી હતી જેમાં તેણે ૩૮ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. ઑલરાઉન્ડર અક્ષર પટેલ ગુજરાતનો કૅપ્ટન છે અને તેની ટીમ છમાંથી પાંચ જીત સાથે ગ્રૂપ 'સી'માં અવ્વલ થઈ ગઈ છે. ઉર્વિલે વર્તમાન ટૂર્નામેન્ટમાં સૌથી વધુ સિક્સર ફટકારવાનો બરોડાના હાર્દિક પંડ્યાનો વિક્રમ તોડી નાખ્યો છે. હાર્દિકના નામે ૨૦ છગ્ગા છે, જ્યારે ઉર્વિલ પચીસ સિક્સર સાથે મોખરે થઈ ગયો છે. હૈદરાબાદનો તિલક વર્મા ૧૭ સિક્સર સાથે ત્રીજા નંબરે છે.

ઉર્વિલ પટેલ (૧૧૫ અણનમ, ૪૧ બૉલ, અગિયાર સિક્સર, આઠ ફોર)ની સદીની મદદથી મંગળવારે ગુજરાતે અહીં ઉત્તરાખંડ સામેની મૅચ ૪૧ બૉલ બાકી રાખીને આઠ વિકેટના માર્જિનથી જીતી લીધી હતી. ઉત્તરાખંડે વિકેટકીપર આદિત્ય તરેના ૫૪ રન મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૨ રન બનાવ્યા હતા. ગુજરાતના વિશાલ જયસ્વાલની ચાર વિકેટ બદલ ઉત્તરાખંડની ટીમ કાબૂમાં રહી હતી. ગુજરાતે ઉર્વિલના અણનમ ૧૧૫ રન ઉપરાંત કૅપ્ટન અક્ષર પટેલના બે સિક્સરથી બનેલા અણનમ ૨૮ રન તથા આર્ય દેસાઈના ૨૩ રનની મદદથી ૧૩.૧ ઓવરમાં બે વિકેટે ૧૮૫ રન બનાવીને શાનદાર વિજય મેળવી લીધો હતો.

ઉર્વિલ પટેલની ત્રણ મૅચમાં આ બીજી સેન્ચુરી હતી. ગયા બુધવારે તેણે ત્રિપુરા સામે ૨૮ બૉલમાં સદી ફટકારવાની સાથે કુલ ૩૫ બૉલમાં બાર સિક્સર અને સાત ફોર સાથે અણનમ ૧૧૩ રન બનાવ્યા હતા. ૨૯મી નવેમ્બરે તામિલનાડુ સામે ગુજરાત ૧૯ રનથી જીત્યું હતું, અને એમાં ઉર્વિલે એક સિક્સર તથા બે ફોર સાથે ૨૬ રન બનાવ્યા હતા. હવે મંગળવારે તેણે વધુ એક ધમાકેદાર સેન્ચુરી ફટકારી અને સાત દિવસમાં તેણે ત્રણ મૅચમાં કુલ મળીને ૨૪ સિક્સર ફટકારી છે અને આખી ટૂર્નામેન્ટમાં તેના નામે પચીસ છગ્ગા છે. ■

### ગોપાલની હૅટ-ટ્રિકમાં પંડ્યા બંધુઓ પોતાના પહેલા જ બૉલે આઉટ

ઇન્દોરઃ બરોડા સામે કર્ણાટકે સ્પર્ધામાં ટકી રહેવા જીતવાનું જ હતું, પરંતુ એમાં કર્ણાટકની ટીમને નિષ્ફળતા મળી હતી. આઇપીએલમાં મુંબઈ ઇન્ડિયન્સ વતી રમી ચૂકેલા લેગ-સ્પિનર શ્રેયસ ગોપાલે હૅટ-ટ્રિક લીધી હતી જેમાં તેણે શાશ્વત રાવત (૬૩) તેમ જ હાર્દિક પંડ્યા (૦) અને તેના મોટા ભાઈ કૃણાલ (૦)ને આઉટ કર્યા હતા. પંડ્યા બંધુઓ પોતાના પહેલા જ બૉલે વિકેટ ગુમાવી બેઠા હતા. જોકે કર્ણાટક (૧૬૯/૮) સામે બરોડા (૧૮.૫ ઓવરમાં ૧૭૨/૬)નો વિજય થયો હતો. દરમ્યાન સૌરાષ્ટ્ર (૨૩૫/૫)નો તામિલનાડુ (૧૭૭/૯) સામે, મુંબઈ (૧૯૨/૪)એ સર્વિસીઝ (૧૫૩/૧૦) સામે વિજય મેળવ્યો હતો. સૂર્યકુમારે ચાર સિક્સર, સાત ફોર સાથે ૪૬ બૉલમાં ૭૦ રન તથા શિવમ દુબેએ સાત સિક્સર, બે ફોર સાથે ૩૭ બૉલમાં અણનમ ૭૧ રન બનાવ્યા હતા. મુંબઈ વતી શાર્દુલે ચાર અને મુલાનીએ ત્રણ વિકેટ લીધી હતી.

# વિશ્વબજારના સકારાત્મક સંકેત અને બ્લુચીપ શૅરોની લેવાલીને આધારે સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા દિવસે આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના સકારાત્મક સંકેત અને બ્લુચીપ શેરોની લેવાલીને આધારે શેરબજારમાં સતત ત્રીજા દિવસે આગેકૂચ જોવા મળી હતી. એચડીએફસી બેંક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા બ્લુ-ચિપ શેરોમાં નવેસરની લેવાલીનો ટેકો મળવા સાથે વૈશ્વિક બજારોમાં પણ મજબૂત વલણ રહેતા મંગળવારે બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત ત્રીજા સત્રમાં તેજી જોવા મળી હતી.

બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૯૭.૬૭ પોઈન્ટ અથવા ૦.૭૪ ટકાના ઉછાળા સાથે ૮૦,૮૪૫.૭૫ પોઈન્ટ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૭૦૧.૦૨ પોઈન્ટ અથવા ૦.૮૭ ટકા વધીને ૮૦,૯૪૯.૧૦ પોઈન્ટની ઊંચી સપાટી સુધી પહોંચ્યો હતો. નિફ્ટી ૧૮૧.૧૦ પોઈન્ટ અથવા ૦.૭૫ ટકા વધીને ૨૪,૪૫૭.૧૫ પોઈન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એનટીપીસી, એરટેલ, સન ફાર્મા : ત્રીસ શેરના સેન્સેક્સ પેકમાંથી, અદાણી પોર્ટ્સ લગભગ છ ટકા વધ્યો હતો. એનટીપીસી, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, લાર્સન એન્ડ ટુબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા મોટર્સ, એચડીએફસી બેન્ક અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ભારતી એરટેલ, આઈટીસી, સન ફાર્મા, એશિયન પેઈન્ટ્સ અને કોટક મહિન્દ્રા બેંક ટોપ લૂઝર્સની યાદીમાં હતા.

આઇટીસી, વીએસટીના શેર ગબડ્યા : જીએસટી વધવાના ભય વચ્ચે સવારના સત્રમાં આઇટીસી, વીએસટી ઇન્ડસ્ટ્રીઝ અને વરુણ બીવરેજીસના શેર ગબડ્યા હતા. પ્રધનમંડળે એરેટેડ બીવરેજીસ, સિગારેટ, ટોબેકો અને સંબંધિત ઉત્પાદનો પરનો જીએસટી વેરો હાલના ૨૮ ટકાથી વધારીને ૩૫ ટકા કરવાની દરખાસ્ત કરી છે.

એસએમઇનો વિકાસદર ૩૮ ટકા : ક્રોસ બોર્ડર બીટુબી ટ્રેડ ફાઇનાન્સ અને પેમેન્ટ સોલ્યુશન પ્રોવાઇડર મોડિફાઈ ગ્લોબલએ એસએમઇ ચેમ્બર ઓફ કોમર્સ ઓફ ઇન્ડિયા અને મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એસોસિયેશન જેવા અગ્રણી સંગઠનો સાથે મળીને ૫૦૦૦ એસએમઈને નાણાં ધિરાણની યોજના તૈયાર કરી છે. આ લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને માટે રૂપિયા ૫૦ કરોડની પ્રારંભિક રકમ નક્કી કરી છે. કંપનીએ તાજેતરમાં જ ૧.૫ કરોડ ડોલર એકત્ર કર્યા છે. કંપની પંચાવન દેશમાં હાજરી ધરાવે છે.

પીએસયુ બેન્કમાં મર્જર નહીં : સરકાર જાહેર ક્ષેત્રની બેન્કના મર્જર અંગેના કોઇ પ્રસ્તાવ પર વિચારણાં નથી કરી રહી એવું રાજ્ય કક્ષાના પ્રધાન પંકજ ચૌધરીએ રાજ્ય સભાને એક પ્રશ્નના લિખિત જવાબમાં જણાવ્યું હતું. એમણે કહ્યું હતું કે, સરકાર જાહેર ક્ષેત્રની સરકારી બેન્કોની નાણાકીય ક્ષમતા વધારવા માટે અનેક પગલાં લઇ રહી છે. આર્થિક ક્ષેત્રે નકારાત્મક સંકેત : મેન્યુફેક્ચરિંગ અને માઇનિંગ સેક્ટરની નબળી કામગીરી તેમજ નબળા વપરાશને કારણે આ નાણાકીય વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતનો આર્થિક વિકાસ ધીમો પડીને ૫.૪ ટકાની બે વર્ષની નીચી સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ દેશ સૌથી ઝડપથી વૃદ્ધિ પામતો મોટો દેશ બની રહ્યો હતો. ભારતનો ઉત્પાદન ક્ષેત્રનો વિકાસ (મેન્યુફેક્ચરિંગ પીએમઆઇ) નવેમ્બરમાં ઘટીને ૫૬.૫ની ૧૧ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો, જે ફેક્ટરી ઓર્ડરમાં નરમ વધારા વચ્ચે સ્પર્ધાત્મક પરિસ્થિતિઓ અને ફુગાવાના દબાણને કારણે મર્યાદિત હતો.

બજારની નજર આરબીઆઇ પર : બજારની નજર આજથી છઠી ડિસેમ્બર સુધી યોજાનારી વર્તમાન કેલેન્ડર વર્ષની છેલ્લી નાણાકીય નીતિ સમિતિની બેઠક પર હશે. સપ્ટેમ્બર ક્વાર્ટરમાં વૃદ્ધિમાં મંદી હોવા છતાં, મોટા ભાગના નિષ્ણાતો રિપો રેટમાં કોઈ ફેરફારની અપેક્ષા રાખતા નથી, કારણ કે ફુગાવો આરબીઆઈના ચાર ટકાના લક્ષ્યાંક કરતાં ઘણો વધી ગયો છે. તેમના મતે વ્યાજ દરમાં ઘટાડો ફેબ્રુઆરી અથવા એપ્રિલની



પોલિસી બેઠકમાં શરૂ થઈ શકે છે. એકંદરે રેટ કટ સાયકલની શરૂઆત માટેની સમયરેખા અને મધ્યસ્થ બેંક દ્વારા વૃદ્ધિની આગાહીના સંદર્ભમાં કોમેન્ટરી જોવાની ચાવી છે.

ક્રૂડ ઓઇલનો ઘટાડો લાભદાયીઃ મધ્ય પૂર્વમાં તણાવ ઘટવાની આશાએ ગયા અઠવાડિયે ભાવમાં તીવ્ર ઘટાડાથી ભારતીય ઇક્વિટી બજારો માટે સહાયક ભૂમિકા ભજવી હોવાથી તેલની કિંમતો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભારત ક્રૂડ ઓઇલનો નેટ ઇમ્પોર્ટર દેશ છે અને તેના ભાવમાં કોઈપણ ઘટાડો સામાન્ય રીતે આવતા ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ્સના ઓપરેટિંગ ડેટાને વેગ આપે છે. એક માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, તાજેતરની રેલી માત્ર બાઉન્સ છે અને તેનાથી વધુ કંઈ નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઘણા નકારાત્મક પરિબળો મુખ્યત્વે એફઆઇઆઇનું વેચાણ હજુ પણ નિયંત્રણમાં નથી. આવી સ્થિતિમાં રોકાણકારોએ બજારમાં પ્રવેશતા પહેલા નિર્ણાયક વલણની રાહ જોવી જોઈએ. એશિયન બજારોમાં, સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ ઊંચાં મથાળે સ્થિર થયા હતા. યુરોપિયન બજારો લીલા નિશાનમાં ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે અમેરિકી બજારો મોટે ભાગે સકારાત્મક ક્ષેત્રમાં સમાપ્ત થયા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ સોમવારે રૂ. ૨૩૮.૨૮ કરોડની ઇક્વિટી ઑફલોડ કરી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ એક્સચેન્જ ડેટા અનુસાર રૂ. ૩,૫૮૮.૬૬ કરોડના શેર ખરીદ્યા હતા.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૧૩ ટકા વધીને ૭૨.૬૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. પ્રારંભિક સત્રનો ઘટાડો પચાવીને બેન્ચમાર્ક સેન્સેક્સ સોમવારે ૪૪૫.૨૯ પોઈન્ટ અથવા ૦.૫૬ ટકા વધીને ૮૦,૨૪૮.૦૮ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૧૪૪.૯૫ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા વધીને ૨૪,૨૭૬.૦૫ પર પહોંચ્યો હતો.

સોમવારે બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૭૯,૮૦૨.૭૯ના બંધથી ૪૪૫.૨૯ પોઈન્ટ્સ (૦.૫૬ ટકા) વધ્યો હતો. માર્કેટ કેપ રૂ.૩.૦૧ લાખ કરોડ વધીને રૂ.૪૪૯.૬૯ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૭૯,૭૪૩.૮૭ ખૂલીને ઉપરમાં ૮૦,૩૩૭.૮૨ અને નીચામાં ૭૯,૩૦૮.૯૫ સુધી જઈને અંતે ૮૦,૨૪૮.૦૮ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૧ સ્ક્રિપ વધી હતી અને ૯ સ્ક્રિપ્સ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૨૩૭ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૫૦૮ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૫૦ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૭૯ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૨૪૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૭ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૦૫ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૮૪ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૯૪ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં બીએસઈ રિયલ્ટી ૩.૧૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૨૬ ટકા, કોમોડિટીઝ ૧.૫૯ ટકા, મેટલ ૧.૨૮ ટકા, હેલ્થકેર ૧.૨૧ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૧૪ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૧.૦૨ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૮૯ ટકા, સર્વિસીસ ૦.૮૫ ટકા, ટેક ૦.૮૩ ટકા, ઓટો ૦.૭૯ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૭૩ ટકા, એનર્જી ૦.૫૨ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૪૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૭ ટકા, પાવર ૦.૨૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૨૨ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૧૫ ટકા વધ્યા હતા, જ્યારે યુટિલિટીઝ ૦.૪૩ ટકા, એફએમસીજી ૦.૦૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૨ ટકા ઘટ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે અલ્ટ્રાટેક સિમેન્ટ ૩.૯૩ ટકા, જેએસડબલ્યુ ૨.૪૭ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૮ ટકા, ટેક મહિન્દ્ર ૧.૮૧ ટકા, ટાઈટન ૧.૭૫ ટકા, મારુતિ ૧.૬૦ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૫૯ ટકા, સન ફાર્મા ૧.૪૯ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૮ ટકા, રિલાયન્સ ૧.૨૮ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૧૮ ટકા અને ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૧૨ ટકા વધ્યા હતા. જ્યારે એનટીપીસી ૧.૫૫ ટકા, કોટક બેન્ક ૦.૭૦ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૬૯ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૬૦ ટકા, પાવર ગ્રીડ ૦.૪૯ ટકા, લાર્સન ૦.૪૭ ટકા, સ્ટેટ બેન્ક ૦.૩૩ ટકા, એશિયન પેઈન્ટ્સ ૦.૦૩ ટકા અને તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ ૦.૦૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૦૯.૯૨ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૫૮ સોદામાં ૧,૩૭૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૭,૦૬,૦૧૭ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૧,૨૩,૫૯૩.૬૫ કરોડનું રહ્યું હતું. એફઆઈઆઈની રૂ. ૨૩૮.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી અને સ્થાનિક સંસ્થાઓની ચોખ્ખી લેવાલી રૂ. ૩,૫૮૮.૬૬ કરોડની રહી હતી.

# ડૉલર સામે રૂપિયો ચાર પૈસા સુધારા સાથે ઐતિહાસિક નીચી સપાટીએથી પાછો ફર્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ સાથે આજે ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન એક તબક્કે આઠ પૈસા વધીને આવ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૪.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ગઈકાલે પણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જળવાઈ રહી હોવાના નિર્દેશો ઉપરાંત ટ્રેડરોની નજર આગામી છઠ્ઠી ડિસેમ્બરના રોજ સમાપન થતી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનેટરી પૉલિસીની બેઠક પર હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૭૨ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૪.૭૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૪.૭૬ અને ઉપરમાં ૮૪.૬૪ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૮૪.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉનલ્ડ ટ્રમ્પે બ્રિક્સ ચલણ સામે ૧૦૦ ટકા ટેરિફની ઉચ્ચારેલી ચેતવણી, યુરોઝોનમાં રાજકીય અસ્થિરતા, સ્થાનિક સ્તરે નબળા આર્થિક ડેટાઓ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણ હેઠળ ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ઐતિહાસિક નીચી સપાટીએ પહોંચ્યો હતો.

દરમિયાન આજે વૈશ્વિક સ્તરે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા ઘટીને ૧૦૬.૨૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે રૂ. ૫૯૭.૬૭ પૉઈન્ટનો અને ૧૮૧.૧૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૧૧ ટકા વધીને બેરલદીઠ ૭૨.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં ૨૩૮.૨૮ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત માત્રામાં જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ઘટ્યા મથાળેથી સોનામાં ₹ ૧૬નો અને ચાંદીમાં ₹ ૧૩૬૯નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર ગઈકાલે સોનાના ભાવમાં એક ટકા જેટલો ઘટાડો આવ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે ભાવમાં ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં ૧.૩૯ ટકા જેટલો ઉછાળો આવ્યો હતો. જ્યારે સ્થાનિક ઝવેરી બજારમાં આજે ખાસ કરીને ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૬૯નો સુધારો આવ્યો હતો અને સોનામાં ઘટ્યા મથાળેથી ૧૦ ગ્રામદીઠ સાધારણ રૂ. ૧૬નો સુધારો આવ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ઘટ્યા મથાળેથી ત્રણ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતર ઘટવાથી ભાવમાં સુધારો મર્યાદિત રહ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૬૯ વધીને રૂ. ૮૯,૯૮૦ની સપાટીએ રહ્યા હતા. તેમ જ સોનામાં જ્વેલરી ઉત્પાદકો,



સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની લગ્નસરાની માગને ટેકે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬ના સાધારણ સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૦૧૮ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૩૨૪ના મથાળે રહ્યા હતા.

દરમિયાન ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવમાં એક ટકા જેટલો ઘટાડો આવ્યા બાદ આજે લંડન ખાતે હાજરમાં ભાવ ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૨ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૨૬૪૪.૭૯ ડૉલર અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૨૬૬૭.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા,જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે રોકાણકારોની નજર આજે મોડી સાંજે જાહેર થનાર જોબ ઓપનિંગ ડેટા, આવતીકાલે જાહેર થનારા એડીપી એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ અને શુક્રવારે જાહેર થનારા પેરોલ ડેટા પર સ્થિર થઈ હોવાનું કેપિટલ ડૉટ કૉમના ફાઈનાન્સિયલ માર્કેટના વિશ્લેષક ક્યેલ રોડ્ડાએ જણાવતાં ઉમેર્યું હતું કે ખાસ કરીને આવતા શુક્રવારે જાહેર થનારા જોબ ડેટાની અસર ફેડરલ રિઝર્વના વ્યાજદરમાં કપાતના નિર્ણય પર જોવા મળશે.

જોકે, ફેડ ગવર્નર ક્રિસ્ટોફર વૉલરે ગઈકાલે જણાવ્યું હતું કે ફુગાવો બે ટકા સુધી ઘટે તેવી ધારણા મૂકાઈ રહી હોવાથી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નકારી ન શકાય. વધુમાં ગઈકાલે ફેડ બૅન્ક ઑફ ન્યૂ યોર્કનાં પ્રેસિડૅન્ટ જ્હોન વિલિયમ્સે આગામી સમયગાળામાં ફેડરલ રિઝર્વ હાલની સમતુલિત અથવા તો ન્યૂટ્રલ નીતિ જાળવી રાખે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. આમ આ નિવદેનો પશ્ચાત્ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો આગામી નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૭૫ ટકા શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા હતા.

આમ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ ૨૫ બેસિસ પૉઈન્ટના કાપની શક્યતા બળવત્તર બની છે, પરંતુ ત્યાર બાદ વર્ષ ૨૦૨૫માં કેવું વલણ અપનાવવામાં આવશે તે અંગે ટ્રેડરો રોકાણકારો અવઢવમાં મૂકાયા છે. તેમ છતાં આગામી સમયગાળામાં ખાસ કરીને ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે યુદ્ધ વિરામ બાદ પણ પરિસ્થિતિ વણસેલી હોવાથી સોનાને સલામતી માટેની માગનો ટેકો મળતો રહેશે, એવું બજાર વર્તુળોનું મંતવ્ય છે.

# કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે ચીનની નિરસ માગ વચ્ચે કોપર સહિતની અમુક ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર લીડ અને ટીનના ભાવમાં જોવા મળેલા અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. સાતના ઘટાડા તેમ જ એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવમાં જોવા મળેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળવાની સાથે વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૩ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા ઘટીને ટનદીઠ ૮૯૯૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ નરમાઈતરફી વલણ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિક ધાતુ બજારમાં વિશ્વ બજાર[illegible] વિપરીત અમુક ધાતુઓમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી આક્રમક લેવાલી નીકળતાં ભાવમાં સુધારો જોવા મળ્યો હતો. તેમાં મુખ્યત્વે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ વધીને રૂ. ૮૧૭, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૭૯૧ અને કોપર સ્ક્રેપ હેવી તથા બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૭૮૩ અને રૂ. ૫૧૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૭૨૮, નિકલ, કોપર આર્મિચર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૬૫, રૂ. ૭૭૫ અને રૂ. ૨૪૯ તથા ઝિન્ક સ્લેબ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૯૦ અને રૂ. ૫૬૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૨૫૨૧ના મથાળે અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની નિરસ માગ રહેતાં લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૮૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૯૫ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં ₹ ૧૦નો ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે વેચવાલીના દબાણ સામે મહારાષ્ટ્રની સ્થાનિક તેમ જ દેશાવરોની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૩૭૫થી ૩૪૨૫માં થયાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં મથકો પરના નિરુત્સાહી અહેવાલ અને માગ મર્યાદિત રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૫૫૨થી ૩૬૬૨ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૬૩૨થી ૩૮૨૨ના મથાળે ટકેલાં રહ્યા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૨૦ વધી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૭૦થી ૩૫૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૪૦થી ૩૬૪૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી તેલમાં નરમાઈ



શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૩૪ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત નિરસ રહેતાં હાજરમાં દેશી-આયાતી તેલના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને આરબીડી પામોલિન, સન રિફાઈન્ડ, સોયા રિફાઈન્ડ, સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે વેપારનો અભાવ હતો અને માત્ર સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપાર થયા હતા. દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર થયેલી ગત નવેમ્બર મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા ઑક્ટોબર મહિનાના ૧૬,૨૪,૨૧૦ ટન સામે ૯.૨૬ ટકા ઘટીને ૧૪,૭૩,૭૬૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, સિંગતેલના રૂ. ૧૪૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૪૧૦ના મથાળે રહ્યાના અહેવાલ હતા. તેમ જ આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૨૫માં ટકેલા ધોરણે થયા હતા. આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે ૨.૭૫ લાખ ગૂણી સોયાસીડની આવકો સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૪૩૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૩૦૦થી ૪૩૫૦માં થયા હતા, જ્યારે આજે રાજસ્થાનના મથકો પર એક લાખ ગૂણી સરસવની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૫૭૫થી ૬૬૦૦માં થયા હતા. આ સિવાય સરસવ એક્સપેલરના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૪૨માં અને કચ્ચી ઘાણીના રૂ. ૧૩૫૨ના મથાળે રહ્યા હતા.



રાજકોટમાં પ્રિ-સ્કૂલ સંચાલકોએ સાંજે બહુમાળી ભવન ચોકથી મૌન રેલી યોજી હતી. સંચાલકોએ સરકારના ૧૫ વર્ષનાં ભાડાં કરાર તેમજ બીયુ સર્ટિ માટેના નવા નિયમોનો વિરોધ કર્યો હતો. (તસવીર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છના સ્મૃતિવન મ્યુઝિયમને ઈન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ એનાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છ-ભુજના સ્મૃતિવન મ્યુઝિયમને તેના ઇન્ટિરિયર્સ માટે યુનેસ્કોનું પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ એનાયત કરવામાં આવ્યું હતું. પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટર ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતને એનાયત થયેલો આ એવોર્ડ રાજ્ય સરકાર વતી રાજયકક્ષાના પ્રધાન જગદીશ વિશ્વકર્માએ જીએસડીએમએના સીઈઓ અનુપમ આનંદ સાથે સ્વીકાર્યો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આ ગૌરવ સિદ્ધિ માટે સ્મૃતિવનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, યુનેસ્કો ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ એવોર્ડ અંતર્ગત ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને ૨૦૨૪ના વર્ષની શરૂઆતમાં વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું. આ પ્રિક્સ વર્સેલ્સ એ વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઇન એવોર્ડ છે અને વિવિધ શ્રેણીઓમાં અસાધારણ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે. મ્યુઝિયમ, એરપોર્ટ, કેમ્પસ, પેસેન્જર સ્ટેશન, રમતગમત સુવિધાઓ, એમ્પોરિયમ, હોટેલ્સ અને રેસ્ટોરાંનો તેમાં સમાવેશ થાય છે.

ગુજરાતમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગોઝારા ભૂકંપે કચ્છને ઘમરોળી નાખ્યું હતું, તે સમયે તેમાં જીવ ગુમાવનારા નાગરિકોના સ્મરણમાં સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્મારકનું લોકાર્પણ કર્યું હતું. ■

# ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનો ચોથો દિવસ: બાળ ફિલ્મોની બાળકોએ મજા માણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ચાલી રહેલા ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલના ચોથા દિવસે વિવિધ વિષયો અને ભૌગોલિક બાબતોની શોધખોળ કરતી ફિલ્મોના સ્ક્રીનીંગ સાથે બાળકોનું મનોરંજન કરવામાં આવ્યું હતું. સ્ક્રિનિંગની શરૂઆત તરુણ જૈનની પ્રેરણાદાયી ટૂંકી ફિલ્મ, બલાડ ઑફ ધ માઉન્ટેન સાથે થઈ, ત્યારબાદ બીજી ટૂંકી ફિલ્મ ડ્રામા (ઈરાનથી), આઈસક્રીમ. આજે ફેસ્ટિવલમાં અન્ય ટાઇટલ સ્ક્રિનિંગમાં ઇન્ડોનેશિયન એનિમેશન શોર્ટ ફિલ્મ દેસા ટિમુન (ધ કાકડી વિલેજ), ભારતની એનિમેટેડ શોર્ટ ફિલ્મ, પ્લેનેટ ટોયઝ અને કાર્યક્રમની અંતિમ ફિલ્મ, ઈરાની ફીચર ફિલ્મ, ઇન ધ આર્મ્સ ઓફ ધ ટ્રીનો સમાવેશ થતો હતો. .

ચોથા દિવસના અન્ય હાઇલાઇટ્સમાં રાઇટર કોર્નરમાં લેખક કુમુદ વર્માએ તેમના પુસ્તક 'આંદામાન: અ માર્વેલસ ચાર્મ' વિશે ચર્ચા કરી હતી. પાછળથી, વિનોદ જોષી, પ્રતાપસિંહ ડાભી, હરીશ મીનાશ્રુ, ઉષાબેન ઉપાધ્યાય, પ્રશાન કિશોર જાદવ અને મુકેશ જોષી જેવા જાણીતા કવિઓ અને લેખકો 'ગીત સંમેલન' સત્ર માટે જોડાયા હતા.

બાળકોના પેવેલિયન 'પ્રજ્ઞા શિબિર'માં ઘણા મનોરંજક શિક્ષણ સત્રો થયાં હતાં, જેમ કે અભિનેતા અર્ચન ત્રિવેદીની 'સંગીતની બાળ કવિતા' અને ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા આયોજિત વિજ્ઞાન સંચાર પરની તાલીમ વર્કશોપ. છબી ગુપ્તાની આગેવાનીમાં અન્ય એક વર્કશોપમાં બાળકોને સ્પેનિશ ભાષાની મૂળભૂત બાબતો પણ શીખવવામાં આવી હતી.

શેફ હિના ગૌતમે તેના પાકકલા પ્લેટફોર્મ 'રસાઈ ઔર કિતાબ' પર 'સત્તુ - પ્રોટીન રિચ હેરિટેજ ઓફ ઈન્ડિયન હેલ્થ' થીમ હેઠળ પોષકરૂપે શક્તિશાળી 'સત્તુ'નું પ્રદર્શન કર્યું હતું, જ્યારે ગુજરાતી ગાયિકા તારિકા જોશીએ સાંસ્કૃતિક મંચ પરથી તેમના ભાવપૂર્ણ ગુજરાતી લોક ફ્યુઝન પર્ફોર્મન્સ સાથે ચોથા દિવસે ઉત્સવનું સમાપન કર્યું હતું. ■

# ભુજની અદાણી જી. કે. જનરલ હોસ્પિટલના બાળકો માટેના એનઆઈસીયુ વોર્ડમાં આગથી ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)


(તસવીર ઉત્સવ વૈદ્ય, ભુજ)

ભુજ: શહેરની અદાણી સંચાલિત જી.કે જનરલ હોસ્પિટલના નવજાત બાળકોના એનઆઈસીયુ વિભાગમાં અચાનક આગ લાગી હોવાના અહેવાલ વહેતા થતા નાસભાગ મચી ગઈ હતી. હોસ્પિટલના એનઆઈસીયુ વિભાગમાં ૩૬ જેટલા બાળકો સારવાર લઈ રહ્યા હતા. જો કે તમામ બાળકો સલામત હોવાનું જાણવા મળ્યું હતું.

અફરાતફરીનાં માહોલ વચ્ચે ફફડી ગયેલા વાલીઓને એનઆઈસીયુ વિભાગમાં મેનેજમેન્ટ દ્વારા પ્રવેશ અટકાવી દેવામાં આવતા આ સંકુલમાં ભારે હોબાળો મચી ગયો હતો. હોસ્પિટલના સ્ટાફ દ્વારા વીડિયો કોલના માધ્યમથી વાલીઓને તેમના બાળકો બતાવી દઈ તમામ બાળકો સલામત હોવાની ધરપત આપી હતી, પરંતુ વાલીઓએ પોતાના બાળકોને મળવા માટે જીદ પકડી રાખતાં સ્ટાફ સાથે ચકમક ઝરી હતી.

વિપક્ષી પાર્ટીના આગેવાનો, સામાજિક કાર્યકરો પણ હોસ્પિટલમાં ધસી આવ્યા હતા. આમ આદમી પાર્ટીની મહિલા હોદ્દેદારો હોસ્પિટલના મેનેજમેન્ટ સામે ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા.

આ બાબતે હોસ્પિટલના બાળ વિભાગના હેડ ઓફ ડીપાર્ટમેન્ટના ડો. રેખાબેને જણાવ્યું હતું કે, હોસ્પિટલના આ વોર્ડમાં ગત રાત્રિથી વીજળીનો પુરવઠો ખોરવાયેલો છે જેથી મલ્ટી પેરા મોનિટર્સ સહિતના મશીનોને ઇન્વર્ટર પર કાર્યરત કરવામાં આવ્યા હતા. લાંબા સમય સુધી વીજ પુરવઠો પૂર્વવત ન થતા બેટરી બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી ત્યારે આગનું માત્ર છમકલું થયું હતું. એનઆઈસીયુમાં સારવાર લઈ રહેલા તમામ ૩૬ બાળકો સલામત હોવાનું તેમણે જણાવ્યું હતું. તે ઉપરાંત ભવિષ્યમાં આવો કોઈ બનાવ બને કે ઈમરજન્સી સર્જાય તો વધારાનું એક એનઆઈસીયુ યુનિટ હોસ્પિટલમાં કાર્યરત કરવાની વિચારણા હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહન પટેલની ઈસાના પ્રમુખપદે વરણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મેઘાલયમાં નોર્થ-ઈસ્ટર્ન હિલ યુનિ.-સિલોંગના યજમાન પદે તથા ગ્લોબલ ઈકોનોમિસ્ટ ફોરમ (ઇન્ડિયા ચેપ્ટર) અને ગુજરાત ઈકોનોમિક્સ એસોસિયેશનના સહયોગથી તાજેતરમાં યોજાયેલા ઈન્ડિયન ઈકોનોમિક એન્ડ એલાઈડ સાયન્સિસ એસોસિયેશન (ઈસા)- નવી દિલ્હીના પાંચમા અધિવેશનમાં 'ઈસા'ના પ્રમુખપદે કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડો.મોહન પટેલની સર્વાનુમતે વરણી કરાઈ હતી. આ કોન્ફરન્સમાં રામકૃષ્ણ મિશન ટ્રસ્ટના મુખ્ય સ્વામી, પૂર્વ કેન્દ્રીય પ્રધાન સંજય પાસવાન, દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમીના ડાયરેક્ટર પુલિન નાયક,મંત્રી આલોક શર્મા અને એનઆઈટીના ડાયરેક્ટર પ્રોફેસર મહંતા સહિતનાઓની ઉપસ્થિતિમાં ડો.મોહન પટેલનું સન્માન કરાયું હતું. ઉત્પાદન અને પુરવઠા શૃંખલામાં સુધારા સાથે સ્થાનિક બજારોને મજબૂત કરવા તથા ભારતના ઉત્પાદનોને વૈશ્વિક બજારનો હિસ્સો બનાવવા ગુણવત્તા પર કઈ રીતે ધ્યાન કેન્દ્રિત કરવું તે સંબંધે એનઆઈટી-સિલોંગ દ્વારા આયોજિત આ કોન્ફરન્સમા સમગ્ર ભારતમાંથી ૬૦૦થી વધુ સભ્યો જોડાયા હતા, જેમાં રાષ્ટ્રીયસ્તરના અર્થશાસ્ત્રીઓ,સમાજ વિજ્ઞાન વિષયના તજજ્ઞો સામેલ થયા હતા. ■

# ભાવનગરની સર ટી હોસ્પિટલ ખાતે તરુણો માટે ખાસ ક્લિનિકનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરની સર ટી હોસ્પિટલ ખાતે ગાયનેક ઓપીડી બિલ્ડિંગમાં ભારત સરકારના રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સરકારી મેડિકલ કોલેજ,ભાવનગરના પી.એસ.એમ વિભાગના તકનિકી માર્ગદર્શન હેઠળ તરુણ-તરુણીઓ માટેના આરોગ્ય વિષયક કાઉન્સેલિંગ તથા સારવાર માટેના ખાસ કિલનિક મૉડેલ-એડોલેસંટ કિલનિક એટલે કે (મોડલ-એડોલેસેન્ટ ફ્રેન્ડલી હેલ્થ રિસોર્સ સેન્ટર)નો તબીબી અધિક્ષક ડો.ચિન્મય શાહ ના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આપણા દેશમાં ૧૦ થી ૧૯ વર્ષની વયના તરુણ-તરુણીઓની વસતી કુલ વસ્તીના ૨૦ ટકા જેટલી છે, તથા તરુણ-તરુણીઓને મૂંઝવતા આરોગ્ય પ્રશ્નો જેમ કે માસિકની સમસ્યાઓ, ડીપ્રેશન,અભ્યાસના ભારણને લીધે આત્મહત્યાના વિચારો આવવા, પોષણ ક્ષમ આહાર તથા તંદુરસ્ત જીવનશૈલી વિશેની માહિતીનો અભાવ,રોડ ટ્રાફિક અકસ્માતો,વ્યસનો વિગેરે ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આવા તરુણ તરુણીઓને એમની આરોગ્ય સમસ્યાઓ માટે કાઉન્સેલિંગની જરૂર હોય છે, અને એમની આરોગ્ય સમસ્યાઓના નિરાકરણ માટે તાલીમ પામેલા કાઉન્સેલરો દ્વારા તરુણ-તરુણીઓની આરોગ્ય સમસ્યાઓનું કાઉન્સેલિંગ કરવામાં આવશે. ■

# મીઠીરોહરનાં એશિયન પેઈન્ટ્સ કંપનીના ગોદામમાંથી ૧૭.૨૬ લાખના કલરની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છમાં પાછલાં કેટલાંક વર્ષોથી તસ્કરીના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે ગાંધીધામ તાલુકાના મીઠીરોહર ખાતે આવેલા એક ગોદામમાંથી રૂ. ૧૭,૨૬,૦૨૮ની કિંમતના એશિયન પેઇન્ટ્સ કંપનીના કલરને લગતી ૧૮૩ જેટલી બાલદીની ચોરીના બનાવ અંગે ચાર શખ્સ વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી.

મીઠીરોહર જી.આઇ.ડી.સી.માં મહાલક્ષ્મી વેરહાઉસ પૈકીના નંબર ૩૪,૩૫માં રિષભ લોજિસ્ટિક નામની પેઢીમાં એશિયન પેઇન્ટસ કલરનું કોન્ટ્રાક્ટ બેઝ પર મેનેજમેન્ટ કરવાનું કામ કરવામાં આવે છે. ગત ૨૬મી નવેમ્બરના રોજ ગોદામમાં રહેલા માલની ગણતરી કરાતાં કલરની બાલદી ઓછી જણાઇ હતી જેથી ગોદામમાં લાગેલા સી.સી.ટી.વી.ના ફૂટેજ તપાસ કરાતાં તેમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરનાર રણછોડ મીઠુ પરમાર કેમેરા બંધ કરતો અને મુખ્ય ગેટ પર વોચ રાખતો જોવા મળ્યો હતો. આ ઉપરાંત પંકજ વિક્રમ રાઠોડ, ભરતનાથ જયેશનાથ નાથબાવા અને દિલીપ વાલજી ગોહિલ નામના શખ્સો ગોદામમાં ઘૂસી તેમાંથી ૨૦ લિટરની અલ્ટીમાં પ્રોટેક્ટની ૧૭,અલ્ટીમા એચ.ક્યુ.-૨ એન.ની ૮૫, રોયલ આર-૧ બી-૧ એનની ૧૯.૫ લિટરની ૫૬,એપેક્ષ ડસ્ટ પ્રૂફની ૨૦,એપ્કોલાઇટની પાંચ એમ કુલ ૧૮૩ બાલદી કિંમત રૂા.૧૭,૨૬૦૨૮નો માલ બોલેરોમાં ભરીને નાસી ગયા હતા. આ ચોરીના બનાવ અંગે ગોડાઉનનું સંચાલન કરનારા વિપુલ શંકર પટેલે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ■

# આડા સંબંધનો લોહિયાળ અંજામ
# ભુજમાં પતિએ કુહાડીના ઘા ઝીંકી પત્નીને મોતને ઘાટ ઉતારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: તાલુકાના જદુરા ગામના સીમ વિસ્તારમાં પતિના અન્ય મહિલા સાથેના આડા સંબંધનો લોહિયાળ અંજામ આવ્યો હોવાની ઘટના બહાર આવતાં ચકચાર પ્રસરી ગઈ હતી. પુત્રી સાથે સીમાડામાં બળતણ માટે લાકડા કાપવા ગયેલા દંપતી વચ્ચે 'પતિ-પત્ની ઓર વો'ના મામલે ઝઘડો થયા બાદ ૩૫ વર્ષીય પત્નીને કુહાડીના ઘા ઝીંકી તેનું ઢીમ ઢાળી દેનારા આરોપી પતિને માનકુવા પોલીસે રાઉન્ડઅપ કરી લીધો હતો.

ફરિયાદી મામદ હનીફ રમજાન થેબાએ માનકુવા પોલીસ મથકે આરોપી સિદ્દીક ઉમર થેબા વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, જદુરા વાડી વિસ્તારમાં રહેનારી ૩૫ વર્ષીય મુમતાજ સિદ્દીક થેબા ગત સોમવારે સવારે પોતાની દીકરી મહેક અને પતિ સાથે સીમમાં લાકડા કાપવા માટે ગઈ હતી તે દરમિયાન પોણા નવ વાગ્યાના અરસામાં પતિ કોઈ મહિલા સાથે ફોન પર વાત કરતો હતો. અને વાત પુરી થયા બાદ કોનો ફોન હતો તે બાબતે પૂછતા બન્ને વચ્ચે થયેલા વિવાદ વચ્ચે ઉશ્કેરાયેલા પતિએ પોતાની પાસે રહેલી ધારદાર કુહાડીના સેંકડો વાર મારીને મુમતાજને રહેંસી નાખી હતી.

મુમતાજને ૧૦૮ મારફતે ભુજની જી.કે.જનરલ હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી.જ્યાં સારવાર દરમિયાન આ મહિલાએ અંતિમ શ્વાસ લેતાં આ સમગ્ર મામલો હત્યામાં ફેરવાયો હતો. કરપીણ હત્યાની પ્રાથમિક તપાસમાં આરોપી પતિને અન્ય મહિલા સાથે આડા સબંધ હોવાનું સામે આવ્યું હોવાનું માનકુવા વિસ્તારના પોલીસ ઇન્સ્પેકટર ડી.એન.વસાવાએ જણાવ્યું હતું. ■

# આઈએએસ નેહા કુમારી મામલે રાજયના પોલીસ વડાને અનુ.જાતિ આયોગની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહીસાગર જિલ્લા કલેક્ટર નેહા કુમારીએ તાજેતરમાં દલિત યુવક સાથેના તેમના કથિત ગેરવર્તનને લઈને વિવાદમાં આવ્યા બાદ આ મામલે નવો વળાંક આવ્યો હતો. કલેકટર નેહા કુમારી વિરુદ્ધ પોલીસમાં કરવામાં આવેલી લેખિત ફરિયાદ મામલે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ દ્વારા આઈએએસ નેહા કુમારી મામલે રાજ્યના પોલીસવડાને નોટિસ આપવામાં આવી હતી.

૨૩ ઓકટોબરના રોજ બનેલી ઘટનાને પગલે મહીસાગર જિલ્લા કલેકટર તરીકે ફરજ બજાવતા આઈએએસ નેહા કુમારી વિવાદમાં આવ્યા હતા. વિજય પરમાર નામના એક દલિત યુવાનને કથિત ગાળો બોલતો આ મહિલા અધિકારીનો વીડિયો ખૂબ વાયરલ થયો હતો. એમાં તેઓ કથિત રીતે વિજયને ચપ્પલથી મારવાની વાત કરતા તેમજ હરામી કહેતા સંભળાય છે. એટલું જ નહિ, તેઓ વકીલોને પણ ચપ્પલથી માર ખાવાને લાયક છે એવી વાત કરે છે.

વધુમાં તેઓ એવું કહેતા સંભળાય છે કે, દલિતો અને આદિવાસીઓ દ્વારા કરવામાં આવતા એટ્રોસિટીના કેસો બ્લેકમેઇલ માટે કરવામાં આવે છે. આ મુદ્દે જ્ઞાતિ નિર્મૂલન સમિતિના આગેવાન સંજય પરમારે રાષ્ટ્રીય અનુસૂચિત આયોગ સમક્ષ કરેલી રજૂઆતને પગલે આયોગે રાજ્યના પોલીસ વડાને નોટિસ ફટકારી આ મુદ્દે ખુલાસો માગ્યો હતો. આ મુદ્દે વધુ સુનાવણી પણ થઈ શકે છે. ■

# ખોડલધામ - સરદારધામના આગેવાનોની સંયુક્ત બેઠકનો તખ્તો તૈયાર: ગાઈડલાઈન ઘડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટીદાર સંસ્થા સરદારધામના ઉપપ્રમુખ જયંતી સરધારા તથા પોલીસ ઈન્સ્પેક્ટર સંજય પાદરિયાના વિવાદને કારણે ખોડલધામ તથા તેના ચેરમેન નરેશ પટેલ સામે આંગળી ચિંધાયા બાદ તેનું સુરસુરિયું થતા સરધારાની પડખે ચડેલા સમાજના જ આગેવાનો ઉપરાંત પોલીસ માટે પણ નીચાજોણાપણું થયું હતું.

ભવિષ્યમાં કોઈપણ સંસ્થા કે હોદ્દેદારો ખોટા વિવાદમાં ન સપડાય તે માટે ખોડલધામ-સરદારધામ જેવી સંસ્થાઓએ એક પ્લેટફોર્મ પર નવી ગાઈડલાઈન બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. બન્ને સંસ્થાઓની સંયુક્ત બેઠક તુર્તમાં યોજાશે અને તેમાં ઉપસ્થિત કોમન નીતિ નિયમો ઘડવામાં આવે તેવી સંભાવના છે.

પાટીદાર સંસ્થાના સૂત્રોએ જણાવ્યું હતું કે, જયંતી સરધારા તથા સંજય પાદરિયા વચ્ચેની મારામારીની ઘટના બાદ સંસ્થાને વિવાદમાં ઢસડવાનો પ્રયાસ થતા માત્ર હોદ્દેદારો જ નહીં પરંતુ સમાજમાં પણ તીવ્ર પ્રત્યાઘાતો પડયા હતા. સમગ્ર ઘટનાનું બે દિવસ ચિત્ર સ્પષ્ટ થતા તથા વિવાદ ઊભો કરવાનો પ્રયાસ હોવાની છાપ ઉપસતા સમાજમાં જ ઘણી નારાજગી ઊભી થઈ છે.

ખોડલધામ તથા સરદારધામ બન્ને પાટીદારોની જ સંસ્થા છે અને રાજયભરના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ, આગેવાનોથી માંડીને સામાન્ય લોકો તેમાં જોડાયેલા છે. બન્ને સંસ્થાઓનો ઉદેશ સમાજના વિકાસનો જ હોવાથી અનેક આગેવાનો તો બન્ને સંસ્થાઓ સાથે જોડાયેલા છે. કોઈ વિવાદના સંજોગોમાં આવા આગેવાનોની હાલત કફોડી બની જતી હોય છે.

રાજકોટની ઘટના બાદ ભવિષ્યમાં તેનું પુનરાવર્તન રોકવા માટે આગેવાનોએ કોમન ગાઈડલાઈનનો વિચાર રજૂ કર્યો હતો. ખોડલધામ તથા સરદારધામ એમ બન્ને સંસ્થાઓના વડાઓએ આ પહેલને વધાવીને તે દિશામાં આગળ વધવાનું નક્કી કર્યુ છે.

સૂત્રોએ જણાવ્યું છે કે, ખોડલધામ તથા સરદારધામ એમ બન્ને સંસ્થાના આગેવાનો-પ્રતિનિધિઓની સંયુક્ત બેઠક થશે. સંસ્થાઓ કોઈ વિવાદમાં ન ઢસડાઈ કે આવો પ્રયાસ પણ સફળ ન થાય સહિતના અનેકવિધ મુદાઓ પર ચર્ચા-વિચારણા કરીને વિસ્તૃત ગાઈડલાઈન તૈયાર કરવામાં આવે તેવી સંભાવના છે. બન્ને સંસ્થાઓ રાજકોટ, અમદાવાદ, સુરત સહિત રાજયભરમાં સક્રિય છે અને મોટા પ્રોજેકટો હાથ પર લઈ રહી છે તેવા સમયે સંયુકત ગાઈડલાઈન સમાજ અને સંસ્થાઓના જ હિતમાં રહેશે. ■

# રાજકોટમાં સસ્પેન્ડ પીઆઈ પાદરિયા જામીન પર છૂટ્યા: પરિવારે ફૂલહારથી સ્વાગત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં ચર્ચાસ્પદ સરદારધામના ઉપપ્રમુખ ઉપર જીવલેણ હુમલાની ઘટનામાં પી.આઈ સંજય પાદરિયા સામે હત્યાની કોશિશની કલમ રદ કરવાનો પોલીસે રિપોર્ટ કર્યા બાદ કોર્ટે હત્યાની કોશિશની કલમ રદ કરવા હુકમ કર્યા બાદ સી-સમરી ભરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના હુકમ બાદ સાંજે પી.આઈ સંજય પાદરિયા તાલુકા પોલીસ મથકમાં હાજર થયા હતા. પોલીસે તેમને નોટિસ પાઠવી તેમને જમીન મુક્ત કર્યા હતા અને ફરી હાજર થવા નોટિસ આપી હતી. પીઆઈ સંજય પાદરિયાને નોટિસ આપી જવા દેવામાં આવ્યા બાદ પરિવારજનો અને તેમના સમર્થકોએ તેમનું ફૂલહારથી સ્વાગત કરી ફટાકડા ફોડ્યા હતા જેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

સરદારધામના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર જયંતીભાઈ સરધારા અને જૂનાગઢના પીઆઈ સંજય પાદરિયા વચ્ચે ગત ૨૫/૧૧ના રોજ થયલી માથાકૂટ બાદ પી.આઈ પાદરિયા દ્વારા જયંતીભાઈ સરધારા ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યાની ફરિયાદ બાદ આ મામલે પોલીસે ઉતાવળમાં પીઆઇ સંજય પાદરિયા વિરુદ્ધ હત્યાની કોશિશ જેવી ગંભીર કલમનો ગુન્હો નોંધ્યો હતો. બીજી બાજુ આ બનાવમાં પોલીસે ઉતાવળે ગંભીર કલમ હેઠળ ગુનો નોંધ્યાની વાતો વહેતી થઈ હતી. આ મામલે ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ ફરી તપાસના આદેશ આપતા સમગ્ર મામલે તબીબી રિપોર્ટ આધારે જયંતીભાઈ સરધારાને થયેલ ઈજા જીવલેણ નહીં હોવાનું અને પીઆઈ સામે હત્યાની કોશિશની કલમ રદ કરવા પોલીસ દ્વારા કોર્ટમાં રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

બીજી બાજું પી.આઈ સંજય પાદરિયાનો જામીન પર છુટકારો થયાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા હતા. જેમાં પી.આઈ સંજય પાદરિયાના સમર્થકો દ્વારા ફટાકડા ફોડી અને પેંડા વેચી તેમના મુક્તિની ઉજવણી કરવામાં આવી હતી. સંજય પાદરિયા પોતાના ઘરે પહોંચ્યા ત્યારે બહોળી સંખ્યામાં સમર્થકોએ તેમનો અદકેરુ સ્વાગત કરી કુમકુમ તિલક કરીને તેઓને ઘર વાપસીને વધાવવામાં આવી હતી. ■

# સુરેન્દ્રનગર એલસીબી, એસઓજી, લખતર પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: લખતર શહેરમાં ફાયરિંગની ઘટના બની હતી. ગેસ્ટ હાઉસના રૂમમાં બેઠેલા ગેસ્ટ હાઉસના માલિક ઉપર તાલુકાનાં જ દેવળિયા ગામનાં શખસે ફાયરિંગ કર્યું હોવાનો બનાવ બન્યો હતો, જેને પગલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાને લઇને પોલીસ વિભાગ એલર્ટ થયો હતો. પોલીસે ૧ આરોપીની ધરપકડ કરી હતી, જેના ૨ દિવસના રિમાન્ડ કોર્ટ દ્વારા મંજૂર કરાયા હતા. લખતર ખાતે કોન્ટ્રાક્ટર અને ગેસ્ટ હાઉસ માલિક ભરતસિંહ પરમાર અને દેવળિયા ધર્મેન્દ્રસિંહ રાણા વચ્ચે ચારેક દિવસ ટેલિફોનિક બોલાચાલી અગાઉ થઈ હતી, જેને પગલે ધર્મેન્દ્રસિંહના ભાઈ અજયસિંહ રાણા અને અન્ય શખસે ભરતસિંહ ગેસ્ટ હાઉસે હતા ત્યારે રૂમમાં આવી ફાયરિંગ કર્યું હતું, જેમાં ભરતસિંહને ઈજાઓ પહોંચી હતી.

આ અંગે ભરતસિંહ દ્વારા લખતર પોલીસ સ્ટેશનમાં ધર્મેન્દ્રસિંહ, અજયસિંહ અને અજાણ્યા શખસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ત્યારે લખતર પોલીસે ધર્મેન્દ્રસિંહ રાણાને ઝડપી પાડ્યા હતા, જેઓને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરતા કોર્ટ દ્વારા બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે અન્ય બે આરોપીને પકડવા તજવીજ હાથ ધરી હતી. સુરેન્દ્રનગર એસઓજી, એલસીબી, લખતર પોલીસ દ્વારા ફાયરિંગના બનાવ બાદ સતત શહેરમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું. ■

# અંજારના રાપર ખોખરા ગામમાં દેશી દારૂના અડ્ડા પર સ્થાનિક પોલીસનો દરોડો: ૪૨,૫૦૦ના 'લઠ્ઠા' સાથે એક શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના અંજાર તાલુકાના રાપર ખોખરા ગામમાં ગીચ બાવળોની ઝાડીમાંથી પોલીસે છાપો મારીને રૂા. ૪૨,૫૦૦નો આથો તેમજ લઠ્ઠા તરીકે પ્રચલિત દેશી દારૂ સાથે એક શખ્સને દબોચી લીધો હતો, જયારે દરોડા સમયે હાજર ન મળી આવેલા મુખ્ય સૂત્રધારની શોધખોળ આદરવામાં આવી છે.

સ્થાનિક પોલીસ પાસેથી પ્રાપ્ત મળતી માહિતી મુજબ, અંજારના રાપર ખોખરા ગામના ખારા તળાવ પાસે બાવળોની ઝાડીમાં મોડીરાત્રે કાર્યવાહી કરી અહીં પાંચસો રૂપિયામાં મજૂરી કરનાર નવીન જીવા કોળીની અટક કરી હતી જ્યારે દેશી દારૂનો ધંધો કરનાર મુખ્ય આરોપી મોહનસિંહ ગેમુભા ચાવડા ત્યાં હાજર મળ્યો ન હતો. આ જગ્યાએથી ૧૦૦ લિટર ગરમ આથો, ૮૦૦ લિટર ઠંડો આથો તથા તૈયાર દેશી દારૂ ૧૦૦ લિટર એમ કુલ રૂા. ૪૨,૫૦૦નો દેશી દારૂનો સામાન જપ્ત કરાયો હતો. ■